રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## સન્માનિત થતી 'લોકભારતી'

'એજ્યુકેશન વર્લ્ડ' સામાયિક દ્વારા સન્માનિત દેશની ૧૦ શ્રેષ્ઠ શિક્ષણ-પ્રણાલી ધરાવતી
યુનિવર્સિટીઓમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરતી લોકભારતી યુનિવર્સિટી



સ્થળ : ન્યુ દિલ્હી

તારીખ : ૨૭-૦૫-૨૦૨૩, શનિવાર

વર્ષ: ૭૬ અંક : ૧૧ ૧૫ જૂન, ૨૦૨૩

## લોકભારતીના પ્રાકૃતિક ભાવાવરણમાં યોજાયું નચિકેતા સ્કૂલિંગ સિસ્ટમનું ત્રિ-દિવસીય શિક્ષણકળાનું ઊજવણું














# કોડિયું

વર્ષ : ૭૯ | જૂન : ૨૦૨૩ | અંક : ૧૧


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **આપણે છેલ્લે ક્યારે ભૂલા પડ્યા હતા?**<br>રોહિત શાહ | ...૪૬૬ |
| ૦૨ | **નાસાની માનવ-કૉમ્પ્યુટર કેથેરિન જહોનસન**<br>મુનિ દવે | ...૪૬૮ |
| ૦૩ | **ગુજરાતી લેખનશૈલી**<br>ડૉ. બળવંતભાઈ તેજાણી | ...૪૭૨ |
| ૦૪ | **ઊર્જાવાન નારીઓઃ આશાદેવી આર્યનાયકમ**<br>ટીના દોશી | ...૪૭૫ |
| ૦૫ | **મોજીલી નેસયાત્રા**<br>ડૉ. ભાવના પાઠક | ...૪૭૮ |
| ૦૬ | **ભૂરી છત્રી**<br>રસ્કિન બૉન્ડ અનુવાદ : ડંકેશ ઓઝા | ...૪૮૧ |
| ૦૭ | **છાત્રાલય-કેળવણીનું ફળદાયી પરિણામ**<br>ડૉ. નીતિન ભીંગરાડિયા | ...૪૮૪ |
| ૦૮ | **વિષય સાથે આત્મીયતાના અનુબંધની યાત્રા**<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૪૮૮ |
| ૦૯ | **૨૧મી સદીનું ફળપાક : ડ્રેગનફ્રુટ**<br>વીરાભાઈ બી. ચાવડા | ...૪૯૧ |
| ૧૦ | **ગાંધીવિચારનું અમલીકરણ કેવી રીતે કરશો?**<br>રાજુલ દવે | ...૪૯૪ |
| ૧૧ | **એકલા પડી જવું**<br>ડૉ. બી. એમ. શેલડિયા | ...૪૯૭ |
| ૧૨ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૫૦૦ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


◆ **સૂચના** ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### લોકભારતીત્વનાં પોખણાં

આજકાલ ધો. ૧૦ અને ધો.૧૨નાં પરિણામોની મોસમ ચાલી રહી છે. નવા પ્રવેશ માટે પ્રલોભનભરી લલચાવનારી જાહેરાતો તમામ સમૂહમાધ્યમોને સારી આવક કરાવી રહી છે! ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા, મણાર અને માઈધાર સહિતની આપણી લોકશાળાઓના ધો. ૧૦ અને ધો. ૧૨નાં પરિણામો વર્ષોથી ૯૮થી ૧૦૦ ટકા વચ્ચે રહ્યાં છે. સમૂહજીવન, ગૃહકાર્ય, શરીરશ્રમ અને વર્ષ દરમિયાન થતી કુલ પચાસેક જેટલી ઈતર પ્રવૃત્તિ કરતાં કરતાં આવું સાતત્યપૂર્ણ પરિણામ વર્ષોથી આવી રહ્યું છે તે આ શિક્ષણપ્રણાલીની ઉપલબ્ધિ છે. આથી મોટી સાબિતી શું હોઈ શકે? સવાલ છે વાસ્તવિકતાના સ્વીકારનો!

જીવાતા જીવન સાથે અનુબંધ સાધી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા અપાતી આપણી અનુભવજન્ય કેળવણી, આપણા છાત્રાલય, સમૂહજીવનના પ્રયોગો, લોક-૧ ઘઉં અને લોક-વિજ્ઞાનના કાર્ય દ્વારા લોકભારતી રાષ્ટ્રીય સ્તરે ખૂબ પ્રતિષ્ઠા પામી છે. આ જ પરંપરાને હમણાં 'લોકભારતી યુનિવર્સિટી'એ એક ડગલું આગળ વધારી છે. છેલ્લાં ઘણાં વર્ષોથી 'એજ્યુકેશન વર્લ્ડ' નામનું સામાયિક રાષ્ટ્રીય સ્તરે શાળા, કૉલેજ અને યુનિવર્સિટીઓનું વિવિધ પાસાંઓ આધારિત મૂલ્યાંકન કરી તેમનું દિલ્હી ખાતે બહુમાન કરે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૪ નામની એક સર્વે સંસ્થા દ્વારા દેશની યુનિવર્સિટીઓનો વિવિધ રીતે અભ્યાસ કરવામાં આવ્યો જેમ કે કેમ્પસ ડિઝાઈન, શિક્ષણમાં ટૅકનૉલૉજીનો ઉપયોગ, સંશોધન, પરદેશની યુનિવર્સિટીઓ સાથે જોડાણ, કૌશલ્યશિક્ષણ અને સમાજમાં પ્રદાન, રોજગારલક્ષી અભ્યાસક્રમો વગેરે. કુલ ૧૦૦૦૦ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, ઉદ્યોગજગતના કર્મચારીઓનો રાષ્ટ્રવ્યાપી સર્વે બાદ દરેક ક્ષેત્રની ઉત્તમ ૧૦ યુનિવર્સિટીને સન્માનિત કરવામાં આવી.

લોકભારતી યુનિવર્સિટીને શ્રેષ્ઠ શિક્ષણ-પ્રણાલી કેટેગરીમાં ભારતની કુલ દસ યુનિવર્સિટીઓમાં તૃતીય સ્થાન બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. અહીં નોંધનીય બાબત એ છે કે આ કાર્યક્રમમાં દેશની નામાંકિત યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો જેમ કે એમીટી યુનિવર્સિટી, આઈ.આઈ.ટી. દિલ્હી, બીટ્સ પીલાની, અશોકા યુનિવર્સિટી, વર્લ્ડ યુનિવર્સિટી ઓફ ડિઝાઈન, પીડીઈયુ, રવીન્દ્રનાથ ટાગોર યુનિવર્સિટી વગેરે. લોકભારતી સંસ્થાનો ઈતિહાસ હંમેશાં ગામડાંના વિદ્યાર્થીઓને કૌશલ્યવાન બનાવીને સમાજને જાગૃત નાગરિક અર્પણ કરવાનો રહ્યો છે. એવોર્ડ સમારોહમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ પર દીર્ઘ સંવાદનું આયોજન કરવામાં આવેલું જેમાં એક ચર્ચાએ સૌનું ધ્યાન ખેંચ્યુ કે સંશોધન, ગ્રાંટ, સ્પર્ધા કે નોકરીની ભાગદોડમાં શિક્ષણ સંસ્થાઓ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર કામ કરવાનું કેમ ચૂકી જાય છે? ત્યારે ઑક્સફર્ડ યુનિવર્સિટીના મૂળ ભારતીય પ્રો. પ્રીતમે કહ્યું કે એના માટે 'અધ્યાપકોનું અને વિદ્યાર્થીઓનું એક કેમ્પસ પર સાથે રહેવું અનિવાર્ય છે!'

લોકભારતી યુનિવર્સિટીને ભલે એક જ વર્ષ થયું હોય પણ ૭૦ વર્ષના જીવનલક્ષી કેળવણીનાં નીભાડામાં પાકેલું 'લોકભારતીત્વ' લોકભારતી યુનિવર્સિટીનું જન્મદાતા છે. રાષ્ટ્રીય કક્ષાએ મળેલું આ સન્માન 'લોકભારતીત્વ' નામની શિક્ષણજગતની સર્વશ્રેષ્ઠ એવી શાશ્વત ચેતનાનું સન્માન છે. લોકભારતીના તમામ દાદાઓ, ટ્રસ્ટીઓ, શુભેચ્છકો, દાતાઓ, વર્તમાન અને ભૂતપૂર્વ તમામ નાનામોટા કાર્યકરો અને વિદ્યાર્થીઓ સહિત લોકભારતીના ભાવાવરણના ચરણોમાં સમર્પિત છે આ સન્માન. ઘણું જીવો લોકભારતીત્વ!

—

## ૦૧ આપણે છેલ્લે ક્યારે ભૂલા પડ્યા હતા?

**રોહિત શાહ**

માણસ તરીકેનું જીવન જીવવું એ સામાન્ય ઘટના નથી, બહુ મોટો પડકાર છે. વળી યુગે-યુગે એ પડકાર નવું સ્વરૂપ ધારણ કરે છે. કારણ કે દરેક નવો યુગ નવી સગવડો-સુવિધાઓની સાથે સાથે નવી સમસ્યાઓ પણ લઈને જ આવતો હોય છે.

પ્રાચીન યુગમાં લગભગ સદી બદલાય ત્યારે જમાનો બદલાતો હતો! પછી પચાસ વર્ષે જમાનો બદલાવવા લાગ્યો... પછી પચ્ચીસ વર્ષે, દસ વર્ષે, પાંચ વર્ષે જમાનો બદલાવા લાગ્યો. આજે તો દર વર્ષે જમાનો બદલાતો આપણે સૌ અનુભવી રહ્યાં છીએ!

કૉમ્પ્યુટર અને ઈન્ટરનેટ આજના માનવજીવનના શ્વાસ અને ઉચ્છવાસ બની ગયાં છે. આપણી લાઈફ માત્ર કોમ્પિટિશન બની ગઈ છે. આપણે એ કોમ્પિટિશન જીતવાની લાહ્યમાં જીવવાનું ચૂકી રહ્યાં છીએ. માત્ર લાઈફસ્ટાઈલ નથી બદલાઈ, કલ્ચર પણ બદલાઈ રહ્યું છે.

ભૂતકાળમાં સંતાનનાં લગ્ન કરવામાં ખાસ કોઈ તકલીફ પડતી નહોતી. સગાં-સ્વજનો પણ યોગ્ય કન્યા કે મુરતિયો શોધવામાં મદદરૂપ થતાં હતાં. સાથે-સાથે એ જમાનામાં છૂટાછેડા જલદી થતા નહોતા. સમાજમાં પ્રતિષ્ઠા ખોવાનો ભય પતિ-પત્નીને જોડી રાખતો હતો. એ વખતે પણ બંને વચ્ચે મતભેદ, અસંતોષ અને બીજું ઘણુંબધું હતું જ; પરંતુ એ નિભાવી લેવામાં ખાનદાની ગણાતી હતી. આજની ટ્રેજેડી એ છે કે સંતાનોનાં લગ્ન ઝડપથી થતાં નથી અને છૂટાછેડા ફટાફટ થઈ જાય છે! સગાં-સ્વજનો હવે જોડી મેળવી આપવાની ‘નકામી લપ’માં પડવા તૈયાર નથી, એટલે ઝડપથી લગ્ન થતાં નથી અને પતિ-પત્નીને સમાજમાં પોતાની આબરૂ જવાનો ભય રહ્યો નથી, વળી આર્થિક રીતે મોટાભાગે બંને જણ સેલ્ફ-ડિપેન્ડન્ટ છે અને એમને માત્ર પોતાના સુખની પરવા છે. એટલે કોમ્પ્રોમાઇઝ કરવા બિલકુલ તૈયાર નથી, પરિણામે છૂટાછેડા થઈ જાય છે!

ભૂતકાળમાં વૃદ્ધાશ્રમ નહોતા. પછી વૃદ્ધાશ્રમ શરૂ થયા તો પણ સંતાનો એમને વૃદ્ધાશ્રમમાં મોકલતી વખતે ‘સમાજ શું કહેશે’ એવો ભય અનુભવતાં. આજે તો વૃદ્ધાશ્રમ જાણે કોઈ કલંક નહીં, પરંતુ નવી સામાજિક વ્યવસ્થા હોય એવું સૌને લાગે છે. ભવિષ્યમાં કોઈ સંતાન એનાં ઘરડાં મા-બાપને વૃદ્ધાશ્રમમાં ન મોકલે એ વિસ્મયની વાત બની રહેશે.

ભૂતકાળમાં વિદ્યાર્થી ગેરશિસ્ત આચરે કે અપરાધ કરે તો શિક્ષક એને સજા કરી શકતો હતો, આજે કોઈ ઉદ્ધત વિદ્યાર્થી શિક્ષકને થપ્પડ મારી દે તોપણ શિક્ષકે કાયદા સામે લાચાર રહેવું પડે એવી પરિસ્થિતિ છે ! ‘સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રૂમઝૂમ’ ઉક્તિ આજે હાસ્યાસ્પદ જ નહીં, ઘૃણાસ્પદ બની ગઈ છે.

ભૂતકાળમાં સંયુક્ત પરિવાર હતાં, ઘરમાં સંકડાશ પણ હતી છતાં સૌને મહેમાનોની પ્રતીક્ષા રહેતી હતી. આજે પતિ-પત્ની અને એક જ સંતાનના પરિવારમાં મહેમાન માટે કોઈ જગ્યા રહી નથી. નાઈટહોલ્ટ કરે એવા મહેમાન હવે ભાગ્યે જ જોવા મળે છે. મહેમાનોને ઘરે રસોઈ બનાવીને જમાડવાની પરંપરા હવે વાસી લાગે છે. કોઈ યજમાન મહેમાનને હોટલમાં જમાડવાના બદલે પોતાના ઘરે જમાડે તો યજમાન કંજૂસ હોય એવી છાપ પડે છે. આગ્રહ કરીકરીને અતિથિને ભોજન કરાવવાનો આનંદ ગુમાવ્યાની વ્યથા પણ હવે આપણને રહી નથી. ખાસ અવસર-પ્રસંગ હોય ત્યારે જ સૌને મળવાનું. એ સિવાય એકબીજાના ઘરે જવાનું પણ આપણને હવે જૂનવાણી લાગવા માંડ્યું છે.

ભૂતકાળમાં ગામના ચોરે કે શહેરમાં શેરી-પોળના નાકે મિત્રો કશાય કારણ વગર ટોળે વળીને મોજ માણતા હતા. આજે સોશિયલ મીડિયાના પ્લેટફૉર્મ પર ભલે હજારો મિત્રો અને ફોલોઅર્સ હોય, પરંતુ જેને હૈયાની ખાનગી વાત કહી શકાય અને ચોવીસ કેરેટનું આશ્વાસન જ્યાંથી મળવાની સંભાવના હોય એવો, આપણા ખભે હાથ મૂકનારો કોઈ મિત્ર નથી.

ભૂતકાળમાં બહાર ક્યાંક ફરવા ગયા હોઈએ ત્યારે રસ્તો ભૂલી જવાની અને કોઈકને રસ્તો પૂછવાની પણ મજા

હતી. એ બહાનેય કોઈ અજાણ્યા આદમી સાથે બે ઘડી વાત તો કરી શકાતી નથી. આજે જીપીએસની આંગળી પકડીને આપણે જગતના કોઈ પણ ખૂણામાં પહોંચી શકીએ છીએ. ભૂલા પડવાનું સુખ હવે આપણે ભૂલી ગયા છીએ... યાદ તો કરો, આપણે છેલ્લે ક્યારે ભૂલા પડ્યા હતા!

ભૂતકાળમાં કોઈ નવા વિષય કે અજાણી ઘટના વિશે જાણવું હોય તો દિવસો સુધી ભારે પરિશ્રમ કરવો પડતો હતો. હવે ગૂગલ-ગુરુના આશીર્વાદથી તમામ પ્રકારના જ્ઞાનનો ખજાનો આપણા અંગૂઠાના ટેરવા આવીને બેસી ગયો છે!

ગીત-સંગીતની દુનિયામાં પણ કેટલું બધું પરિવર્તન આવી ગયું છે! આજે પણ લગ્ન વખતે કન્યાવિદાયના પ્રસંગે 'બાબુલ કી દુઆયેં લેતી જા...' ગીત વાગે છે અને કોઈના બર્થ-ડે પ્રસંગે 'તુમ જીયો હજારો સાલ, સાલ કે દિન હો પચાસ હજાર...!' ગીત સાંભળવા મળે છે ત્યારે જૂના સંગીતની ભીનાશથી આપણે ભાવતરબોળ થઈ જઈએ છીએ. કોઈને એપ્રિલફુલ બનાવતી વખતે પણ 'એપ્રિલફુલ બનાયા તો ઉનકો ગુસ્સા આયા!' ગીત યાદ આવે છે. સ્વતંત્રતા દિવસ કે ગણતંત્ર દિવસ ઉજવવાનો હોય ત્યારે રાષ્ટ્રભક્તિનાં જૂનાં ગીતો આજે પણ મેદાન મારી જાય છે. ગાંધીજીનો બર્થ-ડે હોય એટલે 'દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ, સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ!' ગીત ચારે બાજુ સાંભળવા મળે જ! એ જ રીતે ઉત્તરાયણના દિવસે 'ચલી ચલી રે પતંગ મેરી ચલી રે...' અને હોળીના દિવસે 'અરે જા રે હટ નટખટ, ના છૂ રે મેરા ઘૂંઘટ...' અથવા 'હોલી આઈ રે, કન્હાઈ હોલી આઈ રે...' વગેરે જૂનાં ગીતોની તોલે આવે એવું નવું કોઈ ગીત સાંભળવા મળતું નથી. નવાં ગીતોમાં પણ કેટલાંક ગીતો અર્થસભર અને મધુર હોય છે, પરંતુ એમનું આયુષ્ય ખૂબ ટૂંકું હોય છે. ગઈકાલે ધૂમ મચાવતું ગીત આજે યાદ રહેતું નથી અને આજે સુપરહીટ બનેલું ગીત આવતીકાલે વિસરાઈ જાય છે. 'નાગિન'ની ટ્યૂનનો તો આજે પણ કોઈ વિકલ્પ નથી. જ્યારે ૫૦ કે ૭૦ વર્ષ જૂનાં ફિલ્મીગીતો અને કાવ્યો આજે પણ આપણાં મન-હૃદયને ભાવવિભોર કરે છે. એક તરફ નવાં અર્થસભર અને મધુર ગીતો નથી બનતાં એનો અફસોસ તો છે જ, બીજી તરફ જૂનાં ઉત્તમ ગીતોનું મારી-મચડીને રિમિક્સ કરીને એ ગીતોને બગાડવામાં આવે છે એનો ખેદ થાય છે. જ્યારે ઇન્સ્ટ્રુમેન્ટ્સ અને રેકોર્ડિંગ વગેરેની સુવિધા નહોતી ત્યારે દરેક ગીતની જે રીતે માવજત થતી હતી, તે આજે અપરંપાર સુવિધાઓ હોવા છતાં થતી લાગતી નથી. ગીત-સંગીત હવે કલા નહીં, વેપાર બની ગયું છે.

યાદ કરો, તમે છેલ્લે ક્યારે કોઈને ટપાલ લખી હતી? દૂર વસતા દીકરાનો પત્ર માતાના હૃદયના ધબકારાનો લય બદલી નાખતો હતો. ભૂતકાળમાં એક પોસ્ટકાર્ડની કિંમત તો માત્ર ૧૫ પૈસા હતી, પણ માતા-પિતાના આશીર્વાદથી એ અણમોલ બની જતું હતું! આજે કેટલાં લવર્સ પરસ્પરને લવલેટર લખતાં હશે ? લગ્ન પછી પત્ની પહેલી વખત થોડાક દિવસ પિયર જાય ત્યારે પતિ-પત્નીની સંવેદના બંધ કવરમાં ટપાલ દ્વારા એકબીજાના હાથમાં પહોંચતી હતી. એમાં પ્રતીક્ષા કેટલી પ્રબળ હતી! લવલેટર તો ગયા, પણ હવે એ રોમાંચક પ્રતીક્ષા પણ ગઈ! ભૂતકાળમાં કોઈ મહેમાનને વિદાય આપતી વખતે અચૂક કહેવાતું કે, 'પહોંચીને ટપાલ લખજો.' હવે તો પ્રવાસ દરમિયાન મહેમાન કેટલે પહોંચ્યા, એમણે શું શું ખાધું-પીધું, એમને રસ્તામાં કેવી તકલીફ પડી અથવા કેવી મજા પડી એ બધી માહિતી લાઈવ મળતી રહે છે. હવે કોઈ એવી ફરિયાદ કરતું નથી કે તમારું મોઢું જોયાને આટલાં વર્ષ અથવા આટલા મહિના વીતી ગયાં! વિડીયોકૉલની સુવિધાએ એ ફરિયાદનું નામોનિશાન મિટાવી દીધું છે!

કેટકેટલું બદલાઈ ગયું છે !

આજના 'ઓનલાઇન'ના અને સાયબર યુગમાં બાળકનું ઘડતર કરવા માટે પેરેન્ટ્સ પૂરતો સમય આપી શકે તેમ નથી, એ એક સમસ્યા છે. કદાચ પેરેન્ટ્સ ગમે તેટલો સમય આપે તોપણ હવે બાળકનું સર્વાંગી અને સંપૂર્ણ ઘડતર શક્ય નથી. બાળકને બગાડનારાં અને બહેકાવનારાં પરિબળો ચારે બાજુથી પ્રબળ અને વિકરાળ સ્વરૂપે ઘેરી વળ્યાં છે. જીવનના બદલાતા વહેણ સાથે કદમ મિલાવીને, સામે આવતા નવાનવા પડકારો પાર કરીને, માત્ર જીવવાનું નથી; ઝઝૂમવાનું છે અને જીતવાનું પણ છે !

('અનેકાંત' ડી-૧૧, રમણકલા એપાર્ટમેન્ટ, વિજયનગર મેટ્રો સ્ટેશન પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩, મો. ૯૪૨૮૫ ૬૮૩૬૮)

## ૦૨ નાસાની માનવ-કોમ્પ્યુટર કેથેરિન જહોનસન

**મુનિ દવે**

(ગતાંકથી ચાલુ લેખઃ૩)

કેથેરિન સ્પેસ ટૅક્નૉલૉજીની જરૂરિયાતો માટેનાં પ્રવચનો અને શોધ-નિબંધોને રજૂ થતા પહેલાની પ્રાથમિક સમીક્ષા કરવા એન્જિનિયરો સાથે બેસતી. કેથેરિન પોતાની ટેવ મુજબ એન્જિનિયરોની સૂચનાઓ ધ્યાન દઈને સાંભળતી, તેના વિશે પ્રશ્નો કરતી જેથી દરેક બાબતો કેવી રીતે કામ કરે છે તે વિષેની પોતાની સમજ ઊંડાણ સાથે વિકસે.

તેને સમજવામાં રસ હતો કે ઉપગ્રહનો પથ નક્કી કરવામાં પૃથ્વીની ઉપર-નીચેની ચપટી બાજુ, એલિવિશેન ખૂણો, વગેરે શા માટે ગણત્રીમાં લેવાનાં? તેને ઘણા પ્રશ્નો થતા. જેમ જેમ કામ આગળ વધતું ગયું તેમ તેમ તેના સુષુપ્ત મનનો કોઈ ખૂણો જાગવા માંડેલો. તે કોઈ મુદ્દાને પકડે, પછી તેની પાછળનો તર્ક સમજે, જેવું તે વિશ્લેષણાત્મક ભૂમિતિમાં કરતી હતી.

પહેલા તે પોતાની જાતને પ્રશ્ન કરતી, હવે તેણે એન્જિનિયરોને પૂછવાનું શરૂ કર્યું કે શા માટે તે આ શોધ-નિબંધની સમીક્ષાની એડિટોરિયલ મિટિંગમાં બેસી ન શકે? તે શા માટે અવલોકનોમાં ભાગીદાર ન થાય? તેમાં તેણે આપેલા આંકડાઓ પણ હોય છે, જેના જવાબ તે આપી શકે. તેના પુરુષ સહકર્મચારીઓ કહેતા, 'સ્ત્રીઓથી મિટિંગમાં ન જઈ શકાય.' તે તરત પૂછતી, 'કેમ? એવો કોઈ કાયદો છે?' એવો કોઈ કાયદો કે નિયમ તો નહોતો. તેને કહેવામાં આવ્યું કે 'બસ, આવું થતું આવેલું છે, એટલે તને પ્રવેશ ન મળે.' એક શિરસ્તો હતો જે દરેક પુરુષના મનમાં ઊંડે સુધી ધરબાયેલો હતો તેથી વર્ષોથી આમ જ ચાલ્યું આવતું હતું.

કેથેરિન વારંવાર પૂછતી, 'હું મિટિંગમાં કેમ સામેલ ન થઈ શકું?' તેણે ત્યાં સુધી આ પ્રશ્ન પૂછ્યા કર્યો જ્યાં સુધી તેને તેનો સંતોષકારક જવાબ ન મળ્યો. તેની માગણી વિવેકી અને સાતત્યપૂર્ણ હતી. એન્જિનિયરો આખરે ના પાડી પાડીને થાક્યા. તેઓને સમજાયું કે કોઈ સ્ત્રી પોતાનું પ્રદાન આપવા આટલી પ્રતિબદ્ધ હોય તો તેને ના પાડનારા તેઓ કોણ? તેઓ કેથેરિનના પ્રદાનની ગુણવત્તાથી તો વાકેફ હતા જ. આખરે નિર્ણય થયો, 'ભલે આવે.' ૧૯૫૮માં કેથેરિને એડિટોરિયલ મિટિંગમાં પ્રવેશ કર્યો.

૧૯૫૮ની પહેલી ઓક્ટોબરે અવકાશયાત્રાનાં કામો સાથે જોડાયેલા ૪૫ લોકોના જૂથને સમાનવ અવકાશયાનનું આયોજન કરવાનું કહેવામાં આવ્યું. તેને નામ આપ્યુંઃ 'પ્રોજેક્ટ મર્ક્યુરી'. એ સાહસના ત્રણ લક્ષ્યાંકો નક્કી થયાંઃ સમાનવ અવકાશયાન પૃથ્વીની બહાર નીકળી તેને ફરતો આંટો મારે, માનવ અવકાશમાં રહી શકે તેની ખોજ કરે, અને માનવ અને યાન બન્ને સલામત પૃથ્વી પર પાછા આવે.

કેથેરિન સાથેના એન્જિનિયરોને જવાબદારી સોંપવામાં આવી કે યાન ધરતી પરથી ઊડાન ભરે ત્યાંથી લઈને તે એટલાન્ટિક સમુદ્રમાં પાછું આવે ત્યાં સુધીનો સેકન્ડની ગણત્રી સાથે ચોક્કસ પથ નક્કી કરવાનો.

કેથેરિને કૉમ્પ્યૂટરનો ઉપયોગ કરવાનો હતો. સૂત્રોનો ઢગલો થવા માંડ્યો, બ્લેકબોર્ડ પર વિચારો ઊભરાવા લાગ્યા, આકૃતિઓ રચાવા માંડી, ભૂંસાવા માંડી, દરેક વિચારોનું મૂલ્યાંકન થવા લાગ્યું.

એવું નક્કી થયું કે માનવ સાથેનું યાન-કેપ્સ્યુલ બેલિસ્ટિક(પ્રક્ષેપાત્ર)થી ઊડાન ભરશે. જેવી રીતે પિસ્તોલમાંથી ગોળી છૂટે તેવી રીતે રોકેટ સાથે જોડાયેલી કેપ્સ્યુલ ઉપર જશે. પાછા વળતા તે એટલાન્ટિક સમુદ્રમાં

ઊતરશે. પડકાર એ હતો કે નેવીના જહાજોની નજીક જ કેપ્સ્યુલ ઊતરે. જો ગણતરીમાં ભૂલ થાય તો કેપ્સ્યુલ ક્યાંક બીજે દૂર ઊતરે અને તે અવકાશ-યાત્રીના જાનનું જોખમ ઊભું કરે. માટે આ ગણતરી એકદમ ચોક્કસ અને ભૂલ વગરની હોવી જોઈએ.

સાથેના અનુભવી એન્જિનિયર સ્કોપિન્સ્કીને કેથેરિને કહ્યું, 'આ પડકાર હું ઉપાડીશ. તમે મને એ જગ્યા બતાવો જ્યાં તમારે અવકાશયાત્રીને ઊતારવો છે, તો હું ઊંધી ગણતરી કરીને તમને કહીશ કે તેને કઈ જગ્યાએથી અવકાશમાં મોકલવો.' ત્રણ પીઢ એન્જિનિયરો અને તેમની સાથે હતી કેથેરિન. તે બધાએ રિસર્ચ રિપોર્ટ બનાવવાનો હતો, જેમાં પ્રોજેક્ટ મર્ક્યુરી ક્યાંથી ઊડશે અને પૃથ્વીની કક્ષામાં ક્યારે, ક્યાંથી, કેવી રીતે, ક્યાં ઊતરશે તેની વિગતો લખવાની હતી. અગાઉના ઘણા પ્રસંગોની જેમ જ અત્યારે પણ કેથેરિન યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ હતી.

સાંજે ઓફિસ ખાલી થઈ જતી પણ કેથેરિન વિશ્લેષણમાં ડૂબેલી જ રહેતી. એન્જિનિયરો પાસેથી તે સમજેલી કે ઉપગ્રહના પથની ગણતરી કરતી વખતે ૧૭ પરિબળોની અસરોને ગણતરીમાં લેવી પડે. ધરતી પરથી છોડેલા ઉપગ્રહને પાછો મેળવવા તેનું ધરતી પરના કોઈ ચોક્કસ સ્થળે ઊતરાણ કરાવવું પડે. અને તે માટે આ ચોક્કસ ગણતરી જરૂરી હતી. એન્જિનિયરોએ આ બધી બાબતોની અસરોને ગણતરીમાં લેવા ૧૭ સૂત્રો આપેલાં હતાં. કેથેરિન મહિનાઓ સુધી આ ગણતરી કરવામાં ડૂબેલી રહી. તેની મદદમાં સ્કોપિન્સ્કી અને ગણિતના પુસ્તકો હતાં. ૧૯૫૯માં રિપોર્ટ તૈયાર થયો. તેમાં બાવીસ મુખ્ય સૂત્રો, નવ ભૂલો પકડવાનાં-સુધારવાનાં સૂત્રો, બે રોકેટ છોડવાના પ્રયોગો, ત્રણ સંદર્ભ સાહિત્ય, બે ગણતરીના કોષ્ટકો અને ત્રણ પાનામાં આલેખો હતા. રિપોર્ટની તૈયારી દરમિયાન સ્કોપિન્સ્કીએ રિપોર્ટ બનાવવાની જવાબદારી કેથેરિનને સોંપી. અઝિમુથ કોણની ગણતરી પરની ચર્ચામાં એડિટોરિયલ મિટિંગમાં દસ મહિના ગયા. રિપોર્ટ પ્રદર્શિત કરતા પહેલાં અનેક વિશ્લેષણો, સુધારાઓ, બદલાવો આવ્યાં અને લાંગલીના એ ટેક્નિકલ રિપોર્ટમાં પહેલીવાર લેખક તરીકે કોઈ નીગ્રો સ્ત્રીનું નામ લખાયું. એડિટિરોયલ મિટિંગમાં બધા પ્રકારનાં નિરીક્ષણો, પરીક્ષણો બાદ કેથરિને નક્કી કરેલા ઉપગ્રહના પથ પર અમેરિકાના પહેલા સમાનવ ઉપગ્રહનું ઊડવું નક્કી થયું. રિપોર્ટનું કેથેરિનનું એ લખાણ માત્ર લાંગલી માટે જ નહીં પણ તેની પોતાની અંગત જિંદગી માટે પણ નવા યુગની શરૂઆત બની ગયું. કારણકે આ વર્ષે કેથેરિનના જીવનમાં બીજો પણ એક મહત્વનો વળાંક આવ્યો.

૧૯૫૯માં ૪૧ વર્ષની કેથેરિને જેમ્સ ઓગસ્ટ સાથે સાદગીથી કાર્વર મેમોરિયલમાં લગ્ન કર્યા. હવે એ કેથેરિન ગોબલેમાંથી કેથેરિન જહોનસન બની. ટેકનિકલ રિસર્ચ રિપોર્ટમાં લેખક તરીકે તેણે પોતાના નવા નામ 'કેથેરિન જહોનસન' તરીકે સહી કરી અને ઈતિહાસમાં કેથેરિન જહોનસન તરીકે ઓળખાઈ. બન્નેએ ૬૦ વર્ષનું સહજીવન માણ્યું.

અવકાશયાનને અવકાશમાં મોકલવું તે બહુ ઊંચું લક્ષ્ય હતું. અને એટલું જ અઘરું હતું તેમાં રહેલા માણસ સાથે તે બન્નેને સહીસલામત ધરતી પર પાછા લાવવા. લેબના ભેજાબાજ એન્જિનિયરો અને વૈજ્ઞાનિકોના પદાર્થવિજ્ઞાન અને ગણિતના નિયમો પરના પ્રભુત્વ પર આ બધું આધારિત હતું. આ પ્રોજેક્ટનું લક્ષ્ય રાક્ષસી કદનું હતું અને તેને કારણે દરેક બાબતોમાં સર્વોચ્ચ સ્તરની ચોકસાઈની અનિવાર્યતા હતી. એક પણ નજીવી ભૂલ પ્રોજેક્ટને નિષ્ફળ બનાવી શકે તેમ હતી.

બીજા અન્ય કોઈ કરતા અવકાશયાત્રી તરીકે પસંદ થયેલો જહોન ગ્લેન આ બાબત વધુ સારી રીતે જાણતો હતો કારણકે અવકાશમાં જતા યાનની કેપ્સ્યુલમાં જવા માટે તે પસંદ થયેલો હતો. તે જ હતો જે પહેલી સુપરસોનિક

ઝડપે ચાલતા આંતરખંડીય વિમાનનો પહેલો મરિન ટેસ્ટ પાઈલોટ હતો. આવા જોખમો તે અગાઉ લઈ ચૂકેલો.

તેના જીવનની અતિ મહત્ત્વની એવી તારીખને ત્રણ દિવસો બાકી રહ્યા ત્યારે તેણે ફરી બધાં કાર્યો તપાસી લીધાં અને એન્જિનિયરોને ફરી એકવાર બધાં યંત્રો તપાસી લેવા, આધુનિક કોમ્પ્યુટર IBM ૭૦૯૦ પર ઉપગ્રહનો પથ ચકાસી લેવા કહ્યું.

અવકાશયાનનાં કૉમ્પ્યૂટરો એ ચોક્કસપણે ભવિષ્ય હતું, પણ તેનો અર્થ એ નહીં કે ગ્લેન તેનો વિશ્વાસ કરે. એ બુદ્ધિશાળી એન્જિનિયરો પર વધુ વિશ્વાસ કરતો હતો, જે આ કૉમ્પ્યૂટરોને નિયંત્રિત કરતા હતા. તેણે જહોન મેયરને અને સ્કોપિન્સ્કીને સંદેશો મોકલ્યોઃ 'એ સ્ત્રીને બોલાવો, જેણે આ બધી ગણતરી કરી છે. તે જો કહે કે આ બધા આંકડાઓ સાચા છે, તો હું જવા તૈયાર છું.'

કેથેરિને તેના રિસર્ચ રિપોર્ટના અઝિમુથ ખૂણાની ગણતરી બે નમૂનાની કક્ષા લઈને કરેલી. એકમાં પૂર્વ તરફ ઊડાન ગણ્યું અને બીજામાં પશ્ચિમ તરફ ઊડાન ગણ્યું — જે મુજબ ગ્લેન સાથેનો ઉપગ્રહ ઊડાન ભરવાનો હતો. કેથેરિને પોતાની રીતે યાંત્રિક ગણકયંત્ર પર ગણતરી કરી. તે સાથે સ્પેસ ટાસ્ક ગ્રુપના મિશન પ્લાનિંગ અને એનાલિસિસ ડિવિઝને એ જ સૂત્રો લઈને આંકડાઓને અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક કૉમ્પ્યૂટર ૭૦૪માં પ્રોગ્રામ કરીને નાખ્યા. જ્યારે જવાબ આવ્યો ત્યારે કેથેરિનના અને IBM કોમ્પ્યૂટરે આપેલા જવાબ એકમેકની એકદમ નજીક હતા.

કેપ્સ્યુલ એટલાસ રોકેટ સાથે લૉન્ચિંગ પેડ પરથી આકાશમાં છોડાયું, કેપ્સ્યુલ એટલાસથી છૂટું પડ્યું અને પૃથ્વીની કક્ષામાં સફળતાપૂર્વક ગોઠવાયું, કે તરત તેણે ધરતી પરના કન્ટ્રોલ સ્ટેશન સાથે સંદેશાવ્યવહાર સ્થાપી દીધો અને પોતાની નિર્ધારિત પરિક્રમા કરીને ગણતરી મુજબ બરાબર યોગ્ય જગ્યાએ ઊતરાણ કર્યું. જ્યારે કેપ્સ્યુલ સમુદ્રમાં પડ્યું તે સ્થળ નક્કી કરેલા સ્થાનથી માત્ર ૪૦ માઈલ દૂર હતું. આ ફેર પડ્યો કારણકે પાછા ફરતી વખતના કેપ્સ્યુલનું વજન ખોટું ગણેલું હતું. નહીંતર કૉમ્પ્યૂટર અને કેથેરિને એકદમ ચોક્કસ ગણતરી કરી હતી. આ બાબત સ્વપ્ન સમાન હતી.

ગ્લેનના સફળ અભિયાન પાછળ કેથેરિનના પ્રયાસોની વાત પહેલાં સ્થાનિક નિગ્રો લોકોના સમાજમાં અને પછી આખા દેશમાં ફેલાવા માંડી. કેથેરિનની મોહક છબી માર્ચ ૧૦, ૧૯૬૨નાં છાપાઓનાં પહેલાં પાના પર સ્મિત વેરતી દેખાઈ. સાથે લખ્યું હતું, 'જો કદાચ તમે કલ્પના ના કરી હોય તો... તેનું નામ છે કેથેરિન જહોનસન - એક માતા, પત્ની, વ્યવસાયિક અમેરિકન-આફ્રિકન સ્ત્રી, જેણે સમાનવ અવકાશયાન મોકલવામાં મોટું પ્રદાન કર્યું.' છાપાઓમાં કેથેરિનની સફળતાઓ ગૌરવ સાથે છપાવા લાગી. કેથેરિને તેના રોજના કામ તરીકે તેની આ ઓળખ ઉદાર ભાવે સ્વીકારી.

તે સમય દરમિયાન જ પ્રમુખ કેનેડીએ દેશના લોકોને વચન આપ્યું કે આ દસકામાં અમેરિકન માનવ ચંદ્ર પર ઊતરાણ કરશે. તે માટે એપોલો પ્રોજેક્ટ જોરશોરથી શરૂ થઈ ગયો. એવું આયોજન થયેલું કે એપોલો-૧૧માં બે યાન બનશે. સર્વિસ મોડ્યુલ, જે લ્યુનાર લેન્ડરને સાથે લઈને જશે. તે ૨,૩૮,૯૦૦ માઈલની મુસાફરી કરીને ચંદ્ર પર પહોંચશેઃ ત્રણ દિવસ જવાના અને ત્રણ દિવસ પાછા આવવાના. ચંદ્રની સપાટી પર બે અવકાશયાત્રીઓ ૨૧ કલાક માટે લ્યુનાર લેન્ડર સાથે ઊતરીને ચંદ્રની ધરતી પર ચાલશે અને જરૂરી માહિતી એકઠી કરશે, તે સમય દરમિયાન સર્વિસ મોડ્યુલ અવકાશમાં પાર્કિંગ કક્ષામાં ફરશે. લેન્ડર મોડ્યુલમાંથી અવકાશયાત્રીઓ સર્વિસ મોડ્યુલમાં બેસશે અને લ્યુનાર મોડ્યુલને ત્યાં જ છોડી દેશે. અન્ય કોઈ કરતાં કેથેરિન એ બાબત સારી રીતે જાણતી હતી કે પાર્ક કરેલા સર્વિસ મોડ્યુલના પથમાં જો જરાક પણ ભૂલ થાય તો, પોતાનું કામ પતાવીને બે અવકાશયાત્રીઓ લ્યુનાર મોડ્યુલ પાસે પાછા આવે, ત્યારે સર્વિસ મોડ્યુલ ત્યાં ચોક્કસ જગ્યાએ અને સમયે અવકાશયાત્રીઓને ન મળી શકે અને તે એક જ

વાહન હતું જેમાં અવકાશયાત્રીઓ ધરતી પર પાછા આવી શકે. જો બે વાહનો ભેગા ન થાય તો બન્ને યાત્રીઓ ચંદ્ર પરના શૂન્યાવકાશમાં જ કાયમ માટે રહી જાય.

સ્પેસ ટાસ્ક ગ્રુપના ઉપરીઓએ જોખમનો લક્ષ્યાંક ૦.૯૯૯ રાખેલો. ૧૦૦૦ શક્યતાઓમાં માત્ર એક વાસ્તવિક અકસ્માત. એટલે કે કાર્યક્રમની દરેક બાબતોની સફળતાનો આંક ૯૯.૯% હોવો જોઈએ. કેથેરિન પોતાના કામમાં આ લક્ષ્યાંક સિદ્ધ કરવા પ્રતિબદ્ધ હતી. તે કુલ ૧૪થી ૧૬ કલાક કામ કરતી. ૧૯૬૩થી ૧૯૬૭ સુધીમાં તેણે ચાર ટેક્નિકલ રિપોર્ટ સાથી એન્જિનિયર અલ હેમર સાથે રહીને બનાવ્યા. તેમના મનમાં હંમેશા પ્રશ્ન થતો કે આવું થાય તો તેને કેમ ટાળવું - જેમ કે, જો કોમ્પ્યૂટર કામ ન કરે તો? સ્પેસક્રાફ્ટની ઈલેક્ટ્રિક સર્કિટ કામ કરતી બંધ થઈ જાય તો? સિત્તેરના દાયકાનાં વર્ષો જેમ જેમ પસાર થવા માંડ્યાં, તેમ તેમ કેથેરિન ઓફિસમાં કામ કરવામાં વધુ ને વધુ વ્યસ્ત રહેવા લાગી. તે અને હેમર તેમની ગણતરીઓ વધુ ને વધુ સુધારતાં રહ્યાં.

૧૬ જુલાઈ ૧૯૬૯ના દિવસે અપોલો-૧૧ તેની અંદરના ત્રણ માણસો સાથે ઊંચકાયું અને તેણે અવકાશ ભણી દોટ મૂકી. સ્પેસક્રાફ્ટ પૃથ્વીના ગુરુત્વાકર્ષણની બહાર નીકળી ગયું. હવે તેને ચંદ્રનું ગુરુત્વબળ લાગતું હતું. કેથેરિનને તેની નજર સામે યાનના પથના દરેક તબક્કે આંકડાઓ દેખાતા હતા.

સાંજે ૪ વાગ્યે લ્યુનાર લેન્ડર છૂટું પડ્યું. જ્યારે તે ચંદ્રની સપાટીને અડ્યું ત્યારે ઘણાંનાં હૃદય ધબકારો ચૂકી ગયાં. રાત્રીના ૧૦-૩૮ કલાકે નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પગ મૂક્યો. કેથેરિન નીલ આર્મસ્ટ્રોંગ અને બુજ આલ્ડ્રિનને ચંદ્રની સપાટી પર ચાલતા જોઈ રહી હતી અને તે સાથે પાર્કિંગ કક્ષામાં ફરતા સર્વિસ મોડ્યુલ વિષે વિચારતી હતી, જે કેમેરાની નજરની બહાર હતું. તે ૯૦ મિનિટમાં ચંદ્રની ફરતું એક ચક્કર મારતું હતું. તે બન્ને અવકાશયાત્રીઓ પાછા ફર્યા અને સર્વિસ મોડ્યુલ સાથે જોડાયા. ત્યાર બાદ અવકાશયાન વધુ ત્રણ દિવસ બાદ અવકાશના રસ્તે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યું અને સમુદ્રમાં ઊતર્યું. દરેક તબક્કો જોખમી હતો, અજાણ હતો, પણ બધું હેમખેમ પાર પડ્યું. માણસજાતે એક મોટી હરણફાળ ભરી.

ત્યારબાદ, કેથેરિન અને અલ હેમરને ખબર હતી કે હજુ એપોલોનાં છ અન્ય મિશન આવવાનાં છે, અને તેઓ મંગળ પર જવાનો પથ નક્કી કરવાના કામમાં લાગી ગયાં. કેથેરિને ત્યારબાદ સ્પેસ શટલ અને Earth Resources Technology Satellite (ERTS - જે પછીથી Landsat કહેવાયું) પર કામ કર્યું. તેણે કુલ ૨૬ રિસર્ચ રિપોર્ટમાં લેખન અને સહલેખન કર્યું. ૩૩ વર્ષની સેવા બાદ ૧૯૬૮માં ૬૮ વર્ષની ઉંમરે તે નાસામાંથી નિવૃત્ત થઈ.

૧૯૨૦માં ફેબ્રુઆરી ૨૪મીએ ૧૦૧ વર્ષની ઉંમરે કેથેરિનનું અવસાન થયું. નાસાના વ્યવસ્થાપક જેમ્સ બ્રાઈડનસાયને વિશ્વનાં માધ્યમો સામે કેથેરિનના અવસાનની જાહેરાત કરતા કહ્યું, '૧૦૧ વર્ષની કેથેરિન જહોનસન હવે અમારી વચ્ચે નથી તે જાણીને અમારો નાસા પરિવાર અત્યંત દુઃખ અનુભવે છે. તે અમેરિકન હીરો હતી અને તેનો નવી પહેલ કરવાનો વારસો ક્યારેય નહીં ભૂલાય.' કેથેરિને તેનાં પ્રપૌત્રોને વિજ્ઞાન અને ટેક્નૉલૉજીમાં કારકિર્દી બનાવવા પ્રોત્સાહન આપેલું.

કેથેરિન જહોનસનને અઢળક પારિતોષિકો અને સન્માનો મળ્યાં હતાં. સારી વાત એ છે કે તેને જીવતે જીવ બધાં જ પારિતોષિકો અને સન્માનો મળ્યાં.

સંદર્ભઃ ઈન્ટરનેટ અને Hidden Figures (૨૦૧૬) by Margot Lee Shetterly, Published by Harper Collins.

Hidden Figures નામથી Twentieth Century Fox દ્વારા ફિલ્મ બની. આ ફિલ્મના કેટલાક ટુકડાઓ ઉપરાંત કેથેરિનની ટેલિવિઝન પરની મુલાકાતો યુ-ટ્યુબ પર છે.

(સમાપ્ત)

ડો. બળવંતભાઈ તેજાણી

(ગતાંકથી ચાલુ લેખ : ૩)

**વિરામચિહ્નો**

**૭. અર્ધવિરામ (;) : (The semicolon)**

વાક્યમાં જ્યાં અલ્પવિરામ કરતાં વધારે અને પૂર્ણવિરામ કરતાં ઓછું અટકવાનું હોય, ત્યાં અર્ધવિરામ મુકાય છે. જેમ કે,

૧. આમ તો બધાં હાજર હતાં; થોડા બહાર તડકામાં બેઠાં હતાં.

૨. આપબળે એકલ ખૂણે, ધૂપ બધે પસરંત;

એવા જગમાં જનમિયાં, અગરબત્તી ને સંત. (અહીં પ્રથમ પંક્તિને અંતે અર્ધવિરામ છે.)

શબ્દોના અર્થ આપતી વખતે શબ્દકોશમાં બે પર્યાય શબ્દોને અલગ બતાવવા માટે અર્ધવિરામ મુકાયું હોય છે. જેમ કે,

૧. પ્રણામ – નમસ્કાર; નમન ૨. કલહ – કજિયો; કંકાસ; લડાઈ

**૮. લઘુરેખા અથવા વિગ્રહરેખા અથવા સંયોગરેખા (-) : (The Dash)**

લખતી વખતે લીટીમાં જગ્યા પૂરી થઈ જાય અને પૂરો શબ્દ ન સમાઈ શકે ત્યારે તે અધૂરા શબ્દની પાછળ લઘુરેખા(નાની લીટી) મુકાય છે. જેમ કે,

૧. નર્મદા નદી તો સમગ્ર ગુજ-

રાતની જીવાદોરી ગણાય છે. (નીચેની લીટીમાં લઘુરેખા મુકાતી નથી)

સામાસિક શબ્દો મોટા હોય ત્યારે બંનેને જુદા કરી વચ્ચે લઘુરેખા મુકાય છે. જેમ કે,

૧. ગાંધીજી જગ-મશહૂર વ્યક્તિ છે.

૨. અમારી અને એમની વચ્ચે ઘણો પત્ર-વ્યવહાર પણ થયેલો.

શબ્દોને એકબીજાના પર્યાય બતાવવા વચ્ચે લઘુરેખા મુકાય છે. જેમ કે,

૧. તે ઘણો ડાહ્યો-સીધો છોકરો છે.

૨. સુથારે વસ્તુના કદનું માપ-ઘનફળ કાઢ્યું.

**૯. ગુરુરેખા અથવા મહારેખા ( –) : (The Hyphen)**

જુદા જુદા શબ્દો કે વિચાર એક એકસાથે બતાવવા, અનેકની ગણતરી પછી ઉપસંહાર-સમાપન માટે ગુરુરેખા(મોટી લીટી) મુકાય છે. જેમ કે,

૧. રોટી, કપડાં, મકાન – આ ત્રણ માણસની પ્રાથમિક જરૂરિયાત છે.

૨. જાગવું, ખાવું, પીવું, સૂવું – આ તો બધાં જ કરે છે.

વિગતમાં સ્પષ્ટતા કરવા કે ઉમેરણ કરવા માટે પણ ગુરુરેખા મુકાય છે. જેમ કે,

૧. તમામે રાત્રે અહીં આવવું — બહેનો ન આવે તો ચાલશે.

૨. અમે સાપુતારા, મુંબઈ પૂના જવાના – મહાબળેશ્વર પણ ખરું.

વાક્યમાં જ્યારે કોઈ શબ્દની સમજૂતી મૂકવી હોય ત્યારે બે ગુરુરેખાની વચ્ચે મૂકવામાં આવે છે. જેમ કે,

૧. કીર્તિભાઈએ જબરું – ચોકસાઈ અને ગણતરીપૂર્વકનું —સાહસ કર્યું છે.

૨. કિશોર ડાહ્યો – વર્ગમાં સૌથી હોશિયાર — વિદ્યાર્થી છે.

તરત આગળ લખેલા શબ્દની સ્પષ્ટતા બે ગુરુરેખાની વચ્ચે કરવામાં આવે છે. આવા શબ્દોને ન વાંચીએ તો પણ વાક્યનો બંધ તૂટતો નથી.

**૧૦. લોપચિહ્ન (') : (An Apostrophe)**

લેખન કરતી વખતે કોઈ અક્ષર-અક્ષરોનો લોપ થાય ત્યારે લોપચિહ્ન મુકાય છે. જેમ કે,

તારીખ- ૦૪/૦૯/'૭૦ (લોપચિહ્ન ૧૯ દર્શાવે છે એટલે ૧૯૭૦ એમ પૂરું થયું ગણાય.)

અ'વાદ (અમદાવાદ),

'લ્યા સૌ કાલે ફરી આવજો. ('અ'નો લોપ બતાવે છે.)

કો'કે તો આ કામ કરવું જ પડશે. ('ઈ'નો લોપ બતાવે છે.)

તેઓ બધા આજે સવારે અહીં આવ્યા'તા. . ('હ'નો લોપ બતાવે છે.)

**૧૧. કૌંસ ( ) : (The Bracket)**

કૌંસ ત્રણ છેઃ લઘુકૌંસ ( ), ગુરુકૌંસ [ ] અને છગડિયો કૌંસ { }.

આગળ લખેલા શબ્દની સ્પષ્ટતા કૌંસમાં કરવામાં આવે છે. કૌંસમાંના શબ્દને ન વાંચીએ તો પણ વાક્યનો બંધ તૂટતો નથી.

૧. વિજયાદસમીને દિવસે રામે (રાવણનો) વધ કર્યો.

૨. ત્યાં એક વાયસ(કાગડો) ઊડીને આવ્યો અને ઝાડ પર બેઠો.

૩. અમે સૌ [બાપુજી અને કાકા(નાના)પણ] ખેતરમાં હતા.

૪. રામ<br>
લક્ષ્મણ } દશરથરાજાના ચાર પુત્રો.<br>
ભરત<br>
શત્રુઘ્ન

નાટકમાં સંવાદ સિવાયની વિગત કૌંસમાં લખવામાં આવે છે. કૌંસમાં લખેલું કોઈ પાત્રની ઉક્તિ તરીકે હોતું નથી, તે માત્ર વાચકની સમજ માટે જ હોય છે.

૧. રામ : ભાઈ લક્ષ્મણ, દોડજે...! (મોટેથી બૂમ પાડીને )

૨. રાજા : સેવક, તેને અહીં મોકલો. (સેવક જાય છે.)

ઘણી વખત કૌંસમાં અન્ય ભાષાના શબ્દો કે પ્રતીકો માટેના ઉચ્ચારણ પણ સમજ માટે લખવામાં આવે છે.

૧. બધા સભામંડપમાં ચર્ચા(Discuss) માટે એકત્ર થયા.

૨. મંદિરમાં બધાં "ૐ(ઓમ) નમઃ શિવાય" જપ કરે છે.

**૧૨. કાકપદચિહ્ન અથવા ઘોડી અથવા હંસપદ (^) : [ The Caret]**

લખાણમાં જ્યારે કોઈ શબ્દ કે શબ્દસમૂહ લખવાનો ચુકાઈ ગયો હોય, પાછળથી ધ્યાને આવે ત્યારે ઘોડીનું ચિહ્ન કરીને ઘટતી વિગત ત્યાં (ઉપરના ભાગે) ઉમેરી દેવામાં આવે છે.

શહેર<br>
૧. ભારત દેશની રાજધાની દિલ્હી ૨ છે.

**૧૩. ફૂદડીચિહ્ન (*) : [ The Asterisk]**

લખેલા લખાણ અંગે કંઈક વધારે સ્પષ્ટતા કરવાની જરૂર લાગે ત્યારે નીચે ફૂદડીનું ચિહ્ન કરી ઘટતી વિગત ત્યાં મૂકવામાં આવે છે.

ઘણી વખત ફૂદડીને બદલે ૧, ૨, ૩ જેવા અંકો, A, B, C જેવા અક્ષરો કે +, # વગેરે પ્રતીકો પણ લખી શકાય છે. જેમ કે,

૧. રામે અહલ્યાનો ઉદ્ધાર* કર્યો.

* રામ અને લક્ષ્મણ તાડકાવધ પછી જનકપુર જઈ રહ્યા હતા ત્યારે.

**૧૪. ખંડવર્ણચિહ્ન (...) : [ The Ellipses]**

કોઈ વાક્ય અધૂરું હોય ત્યારે ત્રણ ટપકાં મુકાય છે. વાંચનારને પોતાની રીતે આગળના શબ્દોની સમજપૂર્વક કલ્પના કરી લેવાની રહે છે. જેમ કે,

૧. એ બધાં તો ચોક્કસ આવશે, તમારે પણ... (આવવાનું છે -એવો અર્થ વાચકે તારવી લેવાનો હોય છે.)

૨. મારે કહેવાનું ઘણું છે, પણ હવે અહીં એ બધું...(કહેતો નથી, કહેવાનો અવકાશ નથી, કહેવાય નહીં - વગેરે અર્થ વાચકે તારવી લેવાનો હોય છે.)

**૧૫. એજનચિહ્ન (,,) : [The Ditto]**

ઉપર લખેલી વાત તરત ફરીથી લખવાની થાય ત્યારે એજનચિહ્ન વપરાય છે. કોષ્ટક જુઓ-

| નામ | જન્મતારીખ | અભ્યાસ | વતન |
|---|---|---|---|
| તરુણકુમાર | ૧૫/૧૨/૧૯૮૦ | બી.એ. | અમદાવાદ |
| મયૂરચંદ્ર | ૦૫/૧૧/૧૯૭૮ | ધો. ૧૨ | ,, |
| રોહિણીબેન | ૧૫/૦૮/૧૯૮૨ | ,, | ,, |

ઘણી વખત ચિહ્નને બદલે "એજન" એમ

લખવામાં આવે છે. કોષ્ટક ન હોય ત્યારે સીધા લખાણમાં - મોટાભાગે પુસ્તકમાં - લખેલી પાદટીપમાં એમ લખેલું જોવા મળે છે. જેમ કે,

૧. 'સરસ્વતીચંદ્ર' નવલકથા - ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

૨. 'દીપનિર્વાણ' નવલકથા — મનુભાઈ રાજારામ પંચોળી

૩. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથા - એજન

**૧૬.તિર્યકચિહ્ન (/) : The Oblique**

આ ચિહ્ન બે અંકો-સંખ્યાઓને જુદાં પાડવાનું કામ કરે છે. જેમ કે,

૧. તેઓ તા. ૨૪/૧૨/૨૦૨૧ ના રોજ આવી જશે.

ઘણી વખત તે 'અથવા'(વિકલ્પ) સૂચવે છે.

૧. તેમને ભાવનગર/સિહોર લઈ જવામાં આવશે. (ભાવનગર અથવા સિહોર)

૨. દરેક વિદ્યાર્થીને પુસ્તકો/કપડાં અહીંથી મળશે. (પુસ્તકો અથવા કપડાં )

અપૂર્ણાંક દર્શાવવા માટે પણ આ ચિહ્ન વપરાય છે.

૧. ૧/૪ ભાગ (એક ચતુર્થાંશ ભાગ )

૨. ૨૧/૨૫ ગુણ ( પચીસમાંથી એકવીસ ગુણ)

ગુરુવિરામ અને ગુરુરેખા સિવાયનાં તમામ ચિહ્નો જે તે પદની તદ્દન નજીક લખાય છે. ગુરુવિરામ પદની નજીક લખવાથી તે વિસર્ગ બને છે.

વિરામચિહ્નોના થોડા ફેરફારના કારણે અર્થમાં કેવો ફેરફાર થાય છે તે થોડાં ઉદાહરણો દ્વારા સમજીએ :

ક્રમ વાક્ય વિરામચિહ્ન ફેરફારથી થતો વાક્યનો અર્થ.

૧) બહેનો નદી આગળ છે. બહેનો ક્યાં છે ? — નો જવાબ છે.

બહેનો, નદી આગળ છે. બહેનોને સંબોધન કરીને જાણકારી આપી છે.

૨) પરીક્ષામાં ચોરી કરવી નહીં, કરનારને સજા થશે અલ્પવિરામ યોગ્ય સ્થાને મુકાયું છે.

પરીક્ષામાં ચોરી કરવી, નહીં કરનારને સજા થશે અલ્પવિરામ અયોગ્ય સ્થાને મુકાયું છે પરિણામે વિપરીત અર્થ થાય છે.

૩. આજે રવિવાર છે. માહિતી આપી છે.

આજે રવિવાર છે? પ્રશ્ન પૂછી માહિતી માગી છે.

આજે રવિવાર છે! ક્ષણિક નવાઈ લાગી છે.

૪. મકાન સુંદર નથી, લોકો સુંદર. લોકો સારા છે - એવો અર્થ છે. મકાન સુંદર, નથી લોકો સુંદર. લોકો સારા નથી, મકાન સારું છે -એવો અર્થ છે.

૫. ખાઓ, નહીં ખાશો તો હેરાન થશો. ખાવાનો આગ્રહ કરવામાં આવ્યો છે.

ખાઓ નહીં, ખાશો તો હેરાન થશો. ખાવાની ના કહેવામાં આવી છે.

૬. તેમણે રવિભાઈ, રામભાઈને આ વાત કરી. રવિ અને રામભાઈ અલગ વ્યક્તિ છે.

તેમણે રવિભાઈ રામભાઈને આ વાત કરી રવિભાઈ રામભાઈ નામની એક જ વ્યક્તિ છે.

૭) આપણી દીકરી હવે ખાય છે ગાયને. વાછરડી જન્મી છે ભાભીને. પાડીને એક ગાડી પગે વગાડતી ગઈ. પૂર્ણવિરામ મૂકવામાં થોડો સ્થાન-ફેરફાર અર્થનો અનર્થ કરે છે.

આપણી દીકરી હવે ખાય છે. ગાયને વાછરડી જન્મી છે. ભાભીને પાડીને એક ગાડી પગે વગાડતી ગઈ. પૂર્ણવિરામ યોગ્ય સ્થાને મુકાયું છે.

૮. સાંભળો, પછી ઘેર જાઓ. પહેલા સાંભળી પછી ઘેર જવાની વાત છે.

સાંભળો પછી, ઘેર જાઓ. સાંભળ્યા વિના ઘેર જવાની વાત છે.

૯. નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન. નીચું લક્ષ્ય મંજૂર નથી.

નિશાનચૂક માફ નહીં, માફ નીચું નિશાન. નીચું લક્ષ્ય મંજૂર છે.

ક્રમશ...

(ભાવનગર, મો.૯૪૨૮૮૧૦૬૮૨)

## ૦૪ ઊર્જાવાન નારીઓઃ આશાદેવી આર્યનાયકમ

**ટીના દોશી**

---

આશાદેવી આર્યનાયકમ.... આ નામ સાંભળ્યું છે?

નામ થોડુંક અજાણ્યું જણાય,પણ પચાસ અને સાઠના દાયકામાં આશાદેવીનું કામ એટલું જાણીતું હતું કે ભારત સરકારે પદ્મ પુરસ્કારોનો આરંભ કર્યો ત્યારે જાહેર સેવાઓ બદલ ૧૯૫૪માં દેશના ચોથા સર્વોચ્ચ પુરસ્કાર પદ્મશ્રીથી જેમને પુરસ્કૃત કરેલાં એમાં પેરીન કેપ્ટન, અમલપ્રવા દાસ અને એકમ્મા મથાઈ ઉપરાંત આશાદેવીનો પણ સમાવેશ કરાયો હતો!

આશાદેવીનો જન્મ લાહોરમાં૧ જાન્યુઆરી ૧૯૦૧ના થયો. પિતા ફણીભૂષણ અધિકારી અને માતા સરજૂબાલાદેવી બન્ને ધાર્મિક સ્વભાવનાં હતાં. શિક્ષણવિદ પણ ખરાં. ભક્તિપંથમાં માનતાં. ફણીભૂષણ દિલ્હીમાં પ્રાધ્યાપક હતા. દિલ્હીમાં એની બેસન્ટ સાથે એમનો પરિચય થયો. એની બેસન્ટ ફણીભૂષણને વારાણસી લઈ ગયાં. ત્યાં એ દર્શનશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કાર્યરત થયા. એથી આશાદેવીનું બાળપણ લાહોર અને વારાણસીમાં વીત્યું.

વારાણસીમાં ભણવાની સારી તકો હતી, પણ બંગાળી માધ્યમની શાળાઓ ન હતી. ફણીભૂષણ અને સરજૂબાલાદેવી પોતાની લાડકવાયી આશાદેવીને બંગાળી ભાષાના જ્ઞાનથી વંચિત રાખવા માંગતા નહોતાં. એમણે આશાદેવીને શાળામાં બેસાડવાની સાથે ઘરમાં જ બંગાળી ભણાવે એવા શિક્ષકની વ્યવસ્થા કરી.સરજૂબાલાદેવી પણ આશાદેવીને બંગાળી ભાષા ઉપરાંત સંગીત શીખવતી.

આશાદેવી પ્રતિભાશાળી વિદ્યાર્થિની હતી. શાળામાં એમણે અનેક પુરસ્કાર જીત્યા. પ્રત્યેક વર્ષે છાત્રવૃત્તિ મળતી. ઉચ્ચ માધ્યમિક એટલે કે મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓમાં આશાદેવી સર્વપ્રથમ આવી. એ વખતે અખબારોના પત્રકારો ઉતાવળે પગલે આશાદેવીની મુલાકાત અને તસવીર લેવા પહોંચી ગયાં. પરંતુ ફણીભૂષણને પ્રચાર પસંદ નહોતો. એમણે પત્રકારોને ખાલી હાથે ને વીલા મોઢે પાછા મોકલતાં એમ કહ્યું કે, 'અધ્યયન કરવું એ પ્રત્યેક વિદ્યાર્થીનું કર્તવ્ય છે. ઉચ્ચતમ અંકોને જીવનની મહાન ઉપલબ્ધિ ન ગણવી જોઈએ. પ્રચારને પગલે વિદ્યાર્થી પોતાનું કર્તવ્ય ભૂલી જાય એ શક્ય છે...'

પત્રકારો નિરાશ થઈને પાછા ફર્યા. મેટ્રિકની પરીક્ષામાં એક છોકરી પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થાય એ એક મોટી ઉપલબ્ધિ હતી. એથી ભલે આશાદેવીની મુલાકાત ન મળી, છતાં એમણે પોતાની પાસેની માહિતીના આધારે આશાદેવીને ખૂબ બિરદાવી. આ પ્રશંસાએ આશાદેવીને વધુ સારી રીતે ભણવા પ્રેરી. કૉલેજમાં એણે પ્રવેશ મેળવ્યો.

આ ગાળામાં એક સંગીતશિક્ષક આશાદેવીને સંગીત શીખવતો. આશાદેવીએ બંગાળી સાહિત્યના શ્રેષ્ઠ ગ્રંથોનો પણ આ અરસામાં અભ્યાસ કર્યો.

વધુ પડતાં વાંચનને કારણે કે બીજા કોઈ કારણસર, આશાદેવીની એક આંખમાં તકલીફ ઊભી થઈ. બી.એ.ની પરીક્ષા માથે હતી. ચિકિત્સકોએ આશાદેવીની આંખોને આરામ કરવાની સલાહ આપી. અન્યથા આંખોની રોશની જતી રહેશે એવી ચેતવણી પણ આપી. પરીક્ષા નજીક હતી. શું કરવું? સરજૂબાલા દેવીએ રસ્તો કાઢ્યો. એ પોતે વાંચીને સંભળાવતી અને આશાદેવી સાંભળતી. મા વાંચે ને દીકરી સાંભળે... આ રીતે આશાદેવીએ પરીક્ષાની તૈયારી કરી. પરિણામ એ આવ્યું કે બી.એ.માં આશાદેવી પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થઈ.

સરકારે આશાદેવીને ઉચ્ચ શિક્ષણ માટે ઇંગ્લેન્ડ જવાનો અને સ્કોલરશીપ આપવાનો પ્રસ્તાવ મૂક્યો. એ સમયે આશાદેવીની ઉંમર માત્ર સોળ વર્ષ હતી. માતાપિતાને આવડી નાની ઉંમરની દીકરીને એકલી ઇંગ્લેન્ડ મોકલવાનું ઠીક ન લાગ્યું. એથી વારાણસીમાં જ આશાદેવીએ

સ્નાતકોત્તર અભ્યાસ કર્યો. પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થઈ. મહિલા મહાવિદ્યાલયમાં અધ્યાપક તરીકે જોડાઈ ગઈ.

આ તબક્કે આશાદેવીના જીવનમાં નવો વળાંક આવ્યો. બન્યું એવું કે ફણીભૂષણ અધિકારીના પરિવારનો ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર સાથે ઘનિષ્ઠ સંબંધ હતો. ફણીભૂષણમાટે ટાગોરનું શાંતિનિકેતન પોતાના ઘર જેવું જ હતું. ગુરુદેવના નિવાસ ઉત્તરાયણ નજીક જ એમને એક ઘર પણ અપાયેલું. ફણીભૂષણ અધિકારી નિવૃત્તિ પછી આ જ ઘરમાં રહેલા. પિતાના સંબંધોને પગલે આશાદેવીને પણ ગુરુદેવ ટાગોર સાથે ઘરોબો હતો. થયું એવું કે ગુરુદેવે યુરોપ જવાનું હતું. તેમને પોતાની અનુપસ્થિતિમાં શાંતિનિકેતનની છાત્રાઓની જવાબદારી લઈ શકે એવી યોગ્ય મહિલાની તલાશ હતી. આ શોધ આશાદેવી પર આવીને સમાપ્ત થઈ. વારાણસીથી આશાદેવીને શાંતિનિકેતન તેડાવાઈ. એને શાંતિનિકેતનમાં નિયુક્ત કરવામાં આવી.

શાંતિનિકેતનમાં આશાદેવી અત્યંત લોકપ્રિય થઈ ગઈ. બધાં એને 'દીદી'નું લાડકું સંબોધન કરતાં. આ અરસામાં રવીન્દ્રનાથ ટાગોર નિશ્ચિંત થઈને યુરોપમાં પોતાનું કામ કરી રહેલા. યુરોપ પ્રવાસ દરમિયાન શ્રીલંકાના પ્રતિભાશાળી યુવાન ઈ. ડબ્લ્યૂ. આર્યનાયકમ સાથે ટાગોરનો ભેટો થયો. આર્યનાયકમ નોકરીની શોધમાં હતા. ટાગોરે એમને શાંતિનિકેતન આવવાનું આમંત્રણ આપ્યું. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા ન જવાનું હોય. આર્યનાયકમે ટાગોરનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. શાંતિનિકેતન આવીને વસ્યા. ટાગોરના અંગત સચિવ તરીકે દસ વર્ષ સુધી કામ કર્યું. આ ગાળામાં આશાદેવી અને આર્યનાયકમનો પરિચય થયો. પરિચય પરિણયમાં પરિણમ્યો. ગુરુદેવ ટાગોરે બન્નેના વિવાહ કરાવ્યા. વિવાહને પગલે દીકરી મીઠુ અને દીકરા આનંદનો જન્મ થયો.

આશાદેવી અને આર્યનાયક્મ શાંતિનિકેતનનાં શાંત વાતાવરણમાં પેલી પોપટબેલડીની જેમ આંબાની ડાળે ને સરોવરની પાળે લીલાલહેર કરવા લાગ્યાં. પણ ગાંધીજીનો પોકાર સાંભળીને ધીમે ધીમે આશાદેવીનું મન અશાંત થવા લાગ્યું. ગાંધીજીએ કહેલું કે શિક્ષણનું દૂધ પ્રત્યેક બાળકને મળવું જોઈએ. પણ ગરીબ બાળકો માટે શાંતિનિકેતનમાં જગ્યા જ નહોતી. એથી આશાદેવી અને આર્યનાયકમે શાંતિનિકેતનની નોકરી છોડી દીધી. બન્ને વર્ધા જઈ વસ્યાં. જમનાલાલ બજાજના મારવાડી વિદ્યાલયમાં જોડાયાં.

આ અરસામાં, ૧૯૩૭માં ગાંધીજીએ સેવાગ્રામમાં શિક્ષણ સંમેલનનું આયોજન કર્યું. આશાદેવી અને આર્યનાયકમ પણ એમાં ઉપસ્થિત રહ્યાં. ગાંધીજીએ પોતાના દક્ષિણ આફ્રિકાના દિવસોથી માંડીને જીવનભર શિક્ષણના પ્રયોગો કરેલા. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ અને તેમના સાથીઓએ ફિનિક્સ આશ્રમમાં અને એ પછી ટૉલ્સટોય ફાર્મમાં બાળકોના શિક્ષક તરીકે પણ કામ કરેલું. ત્યાં શિક્ષણ જીવન સાથે જોડાયેલું હતું અને પ્રત્યેક પ્રવૃત્તિનો શિક્ષણના સાધન તરીકે ઉપયોગ થતો. ગાંધીજીએ કામ કરતાં કરતાં શીખવાના સિદ્ધાંતની સેવાગ્રામના સંમેલનમાં અસરકારક રજૂઆત કરેલી.એમણે કહ્યું કે,

'બાળકો પોતાના હાથે કામ કરવાનું પસંદ કરે છે. બાળકોનું સઘળું શિક્ષણ કોઈ ઉદ્યમ પર આધારિત હોવું જોઈએ. ઉદાહરણ તરીકે, બાળકોને કપાસના સંગ્રહ માટે ખેતરમાં લઈ જઈ શકાય છે તથા આ માધ્યમથી તેઓ ઘણી બાબતો શીખી શકે છે, જેમ કે કપાસ ઉગાડવાની પ્રક્રિયા, કપાસની ખેતી કયા દેશોમાં થાય છે, કપાસની વિવિધ પ્રજાતિઓમાં રેષાની લંબાઈ, કપાસના બીજ રેષામાંથી અલગ કરવાની પદ્ધતિ; અને જેમ જેમ એ પ્રશ્ન પૂછે એની ઉત્સુકતા વધતી જાય. સ્પંજ પાણીને શોષી લે છે એમ બાળકો જ્ઞાનને શોષી લે એ રીતે શિક્ષકે ઉત્તર આપવા જોઈએ.આ જ્ઞાન બાળકનું પોતાનું જ્ઞાન હોય છે. તેમાં તેને ગોખણપટ્ટીની જરૂર નહીં પડે...આ પદ્ધતિમાં શિક્ષણ બોઝિલ નથી બનતું અને પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે ચોરી પણ કરવી પડતી નથી. ભાર વિનાના આ ભણતરને હું નઈ તાલીમ કે બુનિયાદી શિક્ષણ કહું છું!'

આશાદેવી અને આર્યનાયકમ આ નઈ તાલીમથી અત્યંત પ્રભાવિત થયાં. તેમણે મારવાડી વિદ્યાલય છોડી દીધું. સેવાગ્રામ આવીને વસ્યાં. ગાંધીજીના આશ્રમની નજીક નઈ તાલીમ સંકુલનું નિર્માણ કરાયું. આશાદેવી અને આર્યનાયકમ વિભિન્ન રાજ્યોના નઈ તાલીમ સંગઠનકર્તાઓને પ્રશિક્ષિત કરવા લાગ્યાં. ગામમાં રહેતાં બાળકો માટે એક વિદ્યાલય પણ શરૂ કર્યું. પોતાનાં અને આશ્રમવાસીઓનાં બાળકોને પણ આ વિદ્યાલયમાં દાખલ કર્યાં. સંગઠનકર્તાઓના પ્રશિક્ષણ માટે આ વિદ્યાલય એક પ્રયોગશાળા બની ગયું. આશાદેવી નઈ તાલીમનાં મુખ્ય સ્તંભ બની ગયાં.

આશાદેવી અને આર્યનાયકમનો દિવસ સવારની પ્રાર્થના સાથે પરોઢિયે ચાર વાગ્યે શરૂ થતો અને રાત્રે અગિયાર વાગ્યે સમાપ્ત થતો. તેમણે દેશવિદેશથી મળતા પત્રો વાંચીને એના જવાબ લખવાના રહેતા. નઈ તાલીમ પદ્ધતિ દ્વારા ભણાવવાની પ્રવિધિનો વિકાસ પણ કરવાનો. પ્રત્યેક ક્ષણ વ્યસ્તતાની ક્ષણ હતી. વિદ્યાર્થીઓને ખેતરમાં કૃષિકાર્ય કરાવવા ઉપરાંત ભણાવવાનું, રોજબરોજનું ભોજન રાંધવાના માધ્યમથી રસોઈઘરમાં પણ શિક્ષણ આપવાનું...

આ તાલીમનું પરિણામ એ આવ્યું કે બાળકો જ રોજનું ભોજન તૈયાર કરવા લાગ્યાં. ભોજનના પ્રત્યેક પદાર્થમાં રહેલાં કેલરી, પ્રોટીન, ચરબી અને કાર્બોહાઈડ્રેટ અંગેનું જ્ઞાન તેમણે મેળવી લીધેલું. વિદ્યાર્થી અને શિક્ષક સમુદાયના એક વારના ભોજન માટે કેટલાં ઘઉં, ચોખા, દાળ અને શાકભાજીની જરૂર પડશે એની પણ તાલીમ મળી ગઈ. એના મૂળમાં હતી નઈ તાલીમ!

ગાંધીજીના મૃત્યુ પછી આશાદેવી ફરીદાબાદ ચાલ્યાં ગયાં. શરણાર્થીઓની દેખભાળ કરવામાં પરોવાયાં.બાળકો માટે વિદ્યાલયો શરૂ કર્યાં. દરમિયાન વિનોબા ભાવેની હાકલથી ભૂદાન આંદોલનમાં જોડાયાં. આર્યનાયકમની પ્રબળ ઈચ્છા કારણે વતન શ્રીલંકા ગયાં. પણ ૨૦ જૂન ૧૯૬૮ના હૃદય બંધ પડી જતાં એમનું મૃત્યુ થયું. એ પછી આશાદેવી સેવાગ્રામમાં જ રહ્યાં. દીકરી મીઠુ લગ્ન કરીને અમેરિકા જઈ વસેલી અને દીકરો આનંદ નાનપણમાં જ મૃત્યુ પામેલો. પતિ પણ સાથ છોડીને ચાલ્યા ગયા. સ્વજનો ગુમાવ્યાનું દુઃખ હૈયામાં ધરબી દઈને સમાજનો ભેખ લીધો. પણ તબિયત કથળી. એક આંખ એમણે ગુમાવી દીધી. તાવમાં સપડાયાં. એથી સારવાર માટે નાગપુર લઈ જવાયાં. ફેફસાનાં કેન્સરનું નિદાન થયું. ૩૦ જૂન ૧૯૭૦ના એમનું મૃત્યુ થયું.

આશાદેવીના અવસાનનાં સોળ વર્ષ પહેલાં ભારત સરકારે એમના યોગદાનની નોંધ લઈને ૧૯૫૪માં જાહેર સેવા બદલ એમને પદ્મશ્રીથી નવાજ્યાં.એ વર્ષે પેરીન કેપ્ટનને સ્વદેશી આંદોલનમાં આગળ પડતો ભાગ ભજવવા બદલ, અમલપ્રભાને રચનાત્મક કાર્યો બદલ અને એકમ્મા મથાઈને સ્ત્રીઓના ઉત્થાન માટેનાં કાર્યો સહિત સમાજસેવા કરવા બદલ પદ્મશ્રીથી પુરસ્કૃત કરાયેલાં. પછીના વર્ષોમાં તો ઘણી સ્ત્રીઓને પદ્મશ્રી પુરસ્કારથી નવાજવામાં આવી, પણ પદ્મશ્રીથી પુરસ્કૃત થનારી પ્રથમ મહિલાઓની સૂચિમાં સ્થાન મેળવવું એ આ ચારેય મહિલાની સિદ્ધિ જ ગણાશે!

**ઐક્ય**

એક વખતે બુદ્ધ પરિભ્રમણમાં હતા

ત્યાં કોઈ ભિક્ષુકને રોગથી ઝાડા થઈ જતાં વિષ્ટામાં આળોટતો જોયો.

તુરંત બુદ્ધે એને ધોઈને સાફ કર્યો, પછી શિષ્યોને કહ્યું: 'હે ભિક્ષુઓ ! જે કોઈ મારી સારવાર કરવા ઈચ્છતા હોય તેમણે આ બીમારની સારવાર કરવી.'

પવિત્ર કરુણા સહજ અને સમસંવેદનનું પ્રકટીકરણ હોય છે.

કરુણા જ્યારે જીવન-રસાયણ બને ત્યારે કોઈ પારકા નથી હોતા.

## ૦૫ મોજીલી નેસયાત્રા

### ડો. ભાવના પાઠક

પૂ. મુક્તાનંદબાપુની પ્રેરણાથીઅને નલિનભાઈ પંડિતના અનુભવસભર, દીર્ઘદર્શી વડપણ નીચે ચાપરડાની આસપાસ તેમજ ગીરના અંતરિયાળ વિસ્તારમાં આવેલ નેસમાં વિદ્યામાંગલ્યયજ્ઞ ચાલી રહ્યો છે! તાલીમબદ્ધ ટીમ આ નેસમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ-વિસ્તરણનું કાર્ય કરે છે. નેસમાં માત્ર પાંચ-છ બાળકો હોય તો પણ સરકાર દ્વારા એક કે બે શિક્ષકની નિમણૂક કરવામાં આવી છે! પૂ. મુક્તાનંદબાપુ દ્વારા આ નેસમાં શાળા ચલાવવા માટે શેડ બનાવવામાં આવ્યા છે! અંતરિયાળ સગવડોથી વંચિત વિસ્તારમાં નેસમાં વસતી આ શાકાહારી પ્રજાને શિક્ષિત કરીને તેની સંસ્કૃતિ, પરંપરા, રીતિરિવાજો, આગવી વિશેષતાઓને અકબંધ જતન કરીને તેને સધિયારો આપવાના મનોરથ પૂ. મુક્તાનંદબાપુને છે! ગાયો, ભેંસોની હોસ્પિટલ બનાવવાના ઓરતા પૂ.બાપુને છે. જેમાં તેની સાથે એક વ્યક્તિને રહેવા-જમવાનું ફ્રી, જાનવર સાજું થાય પછી ઘરે જવાનું !

બાલવાડી શિબિરમાં દર વર્ષે પ્રોત્સાહિત કરવા આવતા પંડિતસાહેબે આ વર્ષે લોકભારતી અધ્યાપનના તાલીમાર્થીઓને નેસમાં ચાલતા વિદ્યાયજ્ઞમાં સતત શિક્ષણ માટે આવવાનું રૂડું નિમંત્રણ આપ્યું અને લોકભારતી અધ્યાપનમંદિરના નવનિયુક્ત ઉત્સાહી, પ્રયોગશીલ આચાર્ય જગદીશગિરિ ગોસાઈએ આ આમંત્રણને વધાવી લીધું. અધ્યાપકોએ ઉત્સાહભેર સંમતિ આપી. પંડિતસાહેબ અને જગદીશગિરિના આગ્રહથી મને પણ આ યજ્ઞકાર્યમાં જોડાવાની તક મળી! ગીરમાં તો આ પહેલાં પગપાળા પ્રવાસ કર્યો હતો પરંતુ આ તો ક્યારેય ન વિસરાય એવી મોજીલી નેસયાત્રા બની રહી.

અમને અનુભવને આધારે એવું સમજાયું છે કે ઈન્ટર્નશીપ દરમિયાન ભોજન માટે જો સીધા સામગ્રીની કીટ આયોજનપૂર્વક આપીએ તો તાલીમાર્થીઓને સંતોષ મળે છે અને સસ્તું પણ પડે છે. જાતે રાંધીને જમવાનો એક અવર્ણીનીય લ્હાવો જે આગળ જતા ખૂબ જ ઉપયોગી થાય! આ વખતે પણ સો ટૂકડીઓ સાથે આવી કીટ હતી!

સાવ અજાણ્યા, અંતરિયાળ વિસ્તારમાં આવેલા નેસમાં ભાઈઓની છ ટુકડીઓ જે તેની આસપાસ આવેલા નેસમાં પણ જાય અને ચાપરડાની આસપાસની પ્રાથમિક શાળાઓમાં બહેનોની ટુકડીઓ હતી. દાદરગીર પહોંચતા પહોંચતાં રસ્તામાં આવેલ બહેનોની ટુકડીઓની મુલાકાત લેતી વેળા સૌના ચહેરા ખુશખુશાલ! અહીં બધા અમને કઈ કઈ રીતે સાચવે છે તેની વાતો કરવા સૌ તત્પર હતા. ચાપરડાની યુવા કાર્યકર ટીમે પણ પંડિતસાહેબના માર્ગદર્શનમાં દ્રષ્ટિપૂર્વક આયોજન કર્યું હતું. સ્કૂલના પરિસરમાં જ ટુકડીઓના નિવાસ હતા. સહુ મોજમાં લગતા હતા. રાત્રે દાદરગીર મોડા મોડા પહોંચીને જાતે રીંગણાં શેકીને ઓળો-રોટલાનું જમણ બહેનો સાથે જ કરી લીધું. અનુકૂલનના આત્મનિર્ભરતાના આ પ્રત્યક્ષ પાઠો જ ને?

રાત્રે બહેનોની સાથે તાપણા ફરતે વાતો કરતાં કરતાં ત્યાં જ રહેવાનું નક્કી કર્યું ત્યારે બહેનોનો હરખ ક્યાંય સમાતો નહોતો! આ જ દાદરગીરમાં વર્ષો પહેલા મનુદાદાની સાથે લોકોત્સવ — કૃષ્ણજન્મોત્સવ ઉજવવા આંબલાના વિદ્યાર્થીઓ — કાર્યકરો- અમે સૌ આવ્યા હતા. પાંચ દિવસ દાદાએ અહીં કૃષ્ણકથા કરી હતી. ગામનાં ઘરેઘર શણગાર્યાં

હતાં. એ બધું સ્મરણમાં આવી ગયું. અહીંની પ્રાથમિકશાળાના આચાર્ય સવજીભાઈ અને ગ્રામ-આગેવાનોએ સરસ આયોજન કર્યું હતું. આ શિક્ષકની પ્રતિમા આજે આ શાળામાં શોભી રહી છે! એ ભારતીબેન શિયાળના પિતાશ્રી થાય.

વહેલી સવારે આ પંડિતસાહેબના આગ્રહથી પૂ. મુક્તાનંદ બાપુના ચાપરડા ગામમાં આવેલા આશ્રમમાં નાસ્તો કરવા ગયા. કડકડતી ઠંડીમાં પંડિતસાહેબ સાથે વિદ્યાર્થિની વાતો કરતાં કરતાં નાસ્તો કરી આશ્રમ જોઈને ચાપરડાથી કાસિયા નેસ જતાં કેશવાળીથી શોભતાં રૂપાળાં સિંહ-સિંહણ, સિંહબાળનાં દર્શનથી સૌ રોમાંચિત થયાં!

આ બધા નેસમાં પાંચથી સાત બાળકો હોવા છતાં સરકારે એક કે બે શિક્ષકોની નિમણૂંક કરી છે! જૂનાગઢથી આવતા તૃપ્તિબેનની નિષ્ઠા, આવડત અને આ વિદ્યાયજ્ઞના સહયોગથી અહીંના બાળકોને દોડીને અમારું સ્વાગત કરતા એક બિલાડી જાડી અભિનય કરતાં, અમારી સાથે આસપાસથી પ્લાસ્ટિક વીણતા, વિદ્યાયજ્ઞ દ્વારા અપાયેલા ATE દ્વારા કઈ રીતે વાર્તા સાંભળે છે, શબ્દો શીખે છે તેનું નિદર્શન કરતા જોયાં ત્યારે આંખો ભીંજાયા વિના ન રહી! અધ્યાપન મંદિરના તમામ તાલીમાંર્થીઓ માટે તો આ ખરા અર્થમાં ઉત્તમ સતત શિક્ષણની તાલીમ બની રહી હતી. કેટકેટલું શીખતા હતા આ તાલીમાર્થીઓ!

કાંસિયા નેસ હોઈએ ત્યારે 'અકૂપાર'નું પેલું રેલગાડીની માનતાવાળું દ્રશ્યતો યાદ આવે જ ને?

રાત્રે ઘણું લાંબું અંતર કાપીને જસાધાર નેસ પહોંચ્યાં ત્યારે થાકીને ગોટોવળી ગયાં હતાં પરંતુ ભાઈઓની ટુકડીના સભ્યોએ ભજિયાં, સેવ-ટમેટાનું શાક, ભાખરી બધું તૈયાર રાખ્યું હતું. એ જોઈ ગદગદિત થઈ ગયાં. જમતાં જમતાં મેં પૂછ્યું, તમે આજુબાજુ કાંઈ જોઈ આવ્યા?'

'અરે બહેન, સવારે ઊઠીએ, ગરમ નાસ્તો બનાવીએ, સ્કૂલ જવાની તૈયારી કરીએ. પાછા બપોરનું રાંધીએ અને સાંજે પાંચ કેમ વાગી જાય ખબર જ ન પડે -અને રાત્રે પાછું રાંધવાનું! મને મારી મમ્મી બહુ યાદ આવી ગઈ હો…' એ તો રોજ આવી ઘટમાળમાંથી જ પસાર થાય છે ને! અમે હરખભેર તેની વાતો સાંભાળતા જ રહ્યા…. સંવેદનાની કેવી ચોટડુક કેળવણી!!

'અને બહેન, શિક્ષકો અમારા માટે શાકભાજી, તેમજ જરૂરી વસ્તુ લઈ આવે. એ લોકો રોજ તેમના ટિફીનમાં થોડું વધુ લાવે. ૧ વાગ્યાની રીસેસમાં તો અમારો ભોજનસમારંભ જામે!' જે લોકો એકલા રહેતા હતા એ શિક્ષકો તો આટલા દિવસ વિદ્યાર્થીઓની સાથે જ રહ્યા! ભાઈબંધી જામી! રાત્રે અંધકારમાં સિંહની ત્રાડો સાંભાળવાનો લ્હાવો વિદ્યાર્થીઓને મન અનેરો રહ્યો! ગીરના જંગલમાં ૧૫ દિવસ રહેવાનો મોકો મળ્યો, આપ્યો એ માટે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો આ પંડિતસાહેબને કૃતજ્ઞતા પૂર્વક યાદ કરતાં!

જસાધારમાં ઊઠતાવેંત દૂધરાજના દર્શન કરીને ખજૂરી નેસ જવા નીકળ્યા. ખજૂરી નેસ એટલે લોકસાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીએ જ્યાં 'ચારણકન્યા'ની રચના કરી હતી તે નેસ! રસ્તામાં નાના મીંઢા નેસની મુલાકાત કરી. નાનકડો નીલેશ અને તેની સાથે પાંચેક બાળકો વહેલી સવારે ૬ વાગે ખજૂરી નેસથી દૂધના ટેમ્પામાં નાના મીંઢા ભણવા માટે આવે, ટિફીન લઈને! સાંજે ચાર વાગ્યા સુધી ભણે. અહીંયા ગીતો ગાઈને વાર્તા કહી. 'નીલેશ તુ અમારી સાથે ખજૂરીનેસ બતાવવા આવીશ?'

'હંક…ન.' નીલેશ તો તૈયાર!

જગદીશભાઈ સાથે ગાડીમાં નીલેશ ભોમિયો સાવજની અદાથી આગળ ગોઠવાયો. એકદમ ચમકીલી આંખો… અમે તો નીલેશની સાથે વાતે ચંડ્યા.

'નીલેશ તને સિંહની બીક લાગે?'

'નો…..ય, સિંહથી થોડું બીવાય? ઈ તો અમારી

હારે જ રે.'

'તમારી ભેસને ખાવા સિંહ આવે?'

'ભેંસ તો સિંહને ભગાડી દે. અને સિંહને કોઈ દિ વાંહો નો દેખાડાય... એની તો સામે ઊભા રહી જવાનું! લ્યો, ખજૂરી નેસ આવી ગયો.'

નીલેશ દોડીને એની મમ્મીને બોલાવી આવ્યો. મોટા વાડામાં પચાસથી વધુ તંદુરસ્ત ભેંસો. એક બાજુ દૂધનો માવો બનાવવાના ભઠ્ઠા. દરેક નેસમાં આ વ્યવસાય હવે સારી રીતે ચાલે છે.

'તમે અમારા મહેમાન છો. બાર વાગી ગયા છે. જમવા બેસી જાવ.' નીલેશના મમ્મી આગ્રહ કરવા લાગ્યા. 'અમે અમારા વિદ્યાર્થીઓ સાથે જમવાના છીએ.' અમે કહ્યું.

મોટા પતાસાં જેવડા પેંડા ભરેલી થાળી લઈને નીલેશ અને એના મમ્મી આવ્યાં. અમે મીઠું મોં કરીને નેસ જોવા નીકળ્યાં. નેસમાં વડીલો સાથે અમને મુલાકાત કરાવી. ક્યાંય લાઈટ નહી. બધું સોલારથી ચાલે! છતાં બધા સંતોષી મોજમાં જણાય. અજંપો, નિરાશા, અસંતોષ ક્યાંય નહી.કઠોર પરિશ્રમ કરીને સહુ ખડતલ! તહેવારો, ઉત્સવો, લગ્નપ્રસંગો બધા સાથે મળીને ઊજવે. પાંચમા સુધી નેસમાં ભણીને આગળનું ભણતર ભણવા સૌ ચાપરડા બાપુના આશ્રમમાં જાય.

આ નેસનો જ એક યુવાન આર્મીમાં નોકરી કરે. રજામાં આવ્યો હતો, ચારણકન્યા પ્રસંગની વાત નીકળી તો કહે, 'અહીં તો છાશવાર સિંહની સાથે આવી ઘટના ઘટે. આ તો કવિરાજ હાજર અને ખજૂરી નેસ અમર થઈ ગયો.'

પાછા ફરતા નીલેશને પૂછ્યું. 'નીલેશ, ટિફીનમાં રોજ શું લાવો છો?

'દૂધની કઢી અને રોટલી.' નીલેશ બોલ્યો, 'અરે, દૂધની કઢી તો ખાધી જ નથી. 'ઈ તો બહુ મસ્ત લાગે, તમે રોકાણા હોત તો મારી મમ્મી ખવડાવત!'

અમે વાતવાતમાં પૂછ્યું, 'નીલેશ, તું ભણીને નોકરી કરીશ તો પાછો નેસમાં આવીશ?

એ જ ક્ષણે નીલેશે કહ્યું, 'હું ભણીને મોટો થઈશ અને નોકરી કરીશ અને નેસમાં તો આવીશ જ. મને નેસ વિના ન ગમે.' વાતવાતમાં નાના મીંઢા નેસ આવી ગયો. નાનકડા નીલેશને આવજો કહેતી વેળા તેના હાથમાં વાર્તાની પુસ્તિકા મૂકતાં મનમાં થયું જલ્દી નીલેશના ખજૂરી નેસમાં શાળા શરુ થઈ જાય અને ૨૬ જાન્યુઆરીના રોજ સૌના સહિયારા પ્રયાસથી પંડિતસાહેબ, મહાનુભાવો અને આપણા તાલીમાર્થીઓની હાજરીમાં ખજૂરી નેસ શાળામાં દીપપ્રાગટ્ય અને અભિનયગીતોની રમઝટ મચી ગઈ!

અમે ચીખલકુબામાં તાલીમાર્થીઓ અને શિક્ષકોના સ્વાવલંબી ભોજન સમારંભમાં જમ્યા અને તુલસીશ્યામ બાજુ જવા નીકળ્યા. ગમે ત્યાં જઈએ લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અત્ર... તત્ર... સર્વત્ર... અહીં ચેકપોસ્ટમાં આપણો વિદ્યાર્થી ઘનશ્યામ. તેણે આપણા તાલીમાર્થીઓને ૧૫ દિવસ ખૂબ મજા કરાવી તેની સાથે રહ્યો. અન્ય બે નેસમાં તે અમારી સાથે રહ્યો. દલી નેસમાં તાલીમાર્થીઓએ આગ્રહપૂર્વક જમવા રોક્યા. અમે સૌએ સ્વયંપાક કર્યો. જમીને અમે નીકળતાં હતાં ત્યાં પડોશમાં રહેલા લોકો આવ્યા. 'અરે, જવાનું નથી હજી તો દુહાછંદની રમઝટ બાકી છે' એમ કહી ગાવાનું શરુ કર્યું. 'દલીનો નેસ રળિયામણો રે લોલ... ' અમે કહ્યું, 'અમારે નીકળવાનું છે.' તો કહે, 'ઓઢવા પાથરવાની કોઈ કમી નથી હો... અમારા ઘરે તમારે સૂવાનું છે. અમે તો રોજ રાત્રે આ ભાઈઓ સાથે દુહાની રમઝટ બોલાવીએ છીએ.'

અમે માયધાર તરફ જવા નીકળ્યાં ત્યારે મનમાં થયું આપણે તો 'ગાજે છે ગીત જ્યાં હેતનાં રે રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું... 'ગીતને ગાઈ જાણીએ છીએ. આ બધા નેસના લોકો આ ગીત જીવી જાણે છે!!

## ૦૬ ભૂરી છત્રી

**રસ્કિન બોન્ડ અનુવાદ : ડંકેશ ઓઝા**

---

(ગતાંકથી ચાલુ)

બિનીયા પોતાની ભૂરી છત્રી ભાગ્યે જ બંધ કરતી. ઘરમાં હોય ત્યારે પણ એક ખૂણામાં તે છત્રીને ખુલ્લી મૂકી રાખતી. બિરજુ ક્યારેક રસ્તામાં નડે છે એમ કહીને તેને બંધ કરી દેતો, પણ ત્યારે બિનીયા થોડી જ વારમાં ખોલી નાખતી કારણ છત્રી બંધ હોય ત્યારે એટલી સુંદર નહોતી લાગતી.

બિનીયા જ્યારે પણ બહાર જતી – ગાયો ચરાવવા, ઝરણામાંથી પાણી ભરી લાવવા કે પછી ટેહરી રોડ પર આવેલી નાનકડી ચાની દુકાનમાંથીદૂધ લેવા – છત્રી તો એની સાથે ને સાથે રાખતી. પહાડની ટેકરીઓ પર આકાશી ભૂરા રંગની છત્રી બધાને દેખાયા જ કરતી.

ટેહરી રોડ પર વૃદ્ધ રામભરોસાની ચાની દુકાન હતી. રસ્તો ધૂળિયો અને ડામર વિનાનો હતો. ટેહરીની બસ દિવસમાં એક વાર ચાની દુકાને ઊભી રહેતી. મુસાફરો ગરમ ચા કે દહીંનું પ્યાલું લેવા નીચે ઊતરતા. એની પાસે થોડી કોકોકોલાની બોટલ હતી, પણ બરફ ન હતો. ગરમીમાં તે ગરમ થઈ જતી, તેથી તે ભાગ્યે જ ખોલવામાં આવતી. રમભરોસા થોડી મીઠાઈ અને પીપરમીંટની ગોળીઓ પણ રાખતો. બિનીયા કે બિજ્રુ પાસે થોડા સિક્કા વધારાના હોય ત્યારે તેઓ પણ આ દુકાને આવતા. ગામથી એક માઈલ જ દૂર હતી આ દુકાન.

બિનીયાની ભૂરી છત્રી જોઈ રામભરોસા ચોંકી ઊઠેલો. તેણે પૂછેલું, 'બિનીયા, તારી પાસે એ શું છે?' બિનીયાએ તો છત્રી ઘુમાવી અને રામભરોસા સામે જોઈને હસવા લાગી. એ સદાય હસતી રહેતી. મજાથી એમને તે આપતી જે જોઈને મેળવનાર દુઃખી થઈ જતા. રામભરોસાએ કહેલું, 'એ તો સ્ત્રીઓ માટેની છત્રી છે. માત્ર મેમસાહેબો તે વાપરે. તું વળી ક્યાંથી લઈ આવી?'

'મને મારી માળાના બદલામાં કોઈકે આપી.'

'તેં પેલા લકી વાઘનખના બદલામાં લીધી?' બિનીયાએ હકારમાં માથું ધુણાવ્યું.

'પણ તારે એની શી જરૂર? તડકો તો એટલો છે નહીં અને વરસાદમાં તો આ કામ નહીં લાગે. આ તો પૈસાદાર મહિલાઓને આનંદ કરવાની સુંદર ચીજ છે.' બિનીયાએ ફરી માથું ધુણાવ્યું. તે હસવા લાગી. રામભરોસાની વાત બિલકુલ સાચી હતી. આ એક સુંદર રમકડું હતું. અને ખાસ તેથી જ તો એ એના પ્રેમમાં પડી હતી!

દુકાનદારે કહ્યું, 'મારી પાસે એક આઈડિયા છે. આ છત્રી તારે કંઈ ખપની નથી. મને વેચાતી આપી દે ને! હું તને એના પાંચ રૂપિયા આપીશ. બિનીયાએ કહ્યું, 'એના તો પંદર થાય.'

'સારું ત્યારે હું તને દસ આપીશ.'

બિનીયા હસવા લાગી અને માથું ધુણાવ્યું. રામભરોસાએ પોતાની મોટી મૂછો આમળી બિનીયા સામે કટાક્ષભરી નજરે જોયું અને એની હથેળીમાં પીપરમીંટ મૂકી દીધી. ધૂળિયા માર્ગે જતી બિનીયાને તે જોઈ જ રહ્યો. આ ભૂરી છત્રીએ એને પણ એવો મોહિત કરી દીધેલો કે છત્રી દેખાતી બંધ થઈ ત્યાં સુધી એ દિશામાં તાકી જ રહ્યો.

ગામલોકો આ રસ્તાનો બજારમાં જવા ઉપયોગ કરતા. કેટલાક બસમાં જતા, થોડા ખચ્ચર પર સવારી કરતા અને મોટાભાગના પગે ચાલતા જતા. જોકે આજે રસ્તા પરનો પ્રત્યેક જણ ડોકું ફેરવી ફેરવીને પેલી છોકરીને અને તેની ભૂરી છત્રીને જોઈ રહ્યો હતો.

બિનીયા પાઈનવૃક્ષને છાંયડે બેઠી. છત્રી હજી એની બાજુમાં ખુલ્લી પડી હતી. બે હાથમાં તે પોતાનું ડોકું ઝુલાવી રહી હતી, ત્યાં એને ઝોકું આવી ગયું. આ દિવસ જ એવો હતો જેની ગરમીમાં કોઈને પણ ઊંઘ આવી જ જાય. જેવી તે સૂતી કે પવન ફૂંકાયો. પવન ધીમે ધીમે વૃક્ષોની પાછળથી આવી રહ્યો હતો અને તેના ધીમા સૂસવાટા સંભળાતા હતા. પછી તો એમાં તેજ ગતિ આવી ગઈ અને પહાડોની ટોચ પર તે ફૂંકાવા લાગ્યો. વૃક્ષો તેના આવકારમાં ડોકાં નમાવવા લાગ્યાં. બિનીયાના ગાલની સાથે પવન રમત કરતો હતો. ઘાસ પર પડેલી છત્રી પણ ધ્રૂજવા લાગી.

પવન જોરથી ફૂંકાયો અને તેણે ઝાડનાં ખરેલાં પાંદડાંને ઘુમરાવીને આકાશે પહોંચાડવાનું શરૂ કર્યું. એ છત્રીમાં પણ ભરાયો અને ઘાસ પર તેને ખેંચવા લાગ્યો. પવને છત્રીને પણ ઊંચકી. ઊંઘતી છોકરીથી છત્રીને છ ફૂટ દૂર ઘસડી ગયો. હવે પવનના અવાજથી બિનીયા જાગી ગઈ.

તે એકદમ દોડવા લાગી અને તીક્ષ્ણ ઢોળાવ પર કૂદતી દોડી. જેમ જેમ તે છત્રીની નજીક પહોંચે, પવન તેને વધુ ને વધુ દૂર ખેંચતો જાય. જેમ જેમ તે છત્રીની નજીક પહોંચે, પવન તેને વધુ ને વધુ દૂર ખેંચતો જાય અને ટેકરીની નીચે તરફ લેતો જાય. બિનીયાએ છત્રીનો પીછો કરવો શરૂ કર્યો. પવન થોડો ગાંડો અને વધુ રમતિયાળ મૂડમાં હતો. એ છત્રીને થોડીવાર સ્થિર થવા દે અને જેવી બિનીયા છત્રીની નજીક આવે કે તે છત્રીને ફરી ઉપાડે અને છત્રીને નાચતીકૂદતી બિનીયાથી દૂર લઈ જાય.

ટેકરી હવે તીક્ષ્ણ ઢોળાવવાળી થતી હતી. બિનીયા જાણતી હતી કે વધુ વીસ યાર્ડ પછી તે નીચેની ખાઈમાં પડી જશે. તે વધુ તેજ ગતિએ દોડી. પવન એની પાછળ પડ્યો અને આગળ નીકળી ગયો. છત્રી બિનીયાની સાથે નહીં પણ પવનની સાથે જ ગઈ. નવી પવનની ઘુમરી એને ખાઈના એક છેડા સુધી તાણી ગઈ. પછી થોડી ક્ષણ સ્થિર થઈને ગલોટિયું ખાઈને તે નજરથી દૂર થઈ ગઈ. બિનીયા ખાઈના કિનારા સુધી દોડી ગઈ અને ઘૂંટણિયે પડી ખીણની નીચે ડોકિયું કરવા લાગી. નીચે સેંકડો ફૂટ દૂર પથરાઓની વચ્ચેથી નાનકડું ઝરણું વહી રહ્યું હતું. આ ખીણને છેડે ઝાડનાં થોડાં ઠૂંઠાં માત્ર હતાં. જંગલી ચેરીનું ઝાડ આ ખડકોમાંથી ગમે તે રીતે ફૂટી નીકળ્યું હતું. તે ખીણ પર લટકતું ન હોય એમ લાગતું હતું. છત્રી અંતે આ ચેરીના ઝાડમાં ફસાઈ ગઈ.

બિનીયા સહેજે ગભરાઈ નહીં. પહાડોમાં તો તે ઘરની જેમ ઘુમતી. હિંમતપૂર્વક એણે તો ખીણમાં ઊતરવા માંડ્યું. ક્યાંક ક્યાંક પગ બરાબર મૂકી શકાય તેમ તે ઉપરના હાથ છોડતી જતી. એનો ચહેરો પહાડની ઉપર તરફ હતો. ક્યાંક મજબૂત ઝાંખરા, ભલે કાંટાવાળાં હોય તેમાં તે પગ ભરાવતી. નાના છોડનો વિશ્વાસ ન કરતી.

કેટલાક પથ્થરો ખરીને નીચે પડવા લાગ્યા. એકવાર પથરા નીકળે પછી છેક તળિયે પહોંચે ત્યારે અટકે, સાથે થોડા બીજાને પણ લેતા જાય, એટલે પથ્થરનો ઢગલો થાય. પણ બિનીયા જાણતી હતી કે લૅન્ડ્સ્લાઈડ ન થવા દેવાય.

પહાડી બકરીની જેમ એ એટલી જાણકાર હતી કે પાંચ મિનિટમાં પેલા ચેરીના ઝાડ પાસે પહોંચી ગઈ. હવે સૌથી અઘરું કાર્ય બાકી હતું. તે હતું ખાઈ તરફ લટકતા ચેરીના ઝાડના થડ સુધી પહોંચવાનું. પછી એની ડાળીઓ પર લટકતી છાત્રી સુધી પહોંચી શકાય.

ઝાડ પર ચડવામાં બિનીયાને કદી ડર લાગ્યો ન હતો. એને ગર્વ હતો કે બિજ્જુની માફક પોતે પણ ઝાડ પર ચડી શકતી હતી. પગની આંગળીઓથી પકડ મેળવીને ખરબચડા ચેરીના ઝાડ પર એણે તો ચડવા માંડ્યું. લગભગ ચાર પગે એ ચેરીના ઝાડ પર આગળ વધતી રહી અને લગભગ છત્રી સુધી પહોંચવા આવી. હવે તેણે જોયું કે છત્રી તો ઘણી જગ્યાએથી ફાટી ગઈ હતી. એ જોઈને તેને ખૂબ નિરાશા થઈ.

જેવું તેણે નીચેની તરફ જોયું એ ખૂબ ગભરાઈ ગઈ.

નીચેના ખડકોમાંથી વહેતા ઝરણાથી એ જોખમી રીતે એંસી ફૂટ ઊંચે હતી. નીચે જોઈને એને ચક્કર આવવા લાગ્યા. હાથ ધ્રૂજી ઊઠ્યા અને તે સાથે વૃક્ષ પણ ધ્રૂજી ઊઠ્યું. અત્યારે તે જો એના હાથ છટકે તો તે સીધી નીચે, વધુ નીચે, ઊંડી અંધારી ખીણમાં જ જાય.

હવે એણે એક જ વસ્તુ કરવાની હતી, થોડા ફૂટ દૂર રહેલા ભૂરા રંગને પકડવાની. તેણે ઊંચે પણ ન જોયું, નીચે પણ ન જોયું પણ સીધું જોયું અને હળવેકથી છત્રી તરફ ગતિ કરી.

હાથમાં છત્રી પકડીને ચાર પગે પાછા વળવાનું અઘરું હતું. તેથી તેણે ઝાંખરામાંથી છત્રીને છૂટી કરી પણ પકડવાને બદલે નીચે ખાઈમાં જ પડવા દીધી. હળવા વાયરાને કારણે છત્રી ધીરે ધીરે ઊડતી ઊડતી છેક નીચે જઈ પડી. બિનીયા ચેરીના ઝાડના થડ તરફ પાછી ફરી. વીસ મિનિટ પછી નીચેના ઝાડી-ઝાંખરામાં એની કીમતી છત્રી અધ્ધર પડી હતી. આખા શરીરે અને ખાસ તો પગમાં એને કેટલાય ઉઝરડા પડી ગયા હતા અને ઝાંખરાએ કેટલાય ચટકા ભર્યા હતા. પણ બિજ્જૂ જેમ મધમાખીઓથી ડરતો ન હતો તેમ બિનીયા પણ આ બધાથી સહેજે ડરતી ન હતી.

ક્રમશ...

**અહમ્ પીગળે**

મહાકવિ કાલિદાસના જીવનમાં બનેલા એક પ્રસંગને સંવાદના ઉપાદાનથી જોઈએ. કાલિદાસ વિચારગોષ્ઠિ માટે બીજા શહેરમાં જતા હતા. ઉનાળાના દિવસો હતા, રસ્તામાં તરસ લાગતાં, આસપાસ જોતા ત્યાં એક બાળકી હતી.

કાલિદાસઃ 'બેટા, મને પાણી પિવડાવને'

બાળકીઃ 'તમે કોણ છો?'

કાલિદાસે એ બાળકી સામે જોઈ અભિમાનથી કહ્યું: 'હું મહાન કવિ અને જ્ઞાની છું.'

બાળકીઃ 'તમે મહાન, વિદ્વાન, જ્ઞાની છો તો મારા એક પ્રશ્નનો ઉત્તર આપો તો પાણી પીવડાવીશ'

કાલિદાસઃ ' પ્રશ્ન કહો'

બાળકીઃ ' સંસારમાં સૌથી અધિક બળવાન બે કોણ?'

કાલિદાસ પ્રશ્ન સાંભળી વિચારે છે પણ જવાબ આપી શકતા નથી.

ત્યારે બાળકી બોલી :'સંસારમાં ભૂખ અને તરસ એ બે જ બળવાન છે. તરસથી તમારી જુઓ કેવી કફોડી હાલત થઈ છે.'

બાળકી તો પ્રશ્ન પૂછી જવાબ આપી પોતાની ઝૂંપડીમાં જતી રહી. ઝૂંપડીમાંથી એક વૃદ્ધા બહાર આવી એટલે કાલિદાસે તેમની પાસે પણ પાણીની યાચના કરી.

વૃદ્ધાએ પૂછયુંઃ ' તમે કોણ છો? '

કાલિદાસ ગુસ્સામાં આવીઃ 'હું હઠીલો છું.'

વૃદ્ધા કહે : 'હઠીલી તો બે જ વસ્તુ છે. એક નખ અને બીજા વાળ એને ગમે તેટલાં કાપો તો ફરી વધી જાય છે.'

બાળકી અને વૃદ્ધાના જવાબો સાંભળી કાલિદાસનો અહંકાર ગાયબ થઈ જાય છે તે પૂછે છેઃ 'મા તમે કોણ છો? '

છેવટે મા શારદા સાક્ષાત્ કાલિદાસને દર્શન આપે છે. કાલિદાસ વંદન કરી રહે છે.

## ૦૭ છાત્રાલય-કેળવણીનું ફળદાયી પરિણામ

### ડૉ. નીતિન ભીંગરાડિયા

ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ, મેધાવી સાહિત્યકાર અને બહુશ્રુત શિક્ષણવિદ મનુભાઈ પંચોળી 'દર્શક', આદર્શ કેળવણીકાર મૂળશંકરભાઈ ભટ્ટ અને નિઃસ્પૃહી લોકશિક્ષક નટવરલાલ પ્ર.બુચના જીવનતપથી સિંચાયેલી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ તેની શિક્ષણપ્રણાલીને કારણે શિક્ષણપ્રેમીઓની પ્રશંસાનાં પુષ્પો ઝીલતી આવી છે. લોકભારતીની શિક્ષણવ્યવસ્થાના મૂળમાં માનવઘડતર અને રાષ્ટ્રનિર્માણના હેતુઓ સમાવેશ પામેલાં છે. વિદ્યાર્થીઓમાં મનુષ્યત્વની ખીલવણી કરી સમાજ ઉપકારક નાગરિક તૈયાર કરવાની ખેવના હંમેશા આ સંસ્થાએ કરી છે. સ્થાપનાકાળથી પોતાના ધ્યેયો અને સ્વપ્નોને સાતત્યપૂર્વક અકબંધ રાખી ઊજળાં પરિણામો સમાજ અને રાષ્ટ્રને આપ્યાં છે. શિક્ષણના નિત્યનવીન પ્રયોગો અને અનુબંધિત કેળવણી થકી સમાજ અને રાષ્ટ્રને પ્રાણવાન બનાવવાનું દાયિત્વ સાંગોપાંગ નિભાવ્યું છે.

કોઈ પણ સંસ્થાની સાચી મૂલવણી કઈ હોઈ શકે એ પ્રશ્ન હંમેશા સંકુલ રહ્યો છે. મૂલવણીના માપદંડો વિશે અભિપ્રાયભેદ પણ જોવા મળી શકે! સંસ્થાના ભૂતકાળ અને સાંપ્રતના પરીક્ષણ થકી પ્રાપ્ત નવનીત જ શ્રેષ્ઠતાનું સાચું પરિચાયક હોય છે. અંતે તો શૈક્ષણિક સંસ્થાએ રાષ્ટ્ર અને સમાજને શું આપ્યું એ જ તો વૈભવ ગણાય. લોકભારતીએ આજ પર્યંત અનેક સમાજસેવકો, મૂલ્યનિષ્ઠ અને વત્સલ શિક્ષકો, પ્રગતિશીલ ખેડૂતો, પર્યાવરણ પ્રેમીઓ, જાહેરજીવનનું પ્રેરક નેતૃત્વ, પ્રામાણિક વહીવટકર્તાઓ, રચનાત્મક કાર્યકરો,રાષ્ટ્ર અને સમાજ સમર્પિત સંવેદનશીલ નાગરિકો તૈયાર કરી રાષ્ટ્ર નિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. નઈ તાલીમના વિચારને વરેલી આ સંસ્થા સમ-વિષમ સંજોગોમાંથી પસાર થઈ શૈક્ષણિક કર્તવ્ય ખરાં અર્થમાં નિભાવતી આવી છે. આથી જ સંસ્થાના પ્રદાને અનેક બુદ્ધિમાનોને પ્રભાવિત કર્યા છે.

અહીં પ્રારંભે સસ્થાનું મહિમાગાન કરવાનું એક ખાસ કારણ છે. મહિમાગાનને એક ભૂમિકા બનાવી મને પ્રભાવિત કરનારી તાજેતરની એક ઘટનાને તેના સમર્થનમાં સૌ સાથે વહેંચવી છે. લોકભારતી વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટે હંમેશા પ્રતિબદ્ધ રહી છે. તેના સહજ અને જીવંત દાખલાઓ સતત મળ્યા જ કરે છે. શિક્ષણ અને કેળવણીનું સાયુજ્ય કરી જાગૃત અને સંવેદનસભર માનવ તૈયાર કરવા છાત્રાલયને અનિવાર્ય ઘટક ગણ્યું છે. છાત્રાલય સંસ્કાર-ઘડતરનું ધરુવાડિયું ગણાય છે. અભ્યાસમાં નબળો વિદ્યાર્થી પણ છાત્રાલયની કેળવણી થકી ઉમદા અને સારો માણસ બની સમાજને ઉપયોગી થઈ જીવનને મહેકાવતો હોય છે. છાત્રાલયનું સમૂહજીવન વિદ્યાર્થીઓની સારપ અને નબળાઈઓનો સરવાળો અને બાદબાકી કરવાનું નિમિત્ત બને છે. છાત્રાલયની સમૂહભાવના અખંડદર્શન આપી હૃદયને ઋજુ બનાવી માનવીય ઘાટઘૂટ આપે છે. છાત્રાલયજીવનમાં વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્વનો અને મનુષ્યત્વનો વિકાસ થાય છે. ચારિત્ર્યઘડતરની સાથે સંકળાયેલા કાર્યકરોનો પણ અદશ્ય રીતે આત્મવિકાસ થતો છે. વિદ્યાર્થી-કાર્યકરનો પરસ્પર વિકાસ સામાજિક અને આત્મીય સંબંધોનો સેતુ બની જતો હોય છે. છાત્રવાસી વિદ્યાર્થી અને ગૃહપતિ વચ્ચે આત્મીય સંબંધો જીવનખુશ્બોનું વિસ્તરણ કર્યા જ કરે. પૂર્વવિદ્યાર્થીઓ પણ છાત્રાલય અનુભવોનું ગુણગાન ગાતાં થાકતા હોતા નથી. સમૂહજીવનને કારણે વિદ્યાર્થીઓમાં નિર્મળ મૈત્રીભાવ અને નિતાંત પરિવારભાવ વિકસતો-વિલસતો રહે છે.

મારી કારકિર્દીમાં છાત્રાલય જવાબદારી સાથે પ્રત્યક્ષ

કે પરોક્ષ રીતે રીતે આઠ-દસ વર્ષ સંકળાવાનું બન્યું છે. સીધી જવાબદારીમાં ન હોવા છતાં છાત્રો સાથે અતૂટ નાતો જળવાયો છે. છાત્રાલય સંચાલન-સંકલન કરતા વિવિધ સ્મરણીય અનુભવો થયા છે. દરેક અનુભવો વિષે નિરાંતે લખી શકાય તેવા હૃદયસ્પર્શી હતા. મારાં સંવેદનવિશ્વને ઝંકૃત કરે અને અને 'સ્વ'ની શોધ કરવા પ્રેરે એવા અનુભવો પણ સ્મરણમંજૂષામાં પડેલા છે. કલમ સક્રિય બનશે ત્યારે આત્માવલોકન કરતાં કરતાં સ્મરણો આલેખવાનું ગમશે. અલબત્ત આજે છાત્રાલયકેન્દ્રી જ એક ઘટનાએ મને ઝંકૃત કર્યો તેની વાત કરવી છે. છાત્રાલયમાં કેળવણી પ્રાપ્ત કરેલાં વિદ્યાર્થીઓમાં પારિવારિક ભાવના અને સંવેદના કેટલી જીવંત અને સહજ હોય છે, તેના પ્રત્યક્ષ સાક્ષી બનવાનું સદભાગ્ય મળ્યું એ સંતૃપ્ત કરનારી ક્ષણોની ઝાંખી સ્વર્ગસ્થ વિદ્યાર્થીના ચરિત્રમહિમા સાથે કરાવવી છે.

૨૦૧૮ ના જુલાઈ માસમાં એક દિવસ બપોરે કેટલાક વિદ્યાર્થીઓ મારાં ઘરે આવ્યા. આ વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૦૯-૧૦માં બી.આર.એસ. પૂરું કરેલું. આનંદબજારમાં 'હરિની હાટડી' નામે મફત ખીચડી-કઢી અને શીતળ છાશનો એક સ્ટોલ સાથે મળી નાખેલો. તે દિવસથી મને 'હરિ' કહીને આ છાત્રો બોલાવતા. દ્વાર પર આવીને હળવા સૂરે કહેઃ '...હ..રિ..' અનુકૂળતા હોય તો નંદગામ(ડેડકડી) જવું છે. સાથે આવો.' મેં કારણ પૂછ્યું. તો કહેઃ 'ભાઈ' (અનિલ ચૌહાણઃપ્રિય થયેલું નામ ) અકસ્માતમાં ગુજરી ગયો છે.' હું સમાચાર સાંભળી સ્તબ્ધ થઈ ગયો. તદન નિરુત્તર જેવો. ભાઈની રેખાકૃતિ અને ગુણાકૃતિ મારામાં જીવંત થઈ તરવરવા લાગી. સરળ અને શાંત સ્વભાવ, મિલનસાર પ્રકૃતિ, પુરુષાર્થી જીવ, સાદગીસભર અને સંસ્કારીતાની અમીટ છાપ મારામાં અંકિત કરનાર અનિલ ચૌહાણ 'ભાઈ' ગુમાવ્યાનું દુઃખ સૌના ચહેરા પર વર્તાતું હતું. હૃદયસ્થ અવ્યક્ત પીડા વાણીમાં ધ્રુજતી હતી. સૌના ચહેરા પર પોતાનો સગો ભાઈ ગુમાવ્યાની વ્યથા વંચાતી હતી. 'ભાઈ' જીવનની યાત્રાને આ રીતે વિરામ આપશે એ હું સ્વપ્નેય ન વિચારી શકું. ભરાવદાર સદૈવ હસતો ચહેરો અને મિતભાષી ભાઈ દિવ્યાંગ હોવા છતાં સવાયો સક્ષમ માણસ હતો તેની પ્રતીતિ ગૃહપતિ તરીકે મને હતી. સહાધ્યાયી મિત્રો તેની સતત મજાક-મસ્તી કર્યા કરે. ભાઈને ચીડવવાના પૂરતા પ્રયાસ કરે પણ એ તો એ બાબતમાં કાળમીંઢ પથ્થર. ભાગ્યે જ હાસ્યવદને ઉશ્કેરાય. વિરોધીઓને પણ નતમસ્તક કરવાની જીવનવ્યવહારની કુશળતા તેનામાં વસેલી હતી. ગૃહકાર્યોથી શરુ કરીને વર્ગકાર્ય સુધીના તમામ કામોમાં ભાઈ પૂરો નિયમિત. કોઈ સૂચના આપવી પડે એવી કચાશ રાખે જ નહીં. એક સંસ્કારી અને આદર્શ વિદ્યાર્થી તરીકેની છાપ આત્મસૂઝથી અંકિત કરેલી.

ધોળા પાસેના નાનકડા નંદગામમાં સામાન્ય અને ગરીબ કુટુંબમાં ભાઈનો ઉછેર થયેલો. પિતા વાઘજીભાઈને ત્રણ સંતાનો. બે દીકરા અને એક દીકરી. ત્રણેય ભાંડુઓમાં અનિલ મોટો; એટલે સ્વાભાવિક રીતે જ ઘરની જવાબદારીઓની અપેક્ષા સહજ હોય. વાઘજીભાઈએ બાલ્યાવસ્થાથી જ એવા સંસ્કાર સીંચ્યા કે ગામ અને સંસ્થામાં વિશેષ પ્રીતિપાત્ર બનેલો. પરિપક્વ સમજદારી અને વર્તનની શિષ્ટતા તેના સંસર્ગમાં આવેલાને સતત વર્તાયા કરે. ઘરનો મોભી બનવા સક્ષમ અને આશાસ્પદ ભાવિરૂપ 'ભાઈ'નો જીવનમોભ અકાળે તૂટી જશે એની કોઈને કલ્પના પણ નહોતી ! માતાપિતાએ દીકરા માટે સાધારણ સ્વપ્નાઓ જોયેલા. તેમને કઠોર પરિશ્રમ કરીને આર્થિક ખેંચ વચ્ચે લોકભારતીમાં ઉચ્ચ અભ્યાસ અર્થે મોકલેલો. પશુપાલન વિષય સાથે સ્નાતક થઈ ગ્રામસેવકની નોકરી આત્મબળે મેળવી. વિષય તાદાત્મ્યતા સાથે જ્ઞાન અને અનુભવ-પ્રાપ્તિના સઘળાં દ્વાર તેણે હંમેશા ખુલ્લા રાખેલા. કોઈપણ કાર્યકરના ઉંબરે ઊભા રહી વાચનસામગ્રી મેળવવી એ તેના જીવનનો શોખ હતો. નવરાશની પળોમાં કાયર્કર પરિવારના ઘરે જઈ કોઈ સાંપ્રત વિષયની મુક્ત ચર્ચા કરવી એ તેનો આનંદ. ખોટી પ્રવૃત્તિના પ્રોત્સાહક બનવાના કે નબળી

વ્યક્તિઓના સહવાસમાં આવવાના ગેરફાયદાઓ કદાચ જન્મથી જ જાણી લીધેલા. તોફાની કે નબળી છાપ ધરાવતા સહાધ્યાયી સાથે કેવો ઘરોબો કેળવવો એ આત્મસૂઝ ગજબની! જળકમળવત સંબંધ જાણે તેની જીવનમૂડી. ઈશ્વરે દિવ્યાંગ બનાવ્યો પણ પણ જીવનમાં એક પણ અંશ દિવ્યાંગ ન રહેવા દીધો. ધવલરંગી ભાઈના જીવનરંગો પણ ધવલ અને શાતા આપનારા. સંયમી વાણી-વર્તન તેના જીવનની શોભા. ઘરની આર્થિક સ્થિતિને સમજીને કરકસરયુક્ત અને સ્વાવલંબી બની અભ્યાસ કર્યો. કોની સાથે કેટલું અંતર જાળવવું એ આત્મજ્ઞાન આત્મસાત કરી લીધેલું પણ કોઈને તેનો અહેસાસ ન થવા દીધો. છાત્રાલયજીવન મૂલ્યાંકનમાં તમામ માપદંડોમાં શતકીય ગુણોથી ઉત્તીર્ણ થવાનું જીવનતત્ત્વ તેની પાસે હતું. સહાધ્યાયી વિદ્યાર્થીઓ સાથે વાડવેલાનો સંબંધ. ભાઈ વાડ બનીને સહાધ્યાયીઓને જીવનસહાય કરે એવું સંવેદનશીલ અને પરોપકારી વ્યક્તિત્વ.

૨૦૦૯-૨૦૧૦ વર્ષના ગ્રામવિદ્યા સ્નાતકના વિદ્યાર્થીઓનું જૂથ મારાં માટે યાદગાર અને વિશિષ્ટ હતું. સામાન્ય રીતે દરેક વર્ષે હોય છે તેમ થોડાં તોફાની, મસ્તીખોર અને અક્કડ વલણ ધરાવતા વિદ્યાર્થીઓ પણ ખરાં! આ જૂથની સંગઠનશક્તિ ધ્યાનાકાર્ષક. મનગમતો નિર્ણય લેવડાવવામાં એકસૂર અને એકહાથ બનીને ઝઝૂમે. લોકસેવામાં વર્ષાન્તે આવતી પરીક્ષાનું સમયપત્રક એકવાર જાહેર થયા બાદ બદલવું લગભગ અસંભવ. આ જૂથના એક સહાધ્યાયીનાં લગ્ન વાર્ષિક પરીક્ષાના દિવસોમાં નિર્ધારિત થયેલા. તમામે નક્કી કરેલું કે લગ્નના દિવસે પરીક્ષામાં રજા રખાવી લગ્નની મજા માણવી છે. છાત્રાલય હાજરીમાં મારી પાસે હળવેકથી પ્રસ્તાવ મુકાયો. મેં મારાં મિજાજ મુજબ જ થોડાં આંકરા અવાજમાં પ્રસ્તાવને ઉડાડી દીધો. તેઓ લગ્નના કાલ્પનિક આનંદમાં પરીક્ષા અને કારકિર્દીની ગંભીરતા ભૂલી ગયેલા. આથી રજા મેળવવાના અણઘડ તુક્કા બદલ મારો અનપેક્ષિત ઠપકો સહન કરવો પડેલો. બે-ત્રણ દિવસ બાદ હું અચંબામાં પડી ગયો એવો રોકડો નિર્ણય મારી સામે મૂકાયો. શરૂ પરીક્ષાએ વચ્ચેના એક દિવસ રજા રખાવી લગ્નમાં જવાની મંજૂરી ગર્વભેર મેળવી લીધેલી. ત્યારે હું  નિર્ણયમાં ફેરફાર કરાવવાની કુશળતા અને સંગઠનશક્તિની જીત સામે લાચાર હતો. મને વિશ્વાસમાં લીધા વગર લેવાયેલા નિર્ણયથી ગૃહપતિ નાતે અસંતુષ્ટ હોવા છતાં મળેલી મંજૂરીને અનુસરવા સિવાય છૂટકો નહોતો! મારી પ્રબળ નારાજગી વચ્ચે આખું છાત્રાલય (કદાચ એક પણ અપવાદ વગર) લગ્નની મજા માણવા ઉપડ્યું.

આજથી દસેક વર્ષ પહેલા લગ્નપ્રસંગમાં ડી.જે. સાઉન્ડનો બહુ ચાલ નહીં.તમામ વિદ્યાર્થીઓ ડી.જે. ના તાલે નાચેલા. મોડી રાત સુધી નાચવાનો ઉમંગ માણીને પ્રભાતે આંખમાં તાલસૂર આંજીને પરત આવેલા. ઉમંગનો અને ઉજાગરાનો થાક આખો દિવસ દરેકની દેહભાષામાં ચાડી ખાતો હતો. સાંજે છાત્રાલય હાજરીમાં મારી વ્યંગ્યવાણીમાં વાલીસહજ નારાજગી અને રોષ ઊતરી આવ્યા અને વરસતા રહ્યાં. ડી. જે. લાવવાનો છૂપો નિર્ણય થોડાં હરખઘેલા આગેવાન વિદ્યાર્થીઓએ કરેલો. મેં એ વેળા એ બિનજરૂરી ખર્ચ કરાવવા બદલ મારી કેળવણીની શાળામાં નપાસ કરેલા. બાદમાં જાણવા મળ્યું કે સ્વૈચ્છિક યોગદાનની યોજના થકી સાઉન્ડનો તમામ ખર્ચ કર્યો હોવા છતાં નિરર્થક ખર્ચનું દુઃખ મેં  સંઘરી રાખેલું. એ વેળાએ ભાઈ જેવા થોડાં(બધા) સમજદાર વિદ્યાર્થીઓની આંખોમાં ભૂલનો પસ્તાવો તરવરતો દેખાઈ આવતો. અલબત્ત સમૂહભાવનાની આ ઘટનાને હું ક્યા અભિગમથી મૂલવું એ અંગે અસ્પષ્ટ હતો. મને અધૂરી કેળવણીની પરિચાયક લાગેલી. તેનું નિરસન આ સપ્તાહમાં અચાનક જ થયું.

ગત વર્ષે ભાઈ અનિલના દુઃખદ નિધનના સમાચાર સાંભળી ઘણા સહાધ્યાયી મિત્રો દિલસોજી પાઠવવા દૂરદૂરના વ્યવસાય સ્થળોથી આવેલા. શિક્ષક, પોલીસ, સૈન્ય, ગ્રામસેવક, સ્વૈચ્છિક સંસ્થા અને અંગત વ્યવસાય સાથે

મુખ્યત્વે સંકળાયેલા આ વિદ્યાર્થીઓ ભાઈને ભાવાંજલિ આપવા આવ્યા ત્યારે છાત્રાલયમાં બંધાયેલી પરિવારભાવના જીવંત અને મૂર્તિમંત થયેલી જોવા મળી. અકાળે અવસાનથી અનિલના ધર્મપત્ની કૈલાસબેન અને ચિ. વેદની નિરાધાર સ્થિતિનું દુઃખ સૌના હૈયામાં વલોવાતું હતું. થોડાં દિવસો બાદ ફોજી મિત્રને વિચાર સ્ફૂર્યો. આપણા પરિવારમાંથી કોઈ પણ આવી રીતે વિદાય થાય તો તેને આપણે આર્થિક મદદ કરીને ટેકો આપી માનવીય ધર્મ અદા કરવો જોઈએ. સમૂહમાધ્યમ થકી વિચાર રમતો થયો. ન્યુનતમ રકમ સુનિશ્ચિત કરી યથાશક્તિ યોગદાન આપવાનું ભાવઝરણું વહેતું થયું. હમણાં જ પગભર થયેલા આ વિદ્યાર્થીઓએ એક લાખની માતબર ધનરાશિ એકઠી કરી. ચાલુ સપ્તાહમાં જ મને સાથે રાખી 'ભાઈ'ના પરિવારને આત્મીય ભાવથી સહાય અર્પણ કરી. સાથે ચિ. વેદ ને ભવિષ્યમાં પણ સહાય કરવાની તૈયારી પણ બતાવી. આ પળો બહુ ભાવુક કરનારી હતી. અનિલની વિદાય પછી પુત્રવધૂની હાજરીમાં ક્યારેય આંસુ ન સારવા સંકલ્પબદ્ધ કઠણ હૃદયી માતાપિતા આ ભાવનાથી હૈયાને રોકી ન શક્યાં. ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. સહાધ્યાયી મિત્રોએ આપેલી પારિવારિક હૂંફના પરિતોષે માતાપિતાને હર્ષાશ્રુ લાવી દીધા. ઘાવ તાજો થયો એમ નહીં લોકભારતીના શિક્ષણે ચિ. વેદને આધાર પૂરો પાડ્યો એનો ભાવનાત્મક રાજીપો આંખોમાં અશ્રુજળરૂપે તરવરતો મેં જોયો. વાઘજીભાઈએ તો વેદને પણ લોકભારતીમાં ભણાવવાનો સંકલ્પ મારી સામે મૂકી દીધો.

હું વર્તમાન અને ભૂતકાળને જોડતો વિચારતો રહ્યો. વેડછીના વડલાનું સમૂહગાન, ઉપવાસી જંગ છેડનારા અને મજા કરવા સંગઠનશક્તિનો પરચો બતાવતા આ છાત્રરત્નોની સંવેદનાના બીજ કેટલા ઊંડા રોપાયા હશે! નિરર્થક ખર્ચ માટેની મારી રોષયુક્ત નારાજગીનો નક્કર પ્રત્યુત્તર આવી રીતે આપી મને અવાક કરી મૂકશે એ હું કલ્પી કેમ ન શક્યો? છાત્રાલયની સમૂહભાવનામાં વવાયેલાં સંવેદનબીજ આવી ઘડીએ જ અંકુરિત થતાં હોય છે એવો શ્રદ્ધાભાવ હું તેઓમાં કેમ જોઈ ન શક્યો? અંતે તો શિક્ષણ સાથે કેળવણીના સાયુજ્યનું રહસ્ય મને પલકારામાં આત્મસાત થયું. શિક્ષણજગતની અને છાત્રાલયના સમૂહજીવનની આનાથી મોટી ઉપલબ્ધિ કઈ હોય શકે ! સમૂહજીવનથી સંવેદનાના -શુદ્ધ ભાવનાના અદશ્ય તાંતણા પરસ્પર ગૂંથાઈ ને નાજુક, નમણું અને પાવનકારી વસ્ત્ર વણી જીવનને ઉષ્મા આપતા હોય છે; લોકભારતીના કેળવણીના આ સત્ત્વશીલ અને સાતત્યયુક્ત પ્રયોગની આત્મપ્રતીતિ આ ઘટનાથી મને સ્વાભાવિક જ થઈ આવી.

**સૌન્દર્યરાગ**

ગાંધીજી એક વાર શાંતિનિકેતન ગયેલાં. સવારમાં કવિવર ટાગોરને મળવા પહોંચી ગયા, કવિરાજ ત્યારે લઘરવઘર કપડાં અને અસ્તવ્યસ્ત વાળમાં હતા. ટાગોર તરત અંદર ગયા અને તૈયાર થઈને સુઘડ કપડામાં બહાર આવ્યા.

ત્યારે ગાંધીજીએ હસતાં કહ્યું: 'કવિવર, હું કોઈ સુંદર સ્ત્રી થોડો છું કે તમારે મારી સામે સજીધજીને આવવું પડે ?'

કવિવર ટાગોરે કહ્યું, 'બાપુ, હું સારો ના દેખાતો હોઉં અને તમારી આંખોને એ ના ગમે તો એ પણ એક પ્રકારની હિંસા જ છે ને ? આ મારી હિંસાની વ્યાખ્યા છે ! '

## ૦૮ વિષય સાથે આત્મીયતાના અનુબંધની યાત્રા

**પ્રવીણચંદ્ર ઠક્કર**

---

લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશનના પ્રોવાઈસ ચાન્સેલર વિશાલભાઈ ભાદાણી ૨૦૨૨માં વિવિધ અંગ્રેજી પુસ્તકોના ઓનલાઈન સંક્ષિપ્ત રસાસ્વાદ કરાવતા હતા. તે સમયે તેમણે અભ્યાસ કરેલા ડેનિયલ પિન્કના પુસ્તક 'ડ્રાઈવ' સાથે લોકભારતીના અધ્યાપક તરીકેના મારાં રોચક અનુભવો અનુબંધિત કરવા છે. આ પુસ્તકમાં લેખક જણાવે છે કે જ્યારે કોઈ પણ કામ સ્વયંપ્રેરણાથી થાય છે ત્યારે તે પોતીકું લાગે છે, તેમાં ઓતપ્રોત થઈ જવાય છે તેથી આ કામમાં જુસ્સો અને ઝનૂન અનુભવાય છે.

ડ્રાઈવની ચર્ચાને લોકભારતીના મારાં ૧૯૭૩થી ૨૦૦૯, ૩૬ વર્ષના સમયગાળા સાથે લિન્ક કરવા છે. ૧૫ એપ્રિલ ૧૯૭૩ સંસ્થામાં મારાં પગરણ થયાં. લોકસેવા મહાવિદ્યાલયના અધ્યાપક તરીકે. આચાર્યની ભૂમિકા ભજવી રહેલા નિયામકે સૂચવેલું મારે અર્થશાસ્ત્ર, ગ્રામઅર્થશાસ્ત્ર તથા મુખ્ય વિષય સહકાર—પંચાયતના વર્ગો લેવાના છે. સ્નાતક—અનુસ્નાતકના અભ્યાસક્રમમાં મેં અર્થશાસ્ત્રનો સઘન અભ્યાસ કરેલો પણ સહકાર અને પંચાયત શબ્દોનો પરિચય પ્રથમ વખત થયો. ૧૬ એપ્રિલ સવારે ૮ઃ૦૦, સારસ્વત મનુભાઈ મહેમાનગૃહે આવ્યા. ગ્રામીણ પ્રજાના સર્વાંગી ઉત્થાનમાં સહકાર અને પંચાયત ક્ષેત્રના યોગદાન અંગે મારી સાથે ૨ કલાક ચર્ચા કરી. સાહિત્યકાર દર્શકથી હું અભિભૂત થઈ ગયેલો પણ એક નવાસવા અધ્યાપક સમક્ષ સંસ્થાના વિઝનનું સ્પષ્ટીકરણ કરતાં આચાર્ય મનુભાઈના અર્થવાહી શબ્દોથી હું મુગ્ધ થઈ ગયો.

એ મુગ્ધતા જ મને દોરી ગઈ વિષય સાથેની આત્મીયતા તરફ. 'ડ્રાઈવ' પુસ્તકના તારણ અનુસાર અધ્યાપનકાર્ય સાથેના જોડાણની કેવી સાર્થક શરૂઆત. ૧૭ એપ્રિલ, હું અભ્યાસક્રમ સાથે વિશાળ ગ્રંથાલયમાં પહોંચી ગયો. સહકાર વિષયને લગતા ગુજરાતી, અંગ્રેજી પુસ્તકો તપાસવા માંડ્યો. અનુભવી સંદેશવાહક વ્યાસભાઈની મદદ મળી. તે સમયે ઓપન શેલ્ફ લાઈબ્રેરી હોવાથી પુસ્તકો શોધવાની અનુકૂળતા. પચાસેક ગ્રંથો અલાયદા અધ્યાપકખંડમાં મૂકાવી દીધા. પૂર્વઅધ્યાપકો જયંતભાઈ શાહ અને લક્ષ્મણભાઈ પટેલની અધ્યયનશીલતાને પરિણામે અંગ્રેજી પુસ્તકોની સંખ્યા વધારે. સદ્‌નસીબે મેં એમ.એ. પછી અંગ્રેજી વિષય સાથે ફરી બી.એ.નો અભ્યાસ કરેલો તેથી મારે માટે ભાષાની કોઈ મર્યાદા નહોતી. બે વર્ષ સુધી વાચન, મનન, ચિંતનને લીધે વિષયસજ્જતા વિકાસ પામતી રહી.

પુસ્તકાલયમાં ગુજરાતી સામયિકો ઉપરાંત કોમર્સ, ઈકોનોમિક એન્ડ પોલિટીકલ વીકલી, કૉ-ઓપરેટર, કૉ-ઓપરેટિવ રિવ્યૂ જેવા મેગેઝીન આવતા થાય તે માટે લવાજમ ભરવાની વ્યવસ્થા ગોઠવી આપી. લોકભારતીની વિશેષતા છે કે અધ્યાપક સૂચવે તે પુસ્તકો, સામયિકો ગ્રંથપાલ, સમિતિ સાથે પરામર્શ કરી મંગાવી આપે. દેશ—વિદેશમાં સહકારી પ્રવૃત્તિના ઉદ્‌ભવ અને ઈતિહાસ કાર્યક્રમોની માહિતી મળી પણ આ પુસ્તકો ૧૫ —૨૦ વર્ષ પૂર્વે પ્રકાશિત થયેલા. મારી અભિપ્સા હતી વર્તમાન ચિત્ર જાણવાની. મેં ગુજરાતની પરિસ્થિતિ અંગે રાજ્ય સહકારી સંઘ અમદાવાદ, રાષ્ટ્રીય સંદર્ભ મેળવવા રાષ્ટ્રીય સહકારી સંઘ ન્યૂ દિલ્હી અને વિવિધ દેશોમાં આત્મસાત્ સહકારી પ્રવૃત્તિ અંગે દિલ્હી સ્થિત એલચી કચેરીઓને પત્રો લખ્યા. આશ્ચર્યજનક રીતે દરેક જગ્યાએથી અહેવાલો આવતા ગયા. ઈઝરાયલના કિબુત્ઝમાં કામ કરતાં તત્કાલીન વડાપ્રધાન બેન ગુરિયેન કે ઈંગ્લેન્ડમાં ૨૧મી ડિસેમ્બર ૧૮૪૪માં શરૂ

થયેલ વિશ્વના પ્રથમ ગ્રાહક ભંડારના ૨૮ શ્રમિક સ્થાપકોના આનંદી ચહેરાઓથી સભર પુસ્તિકાઓ અમારા વિદ્યાર્થીઓનું આકર્ષણકેન્દ્ર બનતી રહી.

સહકારની સૈદ્ધાંતિક બાજુ સમૃદ્ધ થતી ગઈ પણ આ વિષયના પ્રત્યક્ષ પાસાનું ઊંડાણ પામવાની ઉત્સુકતા હતી. સહકારી મંડળી, બેંક, ડેરી કે સંઘના કાર્યો સમજવા હતા. સંસ્થાની ઉત્તમ પરંપરા રહી છે કેન્દ્રનિવાસ કાર્યક્રમ. તૃતીય વર્ષના દરેક વિદ્યાર્થી માટે તે સમયે સ્વખર્ચે ત્રણ માસ પ્રત્યક્ષ અભ્યાસ. એક મહિનો શિક્ષણસંસ્થામાં નિવાસ, બે માસ સહકારી સંસ્થામાં. આ સમય દરમિયાન અધ્યાપકે તેની મુલાકાતે અનિવાર્યપણે જવાનું. કેન્દ્રનિવાસના સમગ્ર આયોજન અને અમલીકરણ કરતાં વ્યવસ્થાપક સમક્ષ, મારાં મુખ્ય વિષયના ૧૦ થી ૧૨ તમામ વિદ્યાર્થીને મળવા જવાની સહેતુક દરખાસ્ત કરી. તેઓ સંમત થયા.

ગુજરાતમાં વિદ્યાર્થીઓ જે નમૂનેદાર મંડળી કે જિલ્લા સહકારી બેંકના અભ્યાસમાં પ્રવૃત્ત હતા ત્યાં હું નિયમિત જવા લાગ્યો. રાત્રિ રોકાણ કરવાનું. મંડળી કે બેંકના મંત્રી/મેનેજર સાથે વિચાર વિમર્શ થાય. રોજમેળ, ખાતાવહી, રેકર્ડ, નોંધ, વાર્ષિક હિસાબો, વિવિધ ફોર્મ્સ વગેરે સાહિત્યને સમજવાનું. આણંદ પાસે ગંભીરા ગામે આવેલી સામુદાયિક ખેતી સહકારી મંડળીના સ્થાપક, નિવૃત્ત જિલ્લા રજિસ્ટ્રાર છગનભાઈ પટેલે સમજાવ્યું કે આ સંસ્થા નહેરુજીની કલ્પના મુજબ ખેત મજૂરોને સ્વમાની ખેડૂત બનાવી કઈ રીતે તેમની આવકમાં ગણનાપાત્ર વૃદ્ધિ કરે છે. વિસનગર પાસે ઉમતા મંડળીના પ્રેરક જિલ્લા પંચાયત પ્રમુખ રીખવદાસભાઈએ સહકાર દ્વારા સાકારિત ન્યાયપૂર્ણ સમાજ રચનાની માહિતી આપી. જિલ્લા સહકારી બેંક રાજકોટના પ્રમુખ વલ્લભભાઈ પટેલનું વતન કોલીથડ તા. ગોંડલ.

આ ગામની મંડળી ખેતપેદાશોના સંગઠિત વેચાણ અને રૂપાંતરણ દ્વારા જે અદભૂત પરિણામો મેળવી રહી છે તેની જાણકારી મળી. સહકારી મંડળી સામાન્ય રીતે ખેડૂતોને કેન્દ્રમાં રાખી બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓનું વેચાણ કરે છે પણ ગૃહમંત્રી જયરામભાઈ પટેલના વતન કોલકી ગામની મંડળી લોકોપયોગી તમામ ચીજવસ્તુઓનું વેચાણ કરે. સમય સવારના ૬:૦૦ થી રાત્રે ૮:૦૦. આયોજન, કઠોર પરિશ્રમ અને શિસ્તબદ્ધ અમલીકરણ હોય તો પ્રજાને સહકારના મિષ્ટ ફળ મળે જ. વલસાડ જિલ્લાની અમલસાડ મંડળી ખેડૂતોએ પકવેલાં કેળા, ચીકુ વગેરે મેળવી તેનું સંગઠિત વેચાણ કરે, દેશ—પરદેશમાં નિકાસ કરે. આ રીતે દસેક વર્ષ સુધી ગુજરાતના વિવિધ પ્રદેશની મંડળીઓ, બેંકના સંપર્ક—સહયોગને લીધે મનુભાઈની વિભાવના મુજબ સહકારની વ્યાપકતા, અસરકારકતાની ખાત્રી થઈ. ગ્રામીણ વિસ્તારમાં સહકારી ક્ષેત્રે સક્રિય, સમર્પિત અને સાથે સ્વાર્થી, સંકુચિત નેતાગીરીની જાણકારી પણ મળતી ગઈ.

અધ્યાપનકાર્યની સમાંતરે આ વિષયના યુગવર્તી પ્રભાવને સમાજ સમક્ષ રજૂ કરવા મેં નિર્ણય કર્યો. ભુજ—કચ્છમાં પોસ્ટલ વિભાગમાં સર્વિસ દરમિયાન અભ્યાસ, પ્રસ્થાન, કચ્છમિત્ર વગેરેમાં લેખ લખવાની હથરોટી આવી ગઈ હતી. મનુભાઈના સૂચનથી કોડિયું સાથે નાતો બંધાઈ ગયેલો. રાજય સંઘ પ્રકાશિત ગ્રામ સ્વરાજ માસિક અને સહકાર સાપ્તાહિક (હવે પાક્ષિક)ના વિશેષાંકમાં મારા લેખ પ્રકાશિત થવા લાગ્યા. ૧૯૭૪માં પ્રસિદ્ધ પ્રથમ લેખથી માંડીને આજ સુધી નિવૃત્તિના ૧૩ વર્ષ પછી પણ નિમંત્રિત લેખનકાર્યની પરંપરા જાન્યુઆરી ૨૦૨૩ સુધી જળવાઈ છે. દરેક આર્ટિકલની પ્રવાહિતા, નિત્ય નૂતનતા જાળવવા ઉપરોકત બંને સામયિકો ઉપરાંત અંગ્રેજીમાં કોઓપરેટરનું આજે પણ અચૂક વાંચન કરવાનો આનંદ છે. ગુજરાતમાં લોકભારતી અને આટ્ર્સ કૉલેજ આણંદ બે જ મહાવિદ્યાલયમાં મુખ્ય વિષય સહકારની વ્યવસ્થા. એનાથી પ્રભાવિત રાજય સંઘના એકઝીકયૂટિવ ઓફિસર જોરાવરસિંહ જાદવે કરેલી દરખાસ્ત સ્વીકારીને મેં અંગ્રેજીમાં 'કૉઓપરેટિવ મૂવમેન્ટ ઇન ગુજરાત' પુસ્તક તૈયાર કરી આપ્યું. સહકાર વિષયના વિદ્યાર્થીઓને જિલ્લા સહકારી બેંક ભાવનગર, રાજકોટમાં કામ મળી જતું તેના મૂળમાં આ બેંકના દષ્ટિસંપન્ન, સંસ્થા સંલગ્ન પ્રમુખ જયવંતસિંહ

જાડેજા, દલસુખભાઈ પટેલ કે વલ્લભભાઈ પટેલ. પણ સરકારી વિભાગોમાં તેમને અગ્રતા મળે તે જરૂરી હતું.

સમગ્ર ગુજરાતમાં સહકારી શિક્ષણ અને તાલીમના ક્ષેત્રે કાર્યરત રાજ્ય સંઘ જ્યારે સહકારી એજ્યુકેશનલ ઇન્સ્ટ્રક્ટરની પસંદગી કરે ત્યારે સહકાર મુખ્ય વિષય સાથે ઉત્તીર્ણ સ્નાતકને પ્રાયોરિટી આપે તે હેતુથી રાજ્ય સંઘ સાથે પત્ર વ્યવહાર કર્યો. મુખ્ય અધિકારી મૂલાણીસાહેબે સવેળા નિર્ણય થાય તે માટે રાજ્ય સરકારની ભલામણ મેળવી લેવા સૂચવ્યું. એ અરસામાં સંસ્થાની મુલાકાતે આવેલા સહકાર મંત્રી લલ્લુભાઈ શેઠ સાથે ચર્ચા કરી. ટૂંક સમયમાં રાજ્ય સંઘે વિધાયક નિર્ણય લઈ લીધો. સહકાર અધિકારી તરીકે નિમણૂંક પામેલા, પ્રમોશન પામી સહકારી તાલીમ કેન્દ્રના આચાર્ય, રાજ્યસંઘના શિક્ષણાધિકારીપદે બિરાજમાન અનેક વિદ્યાર્થીઓએ લોકભારતીનું નામ ઉજ્જવળ કર્યું છે.

આ લેખ એ માત્ર મારાં વ્યક્તિગત અનુભવોનો દસ્તાવેજ નથી પણ જેમનાં ઉચ્ચશિક્ષણમાં જે વિષય કયારેય સમાવિષ્ટ ન હોય તે વિષય, મહાવિદ્યાલય કક્ષાએ મેજર, મેઈન સબ્જેક્ટ તરીકે ભણાવવા માટેની પાત્રતા, સજ્જતા, તેની સાથે આંતરિક લગાવ અને વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર માટેના પુરુષાર્થનું આ ઉદાહરણ છે.

(૨૦૨, ઓર્કિડ, તસ્કીન સોસાયટી, શુક્લનગર ચાર રસ્તા, સમા, વડોદરા–૩૯૦૦૦૨, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

**તમાચો**

એક ફકીરે એક ઘરના બારણે ટકોરા માર્યા ત્યારે જે સંવાદ થયો એ સાંભળોઃ

ફકીર અને એક દુનિયામાં અટવાયેલો માણસ

ફકીરઃ 'ભાઈ, મને એક બ્રેડનો ટુકડો મળશે ? '

માણસઃ 'આ ઘર કાંઈ બેકરી નથી.'

ફકીરઃ 'કાંઈ નહીં મને એક ટુકડો માંસનો મળશે ? '

માણસઃ ' મારું ઘર કસાઈની દુકાન છે ? '

ફકીરઃ 'તો ભાઈ, મને થોડો લોટ મળશે ? '

માણસઃ ' મારું ઘર એ કાંઇ અનાજ દળવાની ઘંટી છે ? '

ફકીરઃ 'અરે ! ભાઈ, મને થોડું પાણી મળશે ? '

માણસઃ' આ કંઈ કૂવો થોડો છે ? '

ફકીરઃ ' વાહ ભાઈ, કહેવું પડે ! '

ફકીર જે માંગે એના ઉડાઉ જવાબ ઘરમાં રહેલા અણસમજુ માણસે આપ્યા, છેવટે ફકીર ઘરમાં ઘૂસી ગયો અને ડગલો ઊંચો કરીને બોલ્યોઃ 'હું અહીં શૌચ કરવા ઇચ્છું છું.'

માણસઃ ' અરે ! અરે! તમે આ શું કરો છો ?'

ફકીરઃ 'આ જગ્યામાં કોઇ વસતી નથી, અહીં કોઇ માણસ રહેતો નથી, આ જમીનને ફળદ્રુપ કરવા ખાતરની જરૂર છે.'

ફકીરની વાત સમજી જતા પેલો માણસ ફકીરના પગમાં પડી ગયો.

## ૦૯ ૨૧મી સદીનું ફળપાક : ડ્રેગનફ્રુટ

**વીરાભાઈ બી. ચાવડા**

ડ્રેગનફ્રુટ મૂળ દક્ષિણ મેક્સિકો (મધ્ય અમેરિકા)નું ફળ છે. પરંતુ તેનું સૌથી વધુ ઉત્પાદન ચીન, થાઈલેન્ડ, વિયેતનામમાં થાય છે. જયારે તેની માંગ અમેરિકા, યુરોપિયન યુનિયનના કેટલાંક દેશોમાં થોડા વર્ષોમાં વધી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં અને તેમાં ગુજરાતમાં સાહસિક ખેડૂતોએ ડ્રેગનફ્રુટનું વાવેતર કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં શરુ કર્યું છે. તેમના અનુભવ પ્રમાણે આ ફળ સારો નફો રળી આપે છે. તે તમામ ફળોમાં વિશિષ્ટ મોંઘા ફળોની શ્રેણીમાં આવે છે. વિશ્વભરમાં પ્રથમ સુશોભન છોડ તરીકે અને પછી ફળપાક તરીકે માન્યતા પ્રાપ્ત કરેલ છે.

ઓછા પાણી વાળા વિસ્તારોમાં પણ ખેડૂતો આ પાકની ખેતી કરીને ઘણી સારી કમાણી કરી શકે છે.

છેલ્લા બે ત્રણ દાયકાથી વાતાવરણમાં નોંધપાત્ર બદલાવો થયા છે. જેને કારણે વરસાદની અનિયમિતતા અને પાક નિષ્ફળ જવાની શકયતા પણ વધી જાય છે. આ બધી સમસ્યાઓને ધ્યાનમાં લઈને ઘણા ખેડૂતો ડ્રેગનફ્રુટની ખેતી કરવા તરફ વળ્યા છે. કારણ કે તે દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિ કે ખરાબ જમીનમાં પણ થઈ શકે છે. ડ્રેગનફ્રુટ એ સારું આરોગ્ય આપનાર ઔષધી ગુણ ધરાવે છે. આ ઉપરાંત તેના છોડ અને ફળ પણ દેખાવમાં આકર્ષક હોય છે. પરંતુ ડ્રેગનફ્રુટનું વાવેતર કરવા માટે ગુજરાતના ખેડૂતોને હજુ વધુ જાગૃત થવાની જરૂર છે.

ભારતમાં કેટલાક સમયથી આ ફળની ખેતી કરવામાં આવે છે. ખાસ કરીને મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશના ખેડૂતો આ ફળનો પાક લઈ રહ્યા છે. આ ફળ માટે પાણીનો સંગ્રહ ન કરી રાખે એવી જમીનની જરૂરિયાત રહે છે.

સૌથી મોટું ડ્રેગનફ્રુટનું ફાર્મ : ઓસ્ટ્રેલિયા

**સામાન્ય પરિચય :**

સામાન્ય નામ : ડ્રેગનફ્રુટ, પીતાયા.

વાનસ્પતિક નામઃ ફાયલોસીરીયસઅનદડેટસ

ઉત્પતિસ્થાન : દક્ષિણ મેક્સિકો (મધ્ય અમેરિકા)

કુળ : ક્રેકટસ

સામાન્ય નામો :

હિન્દી : પીટીઆ

તમિલ : અગીપ્પઝ્હમ

મલયાલમ : પીથાયા

કન્નડ અને મરાઠી :પીટાયા

**ફાયદાઓ :**

- કૉલેસ્ટ્રોલ અને બ્લડ સુગર ઘટાડવામાં મદદ કરે છે.
- વેઇટ મેનેજમેન્ટમાં મદદ કરે છે.
- કેન્સરથી બચાવે છે.
- રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે.
- ઘણા શહેરી ગ્રાહકો કે જેઓ ડાયાબિટીસ, કાર્ડિયો-વેસ્ક્યુલર અને અન્ય તાણ સંબંધિત બીમારીઓથી પીડાય છે. જે લોકો કુદરતી ઉપચારને પ્રાથમિકતા આપે છે તેમના માટે આ ફળ ખૂબ જ ફાયદાકારક છે.
- ડ્રેગનફ્રુટનું મહત્ત્વ ખોરાકમાં ખૂબ જ અનોખું છે લોહીના ટકા વધે છે.
- તે વિટામીન સી, ફોસ્ફરસ અને કેલ્શિયમથી સભર હોય છે.
- ડ્રેગનફ્રુટમાંથી વિવિધ ઉત્પાદનો જેવા કે રસ, જામ, વાઈન, જેલી, કેન્ડી અને પેસ્ટ્રીઝ બનાવી શકાય છે.

- ડ્રેગનફ્રુટનો ઉપયોગ સલાડ અને તેની કળીઓનો ઉપયોગ સૂપ બનાવવામા થાય છે.

- હિમોગ્લોબિનનું જોખમ ઘટાડે છે.

- એક વખત રોપણી કરવાથી પાક ૨૦ વર્ષ સુધી ફળો આપ્યા કરે છે.

**જમીન :**

- તમામ શ્રેણીની જમીનની અનુકૂળતા.

- મધ્યમ કાળી, ગોરાળુ તથા સાધારણ રેતાળ, સારા કાર્બનિક પદાર્થવાળી, નિતારવાળી જમીન.

- રેતાળ લોમની કાંપવાળી માટીની જમીન.

- ૫.૫ થી ૮ પી.એચ હોય તેવી જમીન ખાસ માફક આવે છે.

- વરસાદમાં વધારાનું પાણી ખેતરની બહાર કાઢવાની સુવિધા ન હોય તો થડ અને ફળમાં સડો થવાની શકયતા રહે છે.

**મુખ્ય પ્રકારો :**

રંગ આધારિત તેના ૩ પ્રકાર પડે છે. જેમ કે

- લાલ ફળ અને સફેદ માવો
- લાલ ફળ અને લાલ માવો
- પીળા ફળ અને સફેદ માવો

**સંવર્ધન :**

ડ્રેગનફ્રુટના સંવર્ધન માટે મુખ્ય બે રીતો છે.

- બીજ દ્વારા સંવર્ધન
- કટકા દ્વારા સંવર્ધન

**રોપણી, સમય, અંતર, પધ્ધતિ :**

ગરમ અને ભેજવાળું વાતાવરણ ડ્રેગનફ્રુટના છોડને માફક હોવાથી તેની રોપણી જૂનથી લઈને ઓગસ્ટ સુધી કરી શકાય છે. બે હાર વચ્ચે ૩ મીટર અને બે છોડ વચ્ચે ૨ મીટરના અંતરે રોપણી કરવી, છોડ રોપવા માટે ૬૦ સેન્ટીમીટરનો ખાડો કરવો જોઈએ. રોપ વાવ્યા પછી, ખાડો ટોપ સોઈલથી ભરો ત્યારે છાણિયું ખાતર અને તેની સાથે ૧૦૦ ગ્રામ સુપર ફોસ્ફેટ ખાતરનું મિશ્રણ કરી નાખો. આ ફળના સારા ઉત્પાદન માટે છોડને સિમેન્ટના થાંભલાઓ ૭ થી ૮ ફૂટ લંબાઈના જેમાં ૨ ફૂટ જમીનની ઊંડાઈએથી સિમેન્ટ કોંક્રીટથી ઊભા કરવા અને સિમેન્ટ થાંબલાની ચારેય બાજુએ એક —એક કટીંગની રોપણી કરવી.

**પિયત વ્યવસ્થાપન :**

- આ પાકને પાણીની ખાસ જરૂરિયાત રહેતી નથી. છોડના લાંબા આયુષ્ય માટે પિયતનો ઉપયોગ કરી શકાય છે. સામાન્ય રીતે ફૂલ આવવાના સમય પહેલા જમીન સૂકી રાખવામા આવે છે. જેને કારણે છોડ પર વધારે ફૂલો ખીલે છે. જમીનમાં ભેજને જાળવી રાખવા માટે ટપક પધ્ધતિનો ઉપયોગ કરવો યોગ્ય ગણાય છે.

- જમીન અને વાતાવરણની પરિસ્થિતિ પર નિર્ધારિત.

**ખાતર વ્યવસ્થાપન :**

- રોપણી દરમ્યાન ૫ થી ૧૦ કિ.ગ્રા. છાણિયું ખાતર અને ૧૦૦ ગ્રામ સિંગલ સુપર ફોસ્ફેટ પ્રત્યેક છોડ દીઠ આપવું. પ્રથમ બે વર્ષોમાં પ્રતિ છોડ દીઠ ૩૦૦ ગ્રામ નાઈટ્રોજન, ૨૦૦ ગ્રામ ફોસ્ફરસ અને ૨૦૦ ગ્રામ પોટેશિયમ આપવું. પ્રત્યેક પરિપકવ છોડને દર વર્ષે ૫૪૦ ગ્રામ નાઈટ્રોજન, ૭૨૦ ગ્રામ ફોસ્ફરસ અને ૩૦૦ ગ્રામ પોટેશિયમ આપવું.

- સેન્દ્રિય ખાતરો તેમજ કોહવાયેલ ખાતરોનો વપરાશ છોડના વૃદ્ધિ અને વિકાસ માટે કરવો.

- જૈવિક ખાતરો લીમડા તથા દીવેલીનો ખોળ વગેરે જરૂરિયાત પ્રમાણે આપવા.

- તેને ઓર્ગેનિક માવજતથી ઉગાડી શકાય.

**ડ્રેગનફ્રુટની જાળવણી અને કાપણી :**

રોપણીના ૯ થી ૧૨ મહિના બાદ ફળ આવવાનું ચાલુ થાય છે. અપરિપકવ ફળની છાલ ચળકતા લીલા રંગની હોય છે. જે પાકવાના સમયે ધીમે ધીમે લાલ રંગમાં રૂપાંતરિત થવા લાગે છે. ફળોને સૂર્યનાં તીવ્ર કિરણો અને પક્ષીઓથી રક્ષણ આપવા માટે હવાદાર પેપર બેગનો

ઉપયોગ કરવો. પાકની કાપણી માર્કેટની માંગ અનુસાર કરવી ઈચ્છનીય છે. જો માલ સ્થાનિક માર્કેટમાં વેચવાનો હોય તો કાપણી ફળની છાલ લાલ અથવા ગુલાબી રંગની થયા પછી ૩ થી ૪ દિવસે કરવી પણ જો માલ દૂરના માર્કેટમાં વેચવાનો હોય તો કાપણી ફળનો રંગ બદલાયાના ૧ દિવસ પછી કરવી.

**ઉત્પાદન :**

- ૧ એકર જમીનમાં આશરે ૫૫૦થી ૬૦૦ ડ્રેગનફ્રુટના છોડમાં સરેરાશ ૫ થી ૬ ટન ડ્રેગનફળોની પ્રાપ્તિ થાય છે.
- એક ડ્રેગનફ્રુટનું વજન ૧૫૦ થી ૬૦૦ ગ્રામ સુધી થાય છે.
- ડ્રેગનફ્રુટમાં રોપણીના પ્રથમ વર્ષથી જ ફળ આવવાનું ચાલુ થઈ જાય છે. પરંતુ જો સરખી માવજત કરવામાં આવે તો રોપણીના ત્રીજા વર્ષથી સરેરાશ ૧૦ થી ૧૨ ટન જેટલું ઉત્પાદન પ્રતિ એકરે મેળવી શકાય છે.
- ફળ ઉત્પાદનના સમયે આજુબાજુના શહેરોમાં ૧૨૦ થી ૨૫૦ રૂપિયા પ્રતિ કિ.ગ્રા.ના દરે વેચીને સારી આવક મેળવી શકાય છે.

અગત્યની કાળજીઓ :

- જયારે પાકની લણણી કરવાની હોય તેના ૧૦ દિવસ અગાઉ ખાતર - દવાનો છંટકાવ બંધ કરવો જોઈએ.
- ઉપલો ભાગ નીચે જમીનને અડે નહિ તેની ખાસ કાળજી રાખવી જોઈએ.
- ફૂલ ખરી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

**ભારતમાં ડ્રેગનફ્રૂટનું વાવેતર અને માંગ :**

ભારતમાં સર્વ પ્રથમ કેરલાના ખેડૂતોએ ડ્રેગનફ્રુટની ખેતી આજથી પાંચ સાત વર્ષ પહેલા શરુ કરી હતી. આ ઉપરાંત હવે પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં આ ફળની બાગાયતી ખેતી વધી રહી છે, જ્યાં સુધી ગુજરાતનો સવાલ છે, કચ્છમાં તેનો સર્વપ્રથમ પ્રયોગ થયો અને છેલ્લા ત્રણ ચાર વર્ષથી દક્ષિણ ગુજરાતના ખેડૂતોએ આ બાગાયતી પાક ઉગાડવાનું શરુ કર્યું છે. આ ફળ માટે ભારતમાં જાગૃતિની આવશ્યકતા, મુખ્યત્વે તેના સ્વાદ, પોષણ અને ઔષધિય ગુણધર્મોની માહિતીનો અભાવ જોવા મળે છે.

**વિશ્વમાં ડ્રેગનફ્રુટનું વાવેતર અને બજાર :**

- ભારત, થાઈલેન્ડ, મલેશિયા, વિયેતનામ અને શ્રીલંકામાં તેની ખેતી થાય છે.
- ડ્રેગનફ્રુટ ઓસ્ટ્રેલિયા, ચાઈના, ઇઝરાયેલ, મલેશિયા, નિકારાગુઆ અને તાઇવાનમાં એક નવા પાક તરીકે સ્થાપિત થયેલ છે.
- આ ફળ ગલ્ફ, યુરોપિયન અને યુ.એસ.એ જેવા દેશોમાં નિકાસ માટે એક યોગ્ય વિકલ્પ સાબિત થઈ શકે.

વિશ્વમાં જે દેશોમાં આ ફળનું ઉત્પાદન થાય છે, તેમાં વિયેતનામ ટોપ પર છે. ત્યાં ૨૦૦૦૦ હેક્ટર જમીન ઉપર વર્ષે નવ લાખ ટન ફળનું ઉત્પાદન થાય છે. જે મોટા ભાગે ચીન, સિંગાપુર, યુરોપના દેશો, અમેરિકા, જાપાન, કેનેડા અને ઇન્ડોનેશિયા જેવા દેશોમાં નિકાસ થાય છે. જો કે છેલ્લા એક-બે વર્ષથી ચીને વિયેતનામના ફળની ચકાસણીનાં ધોરણો વધુ કડક કર્યા છે. કારણ કે તેની વાર્ષિક આયાતનો વૃદ્ધિદર ૪૩ ટકા જેટલો ઊંચો હતો. ચીનમાં ઘરઆંગણે આ ફળની ખેતી વધી રહી છે. તેની સીધી સ્પર્ધા વિયેતનામના ઉત્પાદકોને નડી રહી છે. જો કે ગત વરસે આ ફળની માંગ યુરોપિયન દેશોમાં સ્થિર થઈ ગયેલી જોવા મળે છે. બજારની વાત કરીએ તો માત્ર ઈંગ્લેન્ડમાં જ ડ્રેગનફ્રુટની ખૂબ સારી માંગ છે. આ ઉપરાંત મલેશિયા, થાઈલેન્ડ, ફિલીપાઇન્સ, કોલંબીયા, ઇઝરાયલ અને ઇક્વાડોરમાં આ ફળની બાગાયતી ખેતી થાય છે. અમેરિકામાં છેલ્લાં થોડાં વર્ષથી આ ફળની માંગ વધી છે. કારણ કે ગ્રાહકોમાં તેના સ્વાસ્થ્યને લગતા લાભ વિશે જાગૃતિ આવી છે. અત્યાર સુધી ૯૫ ટકા ફળ કાચા ખવાતા હતા, જો કે હવે તેના સફેદ કે લાલ પલ્પમાંથી જ્યુસ બનાવી તેનું વેચાણ શરુ થયું છે, તેની માંગ વધી રહી છે.

(સણોસરા મો.૯૯૨૪૨૪૭૧૪૬ Email-vbchavdaahir@gmail.com)

## ૧૦ ગાંધીવિચારનું અમલીકરણ કેવી રીતે કરશો?

**રાજુલ દવે**

ગાંધીજી વિશે ખૂબ કહેવાયું અને લખાયું છે. એક આધ્યાત્મિક સંત પુરુષ તરીકે તેઓ જાણીતા છે તો તેમની પ્રતિભા ભારતને સ્વરાજ મેળવી આપનાર રાજનીતિજ્ઞ તરીકે પણ ઓળખાય છે. ભારતના નહીં પણ વિશ્વના અગોચર ખૂણે પડેલા હતાશ માનવીના હૃદયમાં આશાનો સંચાર વણનીરખ્યે ને વણસંપર્કે ગાંધીજીએ કર્યો હતો. ગાંધીજીનું જીવન એકસૂત્રી અને સળંગ હતું. તેમની સૂઝ અને સમજમાં એક મહત્ત્વનું તત્ત્વ હતું, વૈજ્ઞાનિક દષ્ટિનું. પછી રાજકારણ ધર્મ અને ફિલોસોફીની વાત હોય કે પછાત, ગરીબ, દુ:ખીજનોની સમસ્યાઓ દૂર કરવાની બાબત હોય. ગાંધીનું અર્થકારણ, રાજકારણ, ધર્મ, સ્વરાજ માટેની લડત - આ તમામ પાસાંઓ ચોક્કસ વૈજ્ઞાનિક દષ્ટિ ઉપર નિર્ભર હતા. જીવનની હર એક પ્રવૃત્તિમાં ગાંધીજીની દષ્ટિ વૈજ્ઞાનિક રહેતી. ગમે તે પ્રવૃત્તિમાં તેઓ લાગેલા હોય, ત્યારે તેમની ચિત્તવૃત્તિ સંપૂર્ણપણે એ કામમાં જ ગહન રીતે પરોવાયેલી રહેતી.

કોઈ પણ ક્ષેત્રમાં આગળ આવવાની એક લાયકાત હોય છે. કાર્યને તેના નિશ્ચિત સ્થાન સુધી પહોંચાડવા આયોજનબધ્ધ પધ્ધતિ અમલમાં મૂકવી પડે છે. વ્યવસ્થિત વિચાર દ્વારા તેમજ તેને અનુરૂપ કાર્ય દ્વારા માણસ ઝડપથી કાર્ય નિપટાવી શકે છે. રોજિંદા કામમાં જેને વ્યવસ્થિત અને નિયમિત કામ કરવાની ટેવ નથી હોતી, તેમનો સમય તથા શક્તિ કેટલાં અવળાં ખરચાય છે તેનો અનુભવ આપણને સૌને છે. સંશોધન આખરે તો સત્યની ખોજ છે. કોઈ પણ કામ પધ્ધતિસરનું નિરીક્ષણ, ચોકસાઈ, નિયમિતતા, સૂઝ, સમજ વગેરે ગુણો માગી લે છે. ગાંધીજી સત્યની શોધ પાછળ લાગેલી વ્યક્તિ હતા. તેમણે કહ્યું: 'અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે, જેમ સિક્કાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ. તેમાં ઊલટી કઈ અને સૂલટી કઈ? છતાં અહિંસાને સાધન ગણીએ અને સત્યને સાધ્ય ગણીએ.'

ગાંધીજી ખૂબ સારા લેખક હતા. લખવા પાછળનો ઉદ્દેશ કાનને સાંભળવી ગમે તેવી છટાદાર ભાષામાં લખવાનો ક્યારેય ન હતો. તેમણે લેખનની એક આગવી અસરકારક શૈલી કેળવી હતી. જેમ ગાંધીજીના જીવનમાં કૃત્રિમતાને સ્થાન નહોતું, તેમ એમનાં લખાણોમાં પણ કૃત્રિમતા જોવા ન મળતી. પોતે જે શબ્દો વાપરતા તેના અર્થમાં રહેલી ઝીણવટ તેઓ સમજતા. તેમના મોઢામાંથી અગર કલમમાંથી વગર વિચાર્યો એક પણ શબ્દ બહાર ન આવતો. ગાંધીજીનું વાંચન વિશાળ હતું અને તેઓ જેટલું વાંચતા તેટલું પચાવતા પણ ખરા. તેઓ ચાલુ ટ્રેને અને દરિયામાં ઉછાળા મારતી સ્ટીમરમાં બેસીને પણ સ્વચ્છતાપૂર્વક લખી શકતા. તેમનાં બધાં લખાણોમાં સત્ય તથા નૈતિક મૂલ્યો માટેની તાલાવેલી વાંચવા મળે છે અને ગાંધીવિચારનું આ મૂળભૂત તત્ત્વ છે. તેઓ માનતા કે દરેક કળા સત્ય પર આધારિત હોવી જોઈએ. 'સત્યનો આદર્શ મહદ્અંશે પશ્ચિમનો વિચાર છે' એવા વાઇસરોય લોર્ડ કર્ઝનના વિધાનના જવાબમાં ગાંધીજીએ 'રામાયણ', 'મહાભારત', 'વેદ' વગેરેમાંથી ભારતમાં સત્યની પૂજા કેટલા સમયથી થઈ રહી છે તેનાં અસંખ્ય ઉદાહરણો ટાંક્યાં હતાં. આ બધા ગ્રંથો ભારતીય સંસ્કૃતિનો પાયો છે. ગાંધીને 'રામનામ'નો વિચાર તેમના એક આયા બહેન પાસેથી સાંપડેલો.

ગાંધીજી જન્મે હિન્દુ હતા. વૈષ્ણવ કુટુંબમાં જન્મ્યા હતા. ચુસ્ત સનાતની હિન્દુ અને વૈષ્ણવ કહેવરાવવામાં એમણે ગૌરવ માનેલું. એમણે કહેલું કે, 'હું વેદોને, ઉપનિષદોને, પુરાણોને અને જે બધા ગ્રંથો હિન્દુ ધર્મશાસ્ત્રોને નામે ઓળખાય છે, તેમને માનું છું. અને તેથી અવતારોને તથા પુનર્જન્મને પણ માનું છું. વર્ણાશ્રમ કામ ધર્મને એના મૂળ વૈદિક અર્થમાં માનું છું. આજના એના લૌકિક અને અણઘડ અર્થમાં નહીં. હું ગોરક્ષાને તેના આજના લૌકિક અર્થ કરતાં વધારે વિશાળ અર્થમાં માનું છું. મૂર્તિ પૂજામાં મારી અનાસ્થા નથી. આપણે આપણા જીવનમાં સાચી હિંદુ વૃત્તિને સજીવન કરીએ અને પછી પૂછીએ કે એથી અંતરાત્માને સંતોષ થાય છે કે નહીં!'

આ ગાંધીવિચારથી આજે આપણે કેટલે દૂર નીકળી ગયા છીએ! 'રામાયણ'ને ચોક્કસ ચોકઠામાં ફીટ કરી તેના મનઘડંત અર્થ કરવામાં આવે છે. મદ્રાસના પંડિતોને ગાંધીજીએ કહેલું કે, 'ધર્મગ્રંથોનું મને પ્રત્યક્ષ જ્ઞાન છે એવો મારો દાવો નથી. છતાં જે મુદ્દાનાં સત્યો ધર્મશાસ્ત્રો ઉપદેશે તે હું અંતરથી ઓળખું છું અને લાગણીથી સમજું છું, એવો મારો દાવો છે.' આમ કહીને ધર્મશાસ્ત્રોની વ્યાપક વ્યાખ્યા આપી. ધર્મને નામે માણસોમાં ભાગલા પડે એ વાત ગાંધીજીના હૈયામાં વસતી ન હતી. ધર્મના લેબલથી નિરપેક્ષ એવા ઈશ્વરદત્ત સ્વમાનને સ્થાપિત કરવાનો ગાંધીનો પ્રયાસ રહેલો. એમ કરતાં તેમનું બલિદાન લેવાયું.

'હરિજનબંધુ'ના તા.૩૦-૪-૧૯૩૩ના અંકમાં તેમણે લખ્યું છેઃ 'મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમજ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણાં વિચારોનો ત્યાગ કર્યો છે અને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં ભલે હું વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટક્યો છે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે જ તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે, તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિશે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.'

કેટલાક ગાંધી વિચારો માત્ર ઉદ્ધૃત જ કરીએ.

(૧) 'અહિંસા એટલે વેર લેવાની ઈચ્છાનો જ્ઞાનપૂર્વક અને વિચારપૂર્વક કરેલો સંયમ પણ નિષ્ક્રિય, કાયર અને લાચાર થઈને શરણ સ્વીકારવા કરતા વેર લેવું ચડિયાતી વસ્તુ છે. ક્ષમા તેના કરતાં પણ ઊંચો ગુણ છે. અહિંસાની અસ્ત્રાની ધાર જેવા દુર્ગમ માર્ગ સિવાય આજની વ્યથિત દુનિયાને માટે ઉગરવાની બીજી કોઈ આશા નથી. એ સત્યને પોતાના જીવનમાં પ્રત્યક્ષ કરી બતાવવામાં મારા જેવા કરોડો સંભવ છે કે ન ફાવે, પરંતુ એ નિષ્ફળતા અહિંસાના સનાતન નિયમની નહીં એ કરોડોની હશે.'

(૨) 'હું સામાન્ય કોટિના માણસ કરતાં ચડિયાતો છું એવો મારો દાવો નથી. સામાન્ય માણસમાં હોય એનાથી યે ઓછી શક્તિ મારામાં છે. મને તો છાંટાભાર શંકા નથી કે કોઈ પણ પુરુષ કે સ્ત્રી એટલો જ પ્રયાસ કરે અને એવી જ આશા અને શ્રદ્ધા કેળવે તો જેટલી સિદ્ધિ મેં પ્રાપ્ત કરી છે તેટલી તેઓ પણ પ્રાપ્ત કરી શકે.'

(૩) 'મેં જોયું કે નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણાવી જોઈએ. મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો, પણ પાકે ઘડે કાંઈ કાંઠા ચડે? જુવાનીમાં જેની મેં અવગણના કરી તે હું આજ લગી નથી જ કરી શક્યો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે ને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે.'

આજનો સમય પ્રોફેશનાલિઝમનો છે અને પોતાના વ્યવસાયમાં પારંગત હોવું, પ્રોફેશનલ હોવું ખોટી વાત નથી. અઢારમી સદીના છેલ્લા દસકામાં ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં

પ્રોફેશનાલિઝમમાં એથિક્સ એટલે નૈતિકતાને અમલમાં મૂકે છે. દાદા અબ્દુલ્લા અને એમના ભાગીદાર વચ્ચેનો ૪૦ હજાર પાઉન્ડનો કેસ લડવાને બદલે તેઓ ધીરજ રાખી સમજાટથી મામલો નિપટાવે છે. આજની લોકઅદાલતોનું આ પ્રારંભિક સ્વરૂપ હતું.

બેરોજગારીના પ્રશ્નને હલ કરવા સરકારને સ્ટાર્ટ અપ જેવી યોજનાઓ અમલમાં મૂકવી પડે છે. 'મેઈક ઇન ઇન્ડિયા' એટલે ગાંધી પ્રબોધેલા ગ્રામસ્વરાજનું આધુનિક સ્વરૂપ. ગાંધીજીએ લખ્યું છે, 'બેકારોને આર્થિક રાહત આપવી અથવા ગરીબોને થોડી રોજી આપવી એ નહીં, પણ અહિંસક સમાજરચનાનું નિર્માણ એ રચનાત્મક કાર્યક્રમનું લક્ષ્ય છે.' આજે ભલે દેશકાળ અને સંદર્ભો બદલ્યા છે, વધારે સાધનો ઉપલબ્ધ છે પણ ઉપર ઉલ્લેખિત ગાંધીવિચાર બદલાતા સ્વરૂપ સાથે એટલા જ પ્રસ્તુત છે. દરેક વ્યક્તિ, સંસ્થા અને સમાજ પોતાની રીતે તેને અપનાવી શકે છે.

ગાંધીજીએ દૂર ભવિષ્યમાં દ્રષ્ટિ નોંધીને આદિવાસીઓ, વંચિતો, ગરીબોને સ્વરાજ પછી તૈયાર કરવા, તેમને મુખ્ય પ્રવાહમાં ભેળવવા, જુગતરામભાઈ, ઠક્કરબાપા નરહરિભાઈ, રવિશંકર મહારાજ, નાનાભાઈ ભટ્ટ, ઈન્દુલાલ યાજ્ઞિકને જવાબદારીઓ સુપ્રત કરી. આ બધી પ્રવૃત્તિઓને વિસારે પાડીને આપણે કયો વિકાસ સાધવા માગીએ છીએ? આ સવાલ સામાજિક ન્યાય માટે કરોડ રૂપિયાનો પ્રશ્ન બની ગયો છે.

ગીતા-ચેતના માટે અને ગાંધી-પ્રેરણા માટે છે. વ્યક્તિનું ઉત્થાન અને રાષ્ટ્રનું પુનઃ નિર્માણ ગાંધીનો સંદેશ છે. ગાંધી એવા નહોતા જેવા આપણે લોકો છીએ. ગાંધી એવા હતા, જેવા આપણે થવું જોઈએ. આજે જાહેર જીવનના દરેક સ્તરે નેતાગીરીનું કેન્દ્રીકરણ થયું છે. ગાંધીએ કેવળ પોતાના આચરણથી હજારો કાર્યકરો-અગ્રણીઓ તૈયાર કર્યા, જેમણે સ્વતંત્રતા પછીના ચારેક દાયકા ભારતનું સંચાલન કર્યું. આજે જગતભરમાં જમણેરી વિચારધારાનો પ્રભાવ છે, તેમાં સામૂહિક નેતાગીરીની ગાંધીની સલાહ કાળબાહ્ય નથી. જાહેર કાર્યોમાં પ્રામાણિકતાનાં તેમનાં ઉદાહરણો વિવિધ પુસ્તકોમાં નોંધાય છે. તેમના જેટલી ચીવટ, ચોકસાઈ અને પ્રામાણિકતા આપણે ન દાખવી શકીએ, તો એ દિશામાં વિચારી તો અવશ્ય શકાય. પરંતુ આજે સ્વરાજના ૭૫ વર્ષ પછી આખો નકશો બદલાઈ ગયો છે. તોલમાપનાં કાટલાં બદલી ગયાં છે.

ગાંધીજી મૂળભૂત રીતે આધ્યાત્મિક વ્યક્તિ હતા. રાજકારણમાં અધ્યાત્મનો સૌપ્રથમ પ્રયોગ તેમણે કર્યો હતો. રજનીશજી કહે છે તેમ, માનવજાતના પાંચ હજાર વર્ષના ઇતિહાસમાં ગાંધી જેવી પાંચ-સાત વ્યક્તિઓ માંડ થઈ છે. અમુક બાબતોમાં તેઓ એકાકી છે. રાજકીય દ્રષ્ટિએ તેમની તુલના ભગવાન કૃષ્ણ સાથે થઈ શકે. છેલ્લા ૧૨૫ વર્ષમાં હિન્દુ ધર્મને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરનારી બે વ્યક્તિઓ મારી દ્રષ્ટિએ થઈ સ્વામી વિવેકાનંદ અને ગાંધીજી. હિન્દુ અને હિન્દુત્વની આજે જે વ્યાખ્યા કરવામાં આવતી હોય તે, પણ હિન્દુ ધર્મ અંગે ગાંધીના ઉપર આપેલા વિચારો શાશ્વત છે.

યોગ્ય આલોચના કોઈની પણ થઈ શકે. ગાંધીજી પણ તેમાંથી બાકાત નથી ૧૯૨૧માં મદુરાઈમાં ગાંધીજીએ વસ્ત્રનિયંત્રણ અપનાવ્યું તેને પણ એક સદી વીતી ગઈ. કોઈ પણ સરકાર પ્રજાને નીતિવાન અને ઈમાનદાર બનાવી ન શકે એ ગાંધી પ્રબોધેલી શીખ હતી. અનેક લોકો ગાંધીવિચારને શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ગ્રામસેવા, સામાજિક કાર્યો ઇત્યાદિ ક્ષેત્રોમાં પોતાની રીતે અમલમાં મૂકી રહ્યા છે. ગાંધીવિચારના અમલીકરણ માટે મસમોટા વક્તવ્યોની નહીં, તલભાર આચરણની જરૂર છે.

(મો.૯૪૨૬૨ ૨૯૫૧૭)

## ૧૧ એકલા પડી જવું

ડો. બી. એમ. શેલડિયા

જિસસને જે રાત્રે પકડવામાં આવ્યા, એ પૂર્વે જિસસના મિત્રોએ કહ્યું, 'અમને ખબર મળી છે, દુશ્મનો પકડવા આવી રહ્યા છે. જો આપણે અહીંથી ભાગી જઈએ, તો એ સારું રહેશે.'જિસસ મલકાયા. જિસસનું એ મલકાવું આજ દિવસ સુધી સમજણની બહાર રહ્યું છે. જિસસ એટલા માટે હસ્યા હશે કે એ જાણે છે, પકડાઈ જવું જરૂરી છે; જે કંઈ થવાનું છે, એ થવાનું જ છે; તેથી ભાગવાનો કોઈ અર્થ નથી. એટલા માટે સ્મિત કર્યું હશે કે એ જે મિત્રો ચિંતા કરી રહેલા હતા, તેમને કંઈ ખબર નથી. જે થવાનું છે, તે થશે.

પછી જિસસ પકડાઈ ગયા. તેથી મિત્રોએ કહ્યું, 'અમે કહ્યું હતું, આપે ન સાંભળ્યું.' પાછા જિસસ મુસ્કુરાયા. કારણ કે તેને ખબર છે કે જે થવાનું છે, તે થઈ રહ્યું છે. તમારે કહેવું પણ જરૂરી હતું, મારે સાંભળવું પણ જરૂરી હતું; અને આ પકડાઈ જવું પણ જરૂરી હતું.

પછી એ મિત્રોમાંથી એક મિત્રે કહ્યું કે 'પ્રાણ જાય કે બચે, હું તો આપની સાથે રહીશ.'જિસસે કહ્યું, 'તને ખબર નથી; હજુ તો અડધી રાત્રિ છે, સૂરજ ઊગતાં સુધીમાં તું ત્રણ વખત મારો અસ્વીકાર કરી ચૂક્યો હોઈશ.' તેણે કહ્યું, 'આપ કેવી વાત કરો છો! હું આપના માટે મારો જીવ લગાવી દઈશ. શું હું આપનો અસ્વીકાર કરી દઈશ? '

જિસસ મુસ્કુરાયા. કારણ કે એ બિચારાને ખબર ન હતી કે એ સવાર સુધીમાં શું કરી શકે છે. પરંતુ જિસસને દેખાઈ રહ્યું છે કે એ શું કરશે!

પછી જિસસને પકડીને દુશ્મનો ચાલ્યા ગયા. બાકીના શિષ્યો તો ભાગી ગયા; તે એક શિષ્ય પાછળ રહી ગયો, જેણે કહ્યું હતું, 'હું મારા અંતિમશ્વાસ સુધી આપની સાથે રહીશ.' દુશ્મને જોયું કે કોઈ એક અજાણ્યો માણસ સાથે છે. કોણ છે એ? તેઓએ પોતાની મશાલો તેના ચહેરા તરફ કરી. તેને પકડી લીધો અને તેને પૂછ્યું, તું કોણ છો? 'તું જિસસનો સાથી તો નથી ને?' તેણે કહ્યું, 'કોણ જિસસ! હું તો ઓળખતો પણ નથી. '

થોડી વાર પછી તે રસ્તા ઉપર આવ્યા. સૈનિકો આવ્યા અને તેઓએ કહ્યું, 'આ માણસ કોણ છે? જે વચ્ચે ચાલી રહ્યો છે? અજાણ્યો માણસ લાગે છે.' પાછો સૈનિકોએ તેને પકડ્યો. તેણે કહ્યું, 'મને શા માટે પકડો છો? હું તો પરદેશી છું. '

સૈનિકોઃ 'તું જિસસની સાથે છો?' તેણે કહ્યું, 'કોણ જિસસ! હું તો તેમને ઓળખતો પણ નથી.'જિસસ પાછા મુસ્કુરાયા અને તેમણે જોરથી કહ્યું, 'જો! હજું સવાર થઈ નથી. આવી રીતે તેણે એક જ રાતમાં ત્રણ વખત જિસસનો અસ્વીકાર કર્યો.

જિસસને ખબર છે, શું થવાનું છે, શું થશે. તેથી જે લોકો જિસસને બહુજ ગહતનતાથી જાણે છે, તે જિસસના મૃત્યુને ક્રાઈસ્ટ ડ્રામા કહે છે. તેઓ કહે છે, તેને વધારે ગંભીરતાથી લેવાની જરૂર નથી; જિસસને માટે તે નાટકથી વધારે નહોતું. કારણ કે જ્યારે પહેલેથી જ ખબર હોય, તો મામલો નાટક થઈ જાય છે.

શ્રીકૃષ્ણને માટે પણ યુદ્ધ નાટકથી વધારે નહોતું. તેથી કેટલાક લોકોને મહાભારતનાં યુદ્ધમાં મુશ્કેલી થાય છે કે આ યુદ્ધમાં શ્રીકૃષ્ણ અર્જુનને આટલી પ્રેરણા આપી રહ્યાં છે! અર્જુનને રોકતાં નથી!

જિસસના ઉપરોક્ત ઉદાહરણને વાંચ્યાં પછી કંપારી છૂટી જાય છે કે સત્ય હંમેશા એકલું પડી જાય છે, ચાહક વર્ગ પણ સત્યને પક્ષે રહી શક્તો નથી. પ્રત્યેક સત્યના પૂજારીની આ સ્થિતિ હોય છે. યાદવો પણ અંતે શ્રીકૃષ્ણને ક્યાં સ્વીકારી શક્યાં હતા! મહાત્મા ગાંધી પણ અંતે તો એકલા જ પડી ગયા હતા ને! ગાંધીજીને પણ કહેવું પડ્યું હતું, મને સાંભળે છે કોણ? હંમેશા સત્યની આ સ્થિતિ હોય છે. સમાજમાં કે પરિવારમાં પણ સત્યનિષ્ઠ માણસ એકલો પડી જતો હોય છે. સામાન્ય માણસની એ ઊંચાઈ હોતી નથી કે શ્રીકૃષ્ણ અને જિસસ જેટલી ઊંચાઈ ધરાવતા હોય. તેથી આવા માણસોએ સતત વેદનાની વેદીમાં સળગવું પડતું હોય છે. અને સળગવું એ જ શુદ્ધિની પ્રક્રિયા છે.

શ્રીકૃષ્ણ કહે છે, હું બધું જ જાણું છું, બધાંને જાણું છું, પરંતુ મને કોઈ જાણતાં નથી.

ગાંધીનો ધબકાર

## મારા દાદાએ શીખવેલા પ્રેમ અને શાંતિના પાઠ

(૧૪ એપ્રિલ, ૧૯૩૪ના રોજ ડરબનમાં મણિલાલ ગાંધી અને સુશીલા મશરૂવાલાને ત્યાં જન્મેલા અરુણ મહાત્મા ગાંધીના પૌત્ર હતા. લાંબી માંદગી બાદ ૮૯ વર્ષની વયે ૨-૫-૨૦૨૩ના દિવસે તેમનું અવસાન થયું. અરુણ ગાંધી ત્રીસ વર્ષથી વધુ સમય સુધી 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં પત્રકાર રહ્યા,'ધ વોશિંગ્ટન પોસ્ટ' માટે પણ લખ્યું અને વર્લ્ડવાઈડ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટના પ્રમુખ તરીકે સેવા આપી હતી. અગ્રણી વિચારકો તેમજ યુનિવર્સિટી અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સાથે શાંતિ અને અહિંસાની પ્રેક્ટિસ વિશે વાત કરવા તેઓ વિશ્વભરમાં ફર્યા.)

અમે દાદાને મળવા જતા હતા. મારા માટે, તેઓ વિશ્વપ્રસિદ્ધ મહાત્મા ગાંધી નહોતા, ફક્ત 'બાપુજી' હતા. દક્ષિણ આફ્રિકાથી ભારતની લાંબી મુસાફરી પછી સિગરેટ, પરસેવા અને એન્જિનના ધુમાડાથી ભરેલા ટ્રેનના થર્ડ ક્લાસના ડબ્બામાં સોળ કલાકની સફર કરી અમે વર્ધા પહોંચ્યા.

સવારના નવ વાગ્યા હતા, પણ તાપ સખત હતો. નાના એવા પ્લેટફૉર્મ પર એક કુલી હતો. અમારો સામાન ઉપાડી એ અમને ઘોડાગાડી સુધી લઈ ગયો. પપ્પાએ મારી છ વર્ષની બહેન ઈલાને ઊંચકીને બગીમાં બેસાડી અને મને તેની બાજુમાં બેસવાનું કહ્યું. તેઓ અને મમ્મી પાછળ ચાલતા હતા.

'હું પણ ચાલીશ.' મેં કહ્યું.હું બાર વર્ષનો હતો અને મજબૂત દેખાવા માંગતો હતો.

સૂર્ય વધુ તપતો ગયો. સ્ટેશનથી લગભગ એક માઈલ સુધીનો રસ્તો કાપતાં હું પરસેવાથી લથપથ અને ધૂળધૂળ થઈ ગયો. ઘરમાં નિયમ એવો હતો કે જે બોલીએ તે પાળવું એટલે બગીમાં બેસવાનો સવાલ ન હતો.

અંતે અમે બાપુજીના 'સેવાગ્રામ' આશ્રમે પહોંચ્યાં. મને હતું કે બાપુજીના આશ્રમમાં ફૂલો અને ઝરણાં હશે, અમારું ભવ્ય સ્વાગત થશે, બાપુજી હસમુખા સેવાભાવીઓથી ઘેરાયેલા હશે. તેના બદલે અહીં તો ધૂળની ઊડતી ડમરી વચ્ચે થોડી માટીની કુટિરો હતી.

અમારા પર કોઈએ ધ્યાન પણ ન આપ્યું. એક સાદી કુટિરમાં જઈ અમે સ્નાન કર્યું અને બાપુજીને મળવા ગયાં. બીજી એક સાદી કુટિરમાં જમીન પર પાતળી ગોદડી પાથરી બાપુજી બેઠા હતા. એમણે સુંદર, બોખું સ્મિત કરી અમને નજીક બોલાવ્યાં. હું અને મારી બહેન તેમનાં ચરણસ્પર્શ માટે નમ્યાં. તેમણે અમને પાસે ખેંચી સ્નેહભર્યા આલિંગનમાં લીધાં અને અમારા ગાલ ચૂમી લીધા.

'મુસાફરી કેવી રહી?' બાપુજીએ પૂછ્યું.

'બાપુજી, હું સ્ટેશનથી આખો રસ્તે ચાલતો આવ્યો.' મેં કહ્યું. તેઓ હસી પડ્યા. મેં તેમની આંખમાં અનેરી ચમક જોઈ.'એમ કે? મને તારા પર ખૂબ ગર્વ છે.' તેમણે કહ્યું અને મારા ગાલ પર વધુ એક ચુંબન કર્યું. હું તરત જ તેમના સરળ-સહજ પ્રેમ-આશિષને અનુભવી શક્યો.

મારાં માતા-પિતા અને ઈલા થોડા દિવસમાં પાછા ગયાં. મારે બાપુજી સાથે બે વર્ષ રહેવાનું હતું. બાર વર્ષના ભોળા બાળકમાંથી ચૌદ વર્ષનો બુદ્ધિમાન તરુણ બનવાનાં એ વર્ષોમાં બાપુજીના સાન્નિધ્યે મારા જીવનની દિશા બદલી નાખી. વર્તમાનમાં આપણને બધાને બાપુજીના પાઠની પહેલા કરતાં વધુ જરૂર છે.

પહેલો પાઠ હતો આખી માનવજાત એક કુટુંબ છે. આપણે જે જોખમોનો સામનો કરી રહ્યા છીએ તેમાંથી નીકળવા માટે આપણે એકબીજા સાથે લડવાનું બંધ કરવું પડશે. ગોળીબાર અને બોમ્બ ધડાકા અમેરિકામાં રોજિંદાં બની ગયાં છે. અમે પોલીસકર્મીઓ અને શાંતિપૂર્ણ દેખાવકારોને ઠંડા કલેજે મરતાં જોયા છે. શાળાઓમાં અને શેરીઓમાં બાળકોની હત્યા થાય છે અને સોશિયલ મીડિયા નફરત અને પૂર્વગ્રહનો મંચ બની ગયું છે. રાજકારણીઓ પોતાના સ્વાર્થ માટે લોકોને ઉશ્કેરે છે.

બીજો પાઠ તે અહિંસા. મારા દાદા માટે અહિંસાનો અર્થ નિષ્ક્રિયતા કે નબળાઈ એવો ન હતો. તેઓ અહિંસાને પોતાને નૈતિક રીતે મજબૂત બનાવવા અને સમાજમાં સંવાદિતા લાવવાના ધ્યેય તરફ આગળ વધવા માટે વધુ સક્ષમ બનાવવાના માર્ગ તરીકે જોતા. હું જોઉં છું કે આપણે મારા દાદાના સત્યાગ્રહ અથવા આત્મબળમાં પાછા ફરવાની જરૂર છે. તેમણે આઝાદીની લડત દ્વારા કરોડો ભારતીયોને સ્વ-શાસન અપાવ્યું. પરંતુ એથી ય અગત્યનું, બાપુજીએ એ બતાવ્યું કે આપણે પ્રેમ અને સત્ય દ્વારા આપણાં લક્ષ્યોને પ્રાપ્ત કરી શકીએ છીએ અને જ્યારે વિશ્વાસપૂર્વક હકારાત્મકતા અને હિંમતમાં શક્તિ શોધીએ છીએ ત્યારે સૌથી મોટી પ્રગતિ થાય છે.

ત્રીજો પાઠ એકતાનો હતો. મારા દાદા લેબલો અથવા વિભાજનમાં માનતા ન હતા. આશ્રમની પ્રાર્થનાઓ બધા ધર્મોમાંથી લેવામાં આવી હતી. બાપુજી માનતા કે દરેક ધર્મમાં થોડું સત્ય છે. મુશ્કેલી ત્યારે થાય છે જ્યારે આપણે વિચારીએ છીએ કે એ થોડું તે જ બધું છે, એકમાત્ર સત્ય છે.

એ વ્યક્તિ જે ન્યાય, પ્રેમ અને શાંતિ ફેલાવવા માંગતી હતી તેણે અનેકવાર જેલ ભોગવી. છેલ્લા જેલવાસમાં તેમણે શ્રેષ્ઠ સાથી મહાદેવ દેસાઈ અને ધર્મપત્ની કસ્તૂરબાને ગુમાવ્યાં. બાના મૃત્યુના ત્રણ મહિના પછી, એકલા પડી ગયેલા બાપુજી જેલમાંથી બહાર આવ્યા. પછીના વર્ષે તેમણે મને તેમની છત્રછાયામાં લીધો.

સ્વતંત્ર ભારતનું તેમનું ધ્યેય સાકાર થયું, પરંતુ તેની સાથે જે હિંસા અને ભાગલા આવ્યાં તે તેમના સપનાનો ભાગ ન હતાં. તેઓ વિશ્વના મંચ પર ફેરફારો કરી રહ્યા હતા અને હું મારી પોતાની, ઘણી વાર અણઘડ લાગણીઓ પર કાબૂ મેળવીને નવી આંખો દ્વારા વિશ્વને જોતો હતો, મારી જાતમાં ફેરફારો કરતો હતો.એમણે કહ્યું, 'તમે વિશ્વમાં જે પરિવર્તન જોવા માંગો છો તે પરિવર્તન પોતાનામાં લાવો.'

આજે અમેરિકામાં ૧૫ મિલિયનથી વધુ બાળકો અને વિશ્વભરના લાખો લોકો પાસે એક ટંક ખાવા અન્ન નથી. શ્રીમંતો વિપુલતાના નશામાં જીવે છે. મારા દાદાને આ જ ક્ષણનો ડર હતો. તેમની હત્યાના એક અઠવાડિયા પહેલાં એક પત્રકારે પૂછ્યું હતું,'તમારા પછી તમારી ફિલસૂફીનું શું થશે?' તેમણે ખૂબ જ ઉદાસી સાથે જવાબ આપ્યો હતો, 'લોકો જીવનમાં મને અનુસરશે, મૃત્યુમાં મારી પૂજા કરશે, પરંતુ મારા ધ્યેયને તેમનું ધ્યેય બનાવશે નહીં.'

આપણે ફરી એકવાર શાંતિ અને પ્રેમના સામ્રાજ્યનું એમનું ધ્યેય યાદ કરવાની જરૂર છે.

**('ધ ગિફ્ટ ઑફ એંગર એન્ડ અધર લેસન્સ ફ્રોમ માય ગ્રાન્ડફાધર મહાત્મા ગાંધી'પુસ્તકની પ્રસ્તાવનાનો અંશ)**

**લે. અરુણ ગાંધી, અનુવાદ : હિદાયત પરમાર**

ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી
સંપર્ક: ૯૯૭૯૧ ૮૭૫૮૭, ૯૮૩૩૭૦૮૪૯૪, ૮૩૬૯૭૭૭૦૮૬
email: appliedgandhi150@gmail.com

## ૧૨. સંસ્થા સમાચાર (મે, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૧ના રોજ લોકભારતી વ્યવસ્થાપક મંડળની એક બેઠક યોજાઈ ગઈ.
- પૂ. મોરારીબાપુની નિશ્રામાં અને શ્રી મધુકરભાઈ પારેખના અધ્યક્ષસ્થાને તા. ૦૨ના રોજ શિશુવિહાર, ભાવનગર ખાતે યોજાયેલ 'દર્શક' ફાઉન્ડેશનના એવોર્ડ-અર્પણ કાર્યક્રમમાં લોકભારતી, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર અને માઈધાર સંસ્થાના કાર્યકરોએ મોટી સંખ્યામાં ભાગીદારી કરી, પરિવાર-મિલનનો લ્હાવો લીધો.
- લોકભારતી કૃષિ વિભાગ, બાગાયત વિભાગ અને સંશોધન વિભાગ એમ ત્રણે વિભાગોને હવે કૃષિ વિજ્ઞાની ડૉ. સી.પી.સીંગના નેતૃત્ત્વ નીચે તા. ૦૧-૦૪-૨૦૨૩થી એક કરી દેવામાં આવેલ છે. આ સંદર્ભે તા. ૯ અને ૧૦ એમ બે દિવસ દરમિયાન જરૂરી વહિવટી બેઠકો સંબંધિતો સાથે યોજવામાં આવી.
- તા. ૪ અને ૫ના રોજ શ્રી જગદીશભાઈ કંટારિયા અને શ્રી વિનિતભાઈ સવાણી કુલ ૧૨૦ એગ્રો ઈનપુટ ડિલર્સ ભાઈઓને સાથે લઈને તાલિમ અંતર્ગત પ્રેરણા પ્રવાસ માટે રાજકોટ અને ગોંડલ જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૯ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૪ના શુભેચ્છા કાર્યક્રમમાં શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીએ તાલીમાર્થીઓને શુભેચ્છા પ્રવચન તેમજ પ્રમાણપત્ર અને પુસ્તકોનું વિતરણ કરેલ.
- કૃષિવિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ દ્વારા તા. ૧૫ અને ૧૬ના રોજ બોરીયાળી, આણંદ ખાતે યોજાયેલ વાર્ષિક ઝોનલ વર્કશોપ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વર્ષ ૨૦૨૩નો એકશ પ્લાન રજૂ કરાયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૮ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ –૨૪૫ના વર્ગ પ્રારંભે શ્રી રામચંદ્રભાઈ પંચોલીએ પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મૂક્યો.
- તા. ૨૦ના રોજ ભાવનગરથી પ્રભાશંકર પટ્ટણી પરિવારમાંથી શ્રી અવનિબહેન પટ્ટણી સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- જાણીતા હાસ્ય કલાકાર શ્રી સાંઈરામ દવે સ્થાપિત રાજકોટ ખાતેની નચિકેતા શિક્ષણ સંકુલના સવાસો જેટલા શિક્ષક ભાઈઓ-બહેનો લોકભારતીના ભાવાવરણમાં તા. ૨૩થી ૨૬ દરમિયાન એક યાદગાર શિક્ષણ પર્વ ઊજવી ગયા. શિક્ષણ ક્ષેત્રના જાણીતા તજજ્ઞોએ આ શિક્ષણ પર્વને વધારે ફળદાયી બનાવ્યું. યજમાન સંસ્થા લોકભારતીએ પણ આ પર્વને સક્રિયતાથી માણ્યું.
- તા. ૨૪થી ૨૬ ત્રિ-દિવસીય પ્રાકૃતિક કૃષિની તાલીમ માટે કૃષિવિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ, શ્રી વિક્રમભાઈ દેસાઈ, શ્રી પ્રદીપભાઈ ક્યાડા, શ્રી જગદીશભાઈ કંટારિયા, શ્રી વિનિતભાઈ સવાણી, શ્રી પરેશભાઈ રાઠોડ, શ્રી

સરોજબહેન ચૌધરી અને શ્રી શીલાબહેન બોરીચા પ્રાકૃતિક પ્રશિક્ષણ કેન્દ્ર, કુરુક્ષેત્ર, હરીયાણા ખાતે જઈ આવ્યા.

- ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને વેગ મળે તે હેતુથી માસ્ટર્સ ટ્રેનર્સને તાલીમ મળે તે માટે ગુજરાત રાજ્યના પાંચ કૃષિવિજ્ઞાન કેન્દ્રોની પસંદગી સમેતી, આત્મા પ્રોજેક્ટ દ્વારા કરવામાં આવી. જેમાં લોકભારતી સંસ્થાના કૃષિવિજ્ઞાન કેન્દ્રની પસંદગી થઈ. આ માસ્ટર્સ ટ્રેનર્સને તાલીમ આપવાની રૂપરેખા નક્કી કરવા માટે ગાંધીનગર ખાતે યોજાયેલ મિટિંગમાં કૃષિવિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ જઈ આવ્યા.
- તા. ૨૭ના રોજ 'એજ્યુકેશન વર્લ્ડ' નામના સામાયિક દ્વારા અપાયેલ સન્માન સ્વિકારવા લોકભારતી યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી વિશાલભાઈ ભાદાણી દિલ્હી જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૭ના રોજ તાલીમાર્થીઓ અને શ્રી જીવનભાઈ જોગરાણા શૈક્ષણિક પ્રવાસે જઈ આવ્યા.
- તા. ૨૮ના રોજ લોકભારતી સ્થાપના દિન નિમિત્તે સાંય પ્રાર્થનામાં પ્રાસંગિક વાતો કરવામાં આવી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૩૦ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૫ના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ શુભેચ્છા પ્રવચન આપી પ્રમાણપત્ર અને પુસ્તકોનું વિતરણ કરેલ.
- તા. ૨૯મીના પાંચેક કલાકના વરસાદી વાવાઝોડાએ ભારે ભય પ્રસરાવેલો પણ સામાન્ય નુકસાન સાથે ડેમ અને ખેત તલાવડું ભરાતા નુકસાન ખમી શકાયું!
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ નિમિત્તે સ્વૈચ્છિક સંસ્થા 'આનંદી' તથા સ્થાનિક સ્વરાજ મહિલા મંચ શિહોર ના સંયુક્ત ઉપક્રમે ગ્રામ પંચાયત મહિલા સરપંચો,સભ્યો તથા આગેવાનોની એક દિવસીય તાલીમનું આયોજન થયેલ જેમાં સ્વૈચ્છિક સંસ્થા ઉત્થાનના મહિલા સંગઠનના પ્રતિનિધિઓ પણ સહભાગી થયા હતા. આ કાર્યક્રમના ઉપક્રમે શ્રી ગિરીશભાઈ દવે પંચાયતીરાજ અંગે વ્યાખ્યાન આપ્યું.
- લોકભારતી આંબલા, મણાર અને માઈધાર ખાતે ચાલી રહેલ મોજીલા શિક્ષણ અભિયાન અંતર્ગત વેકેશન દરમિયાન ગ્રિષ્મ શિબિરોનું ખૂબ સફળતાપૂર્વક આયોજન સંપન્ન કરવામાં આવ્યું.
- શ્રી અરુણભાઈ દવેએ તા. ૨જીએ 'દર્શક' એવોર્ડ કાર્યક્રમમાં હાજરી આપી. ત્યાં જ શિશુવિહાર ભાવનગર ખાતે ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટની બેઠક સૌ ટ્રસ્ટીઓ સાથે સુપેરે સંપન્ન કરી. તા. ૧૪મીએ 'લોકમિત્રા'ની ટ્રસ્ટીમંડળની બેઠકમાં ઢેઢુકી જઈને આંબલા-માઈધારના કામો સંદર્ભે મુલાકાતો લીધા કરી. તા. ૨૩-૨૪-૨૫ એમ ત્રણ દિવસ સાંઈરામના નેતૃત્વમાં યોજાયેલ શિક્ષણકક્ષાનું ઉજવણું માણીને ધન્યતા અનુભવી.

**આંબલા સમાચાર**

- તા.૨૪ અને ૨૫ના રોજ બગસરા મુકામે શ્રી દેવચંદભાઈ સાવલિયાના સહયોગથી આયોજિત ગ્રીષ્મ શિબિરમાં મોજીલા પ્રોજેક્ટના કાર્યકરો ભાગ લઈ આવ્યા.
- લોકદક્ષિણામૂર્તિ,આંબલાની નવી મંજૂર થયેલ સ્વનિર્ભર પ્રાથમિક શાળાના પ્રચાર – પ્રસાર માટે

કાર્યકરો આજુ– બાજુના ગામોમાં જઈ આવ્યા.

- તા.૧૭ના રોજ શ્રી અરુણભાઇ દવે પ્રાથમિક શાળાના કેમ્પસની મુલાકાતે આવ્યા અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

**મણાર સમાચાર**

- અહીંના પૂર્વ કાર્યકર શ્રી ચિત્તરંજનભાઈ વોરા તથા તેમની બન્ને દીકરીઓ તા.૧૭ના રોજ શ્રી પ્રવીણભાઈ મહેતાની તબિયતના સમાચાર પૂછવા સંસ્થા મુલાકાતે આવી ગયા.
- વરસાદી પાણીના સંગ્રહ માટે ૧,૧૫,૦૦૦ ( એક લાખ પંદર હજાર) લિટરની ક્ષમતાના ભૂગર્ભ ટાંકાનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું. આ ખર્ચ માટેની ગ્રાન્ટ માન.મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા તરફથી મંજૂર કરવામાં આવેલ છે.
- આ વર્ષનું આપણું એસ.એસ.સી. નું પરિણામ ૯૩.૦૨ % તથા એચ.એસ.સી. નું પરિણામ ૧૦૦ % આવ્યું.
- વિદ્યાલયના મકાનનું રીનોવેશન તથા નવા બાંધકામનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું. ખુલતા સત્રથી શૈક્ષણિકકાર્ય હવે આ નવા મકાનમાં શરૂ થશે.

**માઈધાર સમાચાર**

- તા. ૭થી ૨૨ આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રના કાર્યકરો કુપ્પુમ અગત્સ્ય ઈન્ટરનેશનલ –બેંગલોર ખાતે તાલીમ લેવા માટે જઈ આવ્યા.
- તા.૧૭ ના રોજ શ્રી દિલીપભાઈ (નારગોલ) સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૨૨ ના રોજ માઈધાર કેન્દ્રના તમામ વિભાગના કાર્યકરો સાથે આગામી વાર્ષિક કાર્યક્રમો અંગે મિટિંગ યોજાઈ. જેમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી કલ્યાણભાઈ ડાંગર અને શ્રી ભાવનાબહેન પાઠક જોડાયા.
- તા. ૩૦ ના રોજ શ્રી કુણાલભાઈ ગાલા પરિવાર સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૩૦ ના રોજ શ્રી અરુણભાઈ દવે માઈધાર કેન્દ્રના હિસાબો અંગે આવી ગયા.
- તા. ૩૧ ના રોજ શ્રી મહેશભાઈ પઢારિયા પરિવાર સાથે મુલાકાતે આવી ગયા.
- વર્ષ ૨૦૨૩ માં બોર્ડનું પરિણામ :- ધોરણ ૧૦ નું પરિણામ ૯૮.૫૯% અને ધોરણ ૧૨નું ૯૬.૫૫% પરિણામ આવ્યું છે.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના પ્રવાસી કાર્યકર, શુભેચ્છક અને પત્રકાર એવા શ્રી મુકેશભાઈ પંડિતના માતુશ્રી રમાબહેન ચંદુલાલ પંડિતનું તા. ૦૧-૦૬-૨૦૨૩ને ગુરુવારના રોજ ૮૧ વર્ષની વયે ઈશ્વરિયા મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

  શ્રી મુકેશભાઈ પંડિત,

  મો. ૯૩૭૭૧૧૧૧૭૪

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## લોકભારતીના પ્રાકૃતિક ભાવાવરણમાં યોજાયું નચિકેતા સ્કૂલિંગ સિસ્ટમનું ત્રિ-દિવસીય શિક્ષણકળાનું ઊજવણું




















TO.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-